



કુમાર

૩૧૪

આવતી કાલના નાગરિકો માટેનું માસિક
સંસ્થાપક · રવિશંકર રાવળ · તંત્રી બચુભાઈ
રાવત · વર્ષ સત્તાવીશમું અંક બીજો · ફેબ્રુઆરી
ઓગણીસસો પચાસ · સળંગ અંક ૩૧૪મો

મથાળે: મસકવાજું વગાડનારો (ફોટો કલાકાર: એચ. જે. શ્મિટ · ન્યૂ ઝીલૅન્ડ) આ મહીને અમદાવાદમાં ભરાએલા આંતરરાષ્ટ્રીય ફોટોકલા પ્રદર્શનમાં (વિગત અંદરની આર્ટપ્લેટ પર જુઓ) રજૂ થએલી આ કલાકૃતિમાં છાયાપ્રકાશ-ના ભભકાદાર વહેંચણી સાથે વગાડનારના મોંની માંસપેશીઓને ઉઠાવ આપતી પ્રકાશયોજનાનો કસબ દાખવેલો છે.









ગઈ ૨૬મી જાન્યુઆરીએ પ્રજાસત્તાક ભારતની જાહેરાત થયાના મંગળ પ્રસંગે રાજકોટમાં સૌરાષ્ટ્રના નૂતન કલા-પ્રસ્થાનના પ્રારંભ રૂપ એક 'સૌરાષ્ટ્ર કલાપ્રદર્શન' ભરાએલું, જેની નોંધ આ અંકમાં અન્યત્ર આપી છે. એ પ્રદર્શનમાં રજૂ થએલાં ચિત્રો પૈકીનાં થોડાં: મથાળે: (૧) રામ અને સુવર્ણમૃગ–કલાકાર: કુમારશ્રી મંગળસિંહજી; (૨) એ જ કલાકારનું બીજું ચિત્ર: રામ જન્મ; નીચે: (૧) નવવધૂ-કલાકાર: દિવ્યકાન્ત (૨) વિદાય-કલાકાર: પ્રમીલાબહેન શાહ. (બીજાં ચિત્રો માટે જુઓ પાછલા પૂઠાંમાં)

કુમાર

ફેબ્રુઆરી ૧૯૫૦

અંક ૩૧૪

ચિત્રો

કાવ્યો

ચરિત્ર


વાર્તા

લેખો

વિભાગો

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન. કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ.
વાર્ષિક લવાજમ રૂ. ૭ાા; પરદેશમાં રૂ. ૯ા અથવા ૧૫ શિલિંગ. છુટક નકલના બાર આના

જાહેરખબરના સોલ એજન્ટ: મેસર્સ સાયન્ટિફિક પબ્લિસિટી કંપની
ફર્નાન્ડિઝ બ્રિજ, ગાંધી રોડ, અમદાવાદ.




આ અંકમાં અન્યત્ર આપેલી 'સૌરાષ્ટ્રમાં કલા-પ્રસ્થાન' નામે નોંધમાં જણાવેલા 'સૌરાષ્ટ્ર કલાપ્રદર્શન'માં રજૂ થએલાં શ્રી સત્યેન્દ્રનાથ બીસીનાં થોડાં વૂડકટ તથા લીનોકટ.
ડાબી બાજુનું મોટું ચિત્ર : 'રસ્તા પરની બારી'; જમણી બાજુ : પનિહારીઓ. (નાનાં ચિત્રોમાં એ બધાંનો સમગ્ર ખ્યાલ અપાયો છે.)



નદીકિનારે
ફોટોકલાકાર
ઍન્ટોનિયો રોઝા કાસાકો
(પોર્ટુગલ)

અમદાવાદના જાણીતા 'નિહારિકા' (ફોટોકલા) મંડળના ઉપક્રમથી, ગઈ તા. ૫મી ફેબ્રુઆરીએ અમદાવાદના ઇતિહાસમાં પહેલી વાર, મોટું આંતરરાષ્ટ્રીય ફોટોકલા-પ્રદર્શન ભરવામાં આવેલું. હિંદ સરકારના માહિતી અને બ્રોડકાસ્ટિંગ ખાતાના પ્રધાન માનનીય શ્રી દિવાકરના હસ્તે ખુલ્લા મુકાએલા એ પ્રદર્શનમાં, દુનિયાના ૨૭ વિવિધ દેશોના સિદ્ધહસ્ત અને નામી કૅમેરાબાજોનાં ૧૮૯ ચુનંદાં ચિત્રોની રસભર કલાસમૃદ્ધિ સંચિત થઇ હતી. તેમાં અનેકવિધ અભિનવ દૃષ્ટિકોણો, અવનવી ફોટો-ટેકનિક અને પ્રચૂર વિષયવૈવિધ્યનો ત્રિવેણી-સંગમ હતો. વર્ણનથી, કે અહીં છાપી છે એવી પ્રતિકૃતિથી પણ એનો સાચો આસ્વાદ કરાવી શકાય તેમ નથી. પોર્ટુગલના એક કૅમેરાબાજે પાડેલા ઉપરના ચિત્રમાંનું નદીકિનારા પરના દૃશ્યનું મુલાયમ વાતાવરણ કૅમેરામાં ઉતારવું એ ભલભલાની કસોટી કરાવે એવું કામ છે. મૂળ ચિત્રમાં કલાકારે જે કસબપૂર્વક એ સાધ્યું છે તેનો અંશતઃ ખ્યાલ જ આ ચિત્ર આપી શકે છે. અને એ તો, એકએકથી ચડિયાતાં એવાં ૧૮૯ કલારત્નોનું એકાકી પ્રતિનિધિ માત્ર છે. એ પરથી એ પ્રદર્શનની સમૃદ્ધિનો ખ્યાલ કરી શકાશે. ['નિહારિકા'ના સૌજન્યથી



ઘર ભણી

ચિત્રકાર · માધવસિંહજી ઠક્તૂરી

સૂર એક

· મિશ્ર ·

વાગ્યા કરે છે તુજ સૂર એક,
કર્ણોમહીં આ મુજ બાલ્યકાલથી;
એ દેશ કેરી તુજ વાત ભવ્ય,
શ્રવંત મારું ઉર થાય ઉન્મન!

પ્હેરેલ વસ્ત્રે તજવા ધરા આ,
પલે પલે તું કરતો ઈશારા;
રેલંત કૈં મોહિની વાંસળીથી,
ખેંચે મને હીરની દોરીથી શું!

ખેંચે મને સાદ અમોઘ તારો,
સમુદ્ર કેરો જયમ ખારવાને;
આ ભૂમિનો ખંડ તજી વિરાટ,
અજ્ઞાત તારા દરિયે ઝુકાવવા!

હિસાબ સર્વે અરધા રહે હવે,
નફોતુટો સાવ થતો નગણ્ય;
આ સાદ તારો, અથવા શું મારા
લોહી તણો સાદ મને ઉઠાવતો!

રમે દગે સિંહલ, જંગબાર,
જાવા, સુમાત્રા, બસરાઇ મોતી;
પ્રચણ્ડ તોફાનની મસ્ત લીલા,
ને, રૂપ રૂડાં દરિયાઈ પીરનાં!

આ પાર ના ના: ઉસ પાર માત્ર!
એ સિંધુખોળો મુજ છે સિંહાસન;
શીળી ધરાગોદ હવે સહાય ના!
ટંકારતું યૌવનનું શરાસન!

પ્રજારામ

ઉદાસ

નહિ અશ્રુ નહિ હાસ,
મુજ ઉર એવું ઉદાસ!
નહિ વૈશાખી તપ્ત ગગનની વ્યાકુલવિહ્વલ લ્હાય,
નહિ આષાઢી શ્યામલ ઘનની જલસીતલ કો'છાંય;
નહિ તૃપ્તિ, નહિ પ્યાસ,
મુજ ઉર એવું ઉદાસ!
અરધ પોપચે પણ નહિ ખૂલ્યાં અંધતિમિરનાં નેણ,
અધર મૌનમાં હજુ નહિ ફૂલ્યાં મધુર તેજનાં વેણ;
એ સાંધ્યભૂમિમાં વાસ,
મુજ ઉર એવું ઉદાસ!

નિરંજન ભગત

અવળે મારગ

અવળે મારગ જાતા
રંગીલા કૈંક અવળે મારગ જાતા.
રંગેરંગમાં રંગ ભગવો રે ભભકે, ને અલખના ભૈરવ ગાતા;
આરો ન આવે ઓવારો ન આવે, એવા આભને આંબવા જાતા.
ગામની ગોઠડી કે શેરીની સોબતુંમાં મનડાના મેળ ના ખાતા;
સીમના સાથીડા એ તો, કાંટાળા કેડાને, રગતે રંગીને જાતા.
સાગરના સંગી, એકલરંગી, ઘેલા, એ મોજાંની મોજુંમાં માતા;
ડુંગર ન હારે લેતા, વા'ણુને ભેલે વે'તા, મોતને માપવાને જાતા.

વ્રજલાલ દવે

બીજ



તાકી તાકી
જોઈ છે રે મેં બીજને બાંકી.
થાકી પૂનમરાતે
થાકી જે સૌ તારલા ભાતે,
આંખ એવી એક અહીં ના થાકી.
એણે આભઝરૂખે
સુન્દરતા જે પ્રગટી મુખે
એથી ય તો કૈં ઉરમાં ઢાંકી!
આવી રૂપની પ્યાલી,
જોતાં જ જેને પ્રગટે લાલી,
પાય છે મને કોણ રે સાકી?
મારે ઉર જે કવિ,
એણે રે આ ક્ષણની છવિ
હળવે હાથે મનમાં આંકી!

નિરંજન ભગત

ઈંધણાં વીણવા

ઈંધણાં વીણવા ગૈતી મોરી સૈયર
ઈંધણાં વીણવા ગઈ'તી રે લોલ.
વેળા બપ્પોરની થૈતી મોરી સૈયર
વેળા બપ્પોરની થઈ'તી રે લોલ.

ચઈતરનું આભ સાવ સૂનું સૂનું ને તોય
કંઈથી કોકિલકંઠ બોલે રે લોલ,
વનની વનરાઈ બધી નવલી તે કૂંપળે
દખ્ખિણને વાયરે ડોલે રે લોલ.

વાતરક વ્હેણમાં ન્હૈતી મોરી સૈયર
વાતરક વ્હેણમાં નહી'તી રે લોલ,
ઈંધણાં વીણવા ગૈતી મોરી સૈયર
ઈંધણાં વીણવા ગઈ'તી રે લોલ.

સૂકી મેં વીણી કાંઈ ડાળી ને ડાંખળી
સૂકાં અડૈયાંને વીણ્યાં રે લોલ,
લીલી તે પાંદડીમાં મ્હેકંત ફૂલ બે'ક
મારે અંબોડલે ખીલ્યાં રે લોલ.

કોઈની તે વાટ જોઈ રૈતી મોરી સૈયર
કોઈની તે વાટ જોઈ રહી'તી રે લોલ,
ઈંધણાં વીણવા ગૈતી મોરી સૈયર
ઈંધણાં વીણવા ગઈ'તી રે લોલ.

રાજેન્દ્ર શાહ

હું મારા જીવનનો સર્વોચ્ચ મહિમા એમાં માનું છું કે મારી સમાધિના શિલાલેખ પર આ શબ્દો આંકવામાં આવે : ભારતની ઊગતી પ્રજા પ્રત્યે એને પ્રેમ હતો, વિશ્વાસ હતો. એની સાથે રહીને એણે કામ કર્યું. અને એ સહકારને પરિણામે જ હિંદને સ્વરાજ્ય પ્રાપ્ત થયું.'

હિંદની જુવાની પ્રત્યે આટલાં બધાં પ્રેમ અને વિશ્વાસ ધરાવનાર શ્રીમતી સરોજિની નાયડુના અવસાનને આવતી બીજી માર્ચે બરાબર એક વર્ષ થશે, છતાં એમના મંજુલ કંઠ અને મધુર વકતૃત્વના પડઘા અનેક યુવકહૃદયોમાં હજુ સુધી અથડાતા રહ્યા હશે. એમને એકવાર સાંભળવાં એ હમેશા માટે એમની સ્મૃતિ ચિત્તમાં જડી દેવા બરાબર હતું. તુર્ક લેખિકા હાલીદે-અદીબે તો વક્તા તરીકે શ્રીમતી નાયડુને હિંદનાં જ નહિ પણ જગત ભરના અગ્રગણ્ય વક્તાઓમાંનાં એક તરીકે ગણાવેલાં છે. પછી હિંદનો યુવકવર્ગ એમને સાંભળવા ઊમટે એમાં નવાઈ શી? એમને જેટલો જુવાનો પ્રત્યે પ્રેમ હતો એટલો જ જુવાનોને એમના પ્રત્યે પ્રેમ હતો. જૂની પેઢીના ભાગ્યે જ અન્ય કોઈ નેતાએ એમના જેટલો યુવકજનતાનો પ્રેમ સંપાદન કર્યો હશે. એમનું વકતૃત્વ એટલે કાવ્યમય બાનીનો અસ્ખલિત પ્રવાહ. એમનો સ્વર જેટલો મધુર એટલો જ બુલંદ હતો, ને મોટીમોટી મેદનીઓ સમક્ષ ધ્વનિવર્ધક યંત્રની મદદ વિના તે બોલી શકતાં.



પરંતુ એકલા વકતૃત્વ ઉપરાંત એમની યુવકજનપ્રિયતાનું એક બીજું પણ કારણ હતું, અને તે એમની ઉદારદિલી. 'સાચો કે ખોટો, પણ મારો દેશ' એવો સંકુચિત રાષ્ટ્રવાદ એમનો નહોતો. એમના રાષ્ટ્રવાદ અને આંતરરાષ્ટ્રવાદ વચ્ચે કશી સીમાબંદી નહોતી. સર્વ કોમનાં, સર્વ વર્ગનાં, સર્વ દેશનાં સ્ત્રીપુરુષોને સમાન ભાવે એ ગણતાં ને પોતાનાં જ્ઞાન, વિનોદ, સમભાવ ને છટાને લીધે સૌને પોતીકાં લાગતાં.

આજથી ચાળીસેક વર્ષ પર વિદ્યાર્થીઓની એક સભાને સંબોધતાં એમણે પોતાનો આ દૃષ્ટિવિકાસ સમજાવ્યો હતો : 'આરંભમાં માણસની દૃષ્ટિ સંકુચિત હોય છે. પોતાની જ્ઞાતિ, પોતાનું શહેર, પોતાની કૉલેજ, પોતાનું કુટુંબ, પોતાની જાત, એવી ગણતરી ગણતો માણસ સાવ સંકુચિત દૃષ્ટિનો બને છે. હું પણ એવી જ હતી. જુદી ન્યાત, જુદી જાત જુદા ધર્મ ને જુદી સંસ્કૃતિના પરિચયમાં આવ્યા બાદ મારી દૃષ્ટિ નિર્મળ થઈ, મારા પ્રેમ ને સમભાવનું ક્ષેત્ર વિસ્તર્યું. આવી ભાવના જો તમે નહિ કેળવી શકો તો રાષ્ટ્રીય નહિ બની શકો.'

જુવાનોને એમણે માત્ર આવેશ જ નહોતો પ્રેર્યો. જીવનનાં સાચાં મૂલ્યો એમણે તારવી આપ્યાં હતાં : 'જિંદગીમાં તમારું ક્ષેત્ર ચાહે તે હો, ભલે તમે દીન-અકિંચન હો, પણ એટલું યાદ રાખજો કે તમે આ દેશનું ને અંતે દેશના તંત્રનું એક અંગ છો. દેશનો આધાર 'મોટા માણસો' પર નહિ, પરંતુ સાધારણ માણસો પર છે જે પોતાનો દરેક દિવસ પવિત્રતા, સચ્ચાઈ અને સાહસપૂર્વક જીવે છે.'

દેશના કોઈ પણ સમર્થમાં સમર્થ પુરુષ નેતા જેટલો જ રાષ્ટ્રની સેવામાં સરોજિનીદેવીનો હિસ્સો છે. ગાંધીજીએ પોતાના ગુરુ તરીકે જેમને સ્વીકારેલા એ મહર્ષિ ગોખલે દ્વારા રાજકારણમાં પ્રેરિત થયા બાદ તે ગાંધીજીની અસર નીચે આવ્યાં અને ત્યારથી દેશની પ્રત્યેક કટોકટી વખતે મોરચા પરની પહેલી હરોળમાં એ રહેતાં આવેલાં. ત્યારથી સતત ૩૫ વર્ષ સુધી તેમની તમામ શક્તિ તેમણે રાષ્ટ્રોદ્ધારમાં જ કામે લગાડી દીધેલી. ગાંધીજીની જેલયાત્રાઓમાં તેમના સાન્નિધ્યમાં રહેવાનું સદ્ભાગ્ય એમને મળેલું. ગાંધીજીને એથી એમનાં વિનોદ, શુશ્રૂષા ને સંત્રીપણાંનો જેમ લાભ મળેલો તેમ તેમને ગાંધીજી પાસેથી મનોનિગ્રહનું અમૂલું શિક્ષણ મળેલું.

એમની ખ્યાતિ કવયિત્રી તરીકે બહુ વહેલી થવા પામેલી—ટાગોરથી યે પહેલાં. અંગ્રેજી ભાષા પ્રત્યેની મુગ્ધતાના એ જમાનામાં એક હિંદી સ્ત્રીનાં સુંદર અંગ્રેજી કાવ્યો પ્રત્યે એક પ્રકારનો અહોભાવ રહે તેમાં બહુ આશ્ચર્ય નહોતું, પરંતુ પોતાના કવનની મર્યાદા એ જાતે જ સમજી ગયાં ને પોતાની પ્રતિભાને એ મર્યાદાથી અનેકગણા મોકળા પ્રવાહમાં એમણે વહેવડાવી. એમ જો ન

ભારતની પ્રજાને પ્રેરણા, સંસ્કાર અને જીવનદૃષ્ટિ આપનાર અભિજાત કવયિત્રી અને દેશના

સરોજિની નાયડુ



થયું હોત તો દેશને એક જબરી ખોટ રહી હોત એમ સહેજે કહી શકાય. ટાગોરની કક્ષાએ પહોંચવું તો તેમને માટે અશક્ય જ હતું, પરંતુ ખુદ એમના જ ભાઈ હરીન્દ્ર ચટ્ટોપાધ્યાયના જેટલાં કલ્પનોદ્ભવન, પ્રસાદ કે નાવીન્ય પણ એમનાં કાવ્યોમાં નથી અને એ પોતે એ નહોતાં સમજતાં એમ પણ નહોતું. પોતાની કવિતાના એ જાતે જ એક તટસ્થ આલોચક હતાં. એકવાર એક ઊગતા કલાકારનાં ચિત્રોનું પ્રદર્શન જોતાં એ કહી ઊઠેલાં: 'It is funny! This boy's pictures are like my songs,—full of subtle shades of colour, but no form'.

રાજકારણમાં એમના પ્રવેશથી દેશને મોટામાં મોટો ફાયદો થયો તો તે, પંડિત નેહરુના શબ્દોમાં કહીએ તો, એ કે ગાંધીજીએ હિંદના રાજકારણને નૈતિક કક્ષાએ પહોંચાડ્યું, જ્યારે સરોજિનીએ કલાત્મક કક્ષાએ. એક બાજુ ગાંધીજી અને જવાહરલાલ, બીજી બાજુ ટાગોર અને રાધાકૃષ્ણન્ તથા વચ્ચે શ્રીમતી સરોજિનીને મૂકીએ એટલે આધુનિક ભારતના પંચપ્રાણનું સમગ્ર દર્શન મળી રહે છે.

જન્મે બંગાળી, લગ્ને દક્ષિણી અને જાહેર પ્રવૃત્તિએ મુંબાઈગરાં શ્રીમતી સરોજિની નાયડુનો જન્મ ઈ. સ. ૧૮૭૯ના ફેબ્રુઆરીની ૧૩મીએ દક્ષિણ હૈદરાબાદ મુકામે શ્રી અઘોરનાથ ચટ્ટોપાધ્યાયને ત્યાં થયેલો. સંસ્કૃતપ્રેમ તથા શાસ્ત્રજ્ઞાન માટે પંકાતા, પૂર્વ બંગાળના એક પુરાણા કુટુંબમાંથી એ ઊતરી આવેલા. એમના અવસાન પર સરોજિનીએ લખેલી કવિતામાં એમને 'વીર અને મૃદુહૃદયી સંત' કહ્યા છે; અને ખરેખર, સંત જેવા જ એ હતા. ક્રોધ અથવા સ્વાર્થ શી વસ્તુ છે તે એ જાણે જાણતા જ નહોતા. પંડના કરતાં પારકાંનો વિચાર એ પહેલો કરતા. એમનું શબ્દચિત્ર આલેખતાં સરોજિનીએ એક ઠેકાણે લખ્યું છે: 'જબરી શ્વેત દાઢી સાથે દેખાવે એ હોમર જેવા છે અને એમનું મુક્ત હાસ્ય તો છાપરું તોડી નાખે એવું છે. પોતાનો સઘળો પૈસો એમણે આ બે મહાન ઉદ્દેશો પાછળ ખર્ચ્યે રાખ્યો છે—પરોપકાર ને રસાયનવિદ્યા. પોતાના બગીચામાં તેઓ દરરોજ સઘળા ધર્મોના સઘળા વિદ્વાનોનું મોટું સંમેલન ભરે છે—રાય ને રંક, સંત અને સાચેસાચા ધૂર્તોનું! સઘળા આનંદપૂર્વક એકત્રિત થાય છે અને એકસરખો વર્તાવ પામે છે. અને ત્યાર પછી, એમની રસાયનવિદ્યા! એનું તો શું કહેવું? દિવસ ને રાત અખતરા ચાલુ જ! રસાયનવિદ્યાના કશા પણ નવા ખ્યાલ સાથે આવનારો આદમી સગા ભાઈ જેવો સત્કાર પામે છે.'

આ ડૉ. અઘોરનાથ પોતાના પૂર્વજોની જેમ માત્ર સંસ્કૃત અને શાસ્ત્રોમાં જ રચ્યાપચ્યા ન રહેતાં યુરોપ ઊપડેલા. ત્યાં એડિનબરો યુનિવર્સિટીમાં અભ્યાસ કરીને બી. એસસી.માં પ્રથમ આવ્યા હતા. ત્યાર બાદ બૉન મુકામે કેટલોક સમય અભ્યાસ કર્યો અને ત્યાંથી ફરી પાછા એડિનબરો આવીને ડૉક્ટરેટ મેળવેલી.

યુરોપથી પાછા ફરીને એ દક્ષિણ હૈદરાબાદ રાજ્યમાં નોકરીએ રહ્યા. ત્યાં રહીને, જે બીજારોપણ પાછળથી ઉસ્માનિયા યુનિવર્સિટીના વૃક્ષરૂપે ફાલી નીકળ્યું એ નિઝામ કૉલેજની એમણે સ્થાપના કરી અને વર્ષો પર્યંત કુશળતાપૂર્વક તેનું સંચાલન કર્યું.

સરોજિનીનાં માતા વરદાસુંદરી એક ભક્તિપ્રિય સન્નારી હતાં. એમની જુવાનીમાં એ કવિ હતાં અને કેટલાંક સુંદર બંગાળી ગીત લખેલાં. એમનો એ વારસો પુત્રી સરોજિનીમાં પણ ઊતર્યો. જો કે એમ તો અઘોરનાથે પણ કવિતા લખી હતી—કદાચ એક જ, અને તે પોતાનાં પ્રિય પત્ની વરદાસુંદરી ઉપર: 'વરદા આમાર પ્રાન.'

બહુ નાની વયથી સરોજિનીનું શાળાજીવન શરૂ થએલું. એમનાં માતાપિતા એમને અંગ્રેજી શીખવવા ઉત્સુક હતાં; પરંતુ સરોજિનીને એમાં ખાસ રસ નહોતો. આમ છતાં માતાપિતાએ અંગ્રેજીનો આગ્રહ પકડી રાખ્યો. નવેક વર્ષની વયે એક વાર તો એમણે અંગ્રેજીનો પાઠ નહોતો કર્યો એટલા માટે એમને ઓરડીમાં પૂરી (અનુ. પૃ. ૭૧મે)

નૈરાશ્ય તથા ઔદાસ્યના કપરા કાળમાં જનતામાં આશા ને ઉલ્લાસનો સંચાર કરનાર નેત્રી

સૂરજપોળની અનાસ

લેખક · શિવશંકર શુક્લ

[ગુજરાતની લોકમાતાઓ ૧]

માળવદેશમાં રાત્રિ વિતાવ્યા પછી ઉષા અનાસ નદીમાં મોં ધુએ છે, અનાસની આરસીમાં જોઇ માથું ઓળી લે છે અને સ્નાન કર્યા પછી ગુજરાતની ધરતી ઉપર પગ મૂકે છે. તે પછી લંગડો અરુણ પોતાના સાત ઘોડાને અનાસના પાણીમાં નવડાવી પોતાનો રથ ધોઇને સાફ કરી દે છે. ધીરેધીરે નાચતીકૂદતી ગુલાબી ઉષા દક્ષિણ ને ઉત્તરમાં પોતાના કેસરી કલાપને ફેલાવતી દરિયા તરફ પશ્ચિમમાં ચાલવા માંડે છે. અનાસને પશ્ચિમ કિનારે સૂર્ય ભગવાન અરુણના રથમાં બેસી ગુર્જરધરાને કમળની માફક પ્રફુલ્લિત કરતા પશ્ચિમમાં આગળ વધે છે. આમ, ગુજરાતનો સૂરજ સૌ પ્રથમ આ અનાસને કાંઠે જ ઊગે છે. કવિ નાનાલાલ કહે છે :

'જુઓ, દોહદ એટલે ગુજરાતની સૂરજપોળ. ત્યાં સૂરજ પહેલો ઊગે તે પછી ત્યાંથી ગુજરાતે જાય. ગુજરાતનાં તેજનાં ઝરણ નિત્ય-નિત્યે પંચમહાલને ઝરૂખેથી પ્રગટે છે. અને ગોધરા એટલે એ સૂરજ-પોળનો ચોક. ઉત્તર, દક્ષિણ, પૂર્વ ને પશ્ચિમ, ગુજરાતના લોકમાર્ગો ગોધરાના ચોકમાં આજે યે મળે છે અને પૂર્વે યે મળતા.'

અનાસ ગુજરાતની સૂરજપોળનું દ્વાર છે, અથવા તો દ્વારપાલ છે એમ સામાન્યરીતે દોહદની જરાક જ પૂર્વે માળવા ને ગુજરાત-ના સિમાડા પર ઊભી રહેલી અનાસને જોઇ આપણે કહી દઇએ; પણ તેમાં ઔચિત્ય નથી. અનાસ તો પૂર્વમાંથી આવતા સૌને ગુર્જર ગૈયા વતી 'સ્વાગતમ્' કહેવા માનપુરઃસર ઊભી રહેલી ગુજરાતની લાડીલી દીકરી છે.

બન્યું હશે તો સહજ, પણ કેટલું કાવ્યમય થયું છે કે ઉત્તરે બનાસ ને પૂર્વે અનાસ! અનાસ–બનાસની કેવી સરસ જોડી! ગુજરાતની ત્રણ સીમાઓ નદીઓએ જ સાચવી છે. અને પરદેશ મોકલાએલા એલચીના પદની જે જવાબદારી ને મોભો છે તેવો જ સિમાડા પર રહેતી નદીઓનો છે. અનાસ દુભાષિયા રાખતી નથી. એને તો માળવી ને ગુજરાતી બન્ને ભાષા આવડે છે. ગુજરાતી ભાષા એ છેક રતલામ સુધી શીખવાડી દે છે, ને માળવી ભાષા છેક દોહદ સુધી. બંનેને ભાષા માટે ઝગડવા દેતી નથી. અને એને તો બંને ભાષાઓ સરખી આવડતી હોવાથી એ કહે છેઃ 'માળવી ને ગુજરાતી એક છે.'

ચોમાસાના દિવસો હતા. વરસાદ ધોધમાર વરસી હમણાં જ બંધ થઈ ગયો હતો. તે વખતે મેઘનગરની પાસેના અનાસના કાંઠા ઉપર —એટલે માળવાની દક્ષિણ કોર પર બેસી, કૂદકા મારતી, ધસમસી રહેલી અનાસની રમત હું જોઈ રહ્યો હતો. લીલાંછમ ખેતરોમાં સફેદ ગાયોની લાંબી હાર ચરી રહી હોય એવી આસપાસની સઘન લીલોતરીમાંથી પસાર થઈ રહેલી અનાસ દેખાતી હતી. લીલોતરી-માંથી તો એ શુભ્ર દેખાતી. પણ નદી ચોમાસામાં કંઈક બદામી બની જાય છે, એટલે એ રંગનો ઉઠાવ લીલાશમાં કંઇક વધુ સૌન્દર્ય પૂરી રહ્યો હતો. અને રેલવેના પૂલ આગળનો એનો નાનો ધોધ પૂંછડું અક્કડ કરીને આંખો ફાડી કૂદતા વાછડા જેવો દેખાતો હતો.

બેઠબેઠે હું કુદરતની આ આહ્‌લાદક સુંદરતા ને રમત જોતો-જોતો ધરાતો નહોતો. હું બેઠો હતો ત્યાં વિક્રમ, ભોજ ને કાલિદાસ-ની માલવભૂમિ અનાસમાં પોતાના પગ પખાળી રહી હતી; અને સામે કિનારે ગુર્જરી સ્નાન કરવા માટે આવી હતી. મને થયું કે આ જ રસ્તે થઈ કેટલાયે લોકો ગુજરાતથી માળવા ને માળવાથી ગુજરાત ગયા હશે! કેટલાંયે જીતવા ધસી રહેલાં ને જીતેલાં કે હારેલા લશ્કરોએ આ રસ્તે અવરજવર કરી હશે! કેટલાંયે દાણ ચુકવાયાં હશે! વળી મને જ્યારે એ વિચાર આવ્યો કે મારા વડવાઓ જ્યારે પહેલવહેલા શિપ્રાનો કિનારો ને મહાકાળની છત્રછાયાને છેલ્લા પ્રણામ કરી સરસ્વતી ને રુદ્રમહાલય પાસે આવવા માટે નીકળ્યા હશે ત્યારે આ જ સ્થાને તેમણે છેલવેલ્લી માળવી રોટી છોડી અનાસના ઉત્તર કિનારાનું પાણી પીધું હશે. આ સ્થાન સદાને માટે છોડતાં તેમને કેવો વિષાદ થયો હશે! એમની ભાષા કેવી હશે? પહેરવેશ કેવો હશે? આમ, અનાસને ઉત્તર કાંઠે બેઠોબેઠો હું મનમાં અનુભવી રહ્યો છું કે હું તો માલવીય છું. પૂર્વમાંથી ગુજરાતમાં પ્રવેશનાર સૌએ એક કાળે એ કરુણ લાગણી જરૂર અનુભવી હશે. પણ સૈકાંઓ વહી ગયા એટલે મને હવે દક્ષિણ કિનારો પણ મારો લાગે છે. અહીં હું પ્રાંતીય ભેદ અનુભવી શકતો જ નથી. મને થાય છે, 'હું માળવી છું, ગુજરાતી છું, હિંદી છું, માનવ છું; નદી અનાસ પણ એમ જ કહે છેઃ 'હું માલવોની યે સેવા કરીશ, ગુજરાતને લીલોછમ કરીશ—હું તો ભારતમાતાની દીકરી છું; પૃથ્વીમાતાની હૃદયોર્મિ છું.'

અનાસ ને મહીનાં પિયર પાસેપાસે છે. મહી માળવાથી ઉત્તર-માં નીકળી, તેની પાછળપાછળ એને શોધવા અનાસ દોડી છે. એ શરુમાં દોડી હશે ઉત્તરમાં જ, પણ મહીના વેગ આગળ આ નાની બહેનનું શું ગજું? છતાં એણે મધ્ય હિંદમાંથી મૂકી છે તો દોટ જ.

દોટ મૂક્યા પછી તુરત જ કોઈ અનુભવીએ એને કહી દીધું લાગે છે કે તારે મહીને પકડી જ પાડવી છે, તો તું ઉત્તર કે દક્ષિણ તરફ વ્યર્થ ન દોડતાં સીધી પશ્ચિમ તરફ ચાલી જા; કારણકે મહી ગમે તેટલી ઉત્તરમાં દોડે તો યે એને પાછું વળ્યા વગર છૂટકો જ નથી. આ યુક્તિ અનાસને ગમી જાય છે, અને કુશલગઢ ને બામણિયા વચ્ચે થોડાક માઈલનું જ છેટું રહી જતું હોવા છતાં એ આઘુંપાછું જોતી જ નથી. મઉ ને ઈંદોર બાજુ થઇ ઝાબુઆની હદમાં પ્રવેશી એ શાંત બની જાય છે. પછી એ દેવદની હદમાં પ્રવેશે છે. ત્યાંથી સીધી ઝાલોદ અને વાંસવાડાને વીંધી પિપલાય આગળ તો મહીને પકડી પાડે છે. એ મહીને કહે છે : 'ચાલ બાપુજીને ઘેર પાછાં જઇએ.'

"રંગલો ઊડિયે (રે) આપડે પિયરિયે;
આપડે પિયરિયે તો બાપાજીનાં રાજ રે,
આપડે પિયરિયે તો આંબા કેરાં ઝાડાં રે,
અગદાં કાસાં, અમદાં પાકાંઇ કેરાં સાખો રે.

સાલો ઊડિયે (ર) આપડે પિયરિયેઃ
આપડે પિયરિયે તો કાકાજીનાં રાજ રે,
આપડે પિયરિયે તો નારેળીનાં ઝાડાં રે,
આદાં કાસાં, આદાં પાકાં ઈ સાખી રીજે રે."

પણ મહી કહે છેઃ 'બહેન! સ્ત્રીને ને નદીને તો પિયર પાછું વળવાનું હોય કે?'×

એટલે પછી મહીના કહ્યા પ્રમાણે એ પોતાનું જીવન વ્યવસ્થિત કરી લે છે અને પાછું વળવાનું માંડી જ વાળે છે.

× "योषितां च नदीनां च पुनरागमनं कुतः।"

બાંધ ગઠરિયાં...

[આપકથા]

લેખક

ચન્દ્રવદન ચીમનલાલ મહેતા



એક દિવસ બા મને સવારથી ખૂબ સ્વચ્છ રહેવા ટોકતી હતી. ડાહ્યાભાઇને પણ એણે સૂચના આપી હતી: આજે બાબુભાઇને કારખાનામાં ફરવા નહિ લઇ જતો. લેંઘી અને ઝબલું પહેરાવી રાખ્યાં હતાં ને તે ચોકખાં રાખવા વારંવાર કહ્યા કરતી હતી. દસેક વાગ્યે મને ફરી પાછો તૈયાર કરવામાં આવ્યો. બાબરી ઓળી, ઝબલા ઉપર રંગીન જાકીટ પહેરાવી, ડાહ્યા થઇને ખુરસી ઉપર બેસી રહેવા કહેવામાં આવ્યું. રસોઈપાણી બધું ઝટઝટ પતાવી દેવામાં આવ્યું. રડવું નહિ, કંઇ માગવું નહિ, જ્યાં બેસાડે ત્યાં બેસી રહેવું, વગેરે ફરીફરી કહેવામાં આવ્યું. પછી તો બા પણ તૈયાર થઇ, ને અમે નીકળ્યાં. મારા મોટાભાઇ(પિતા) તે દિવસે તે વખતે ઑફિસેથી પાછા આવ્યા હતા, પણ એ તો ઘરમાં જ બેઠા.

બાજુમાં અન્ના સાહેબને ત્યાં કંઇ પર્વ હતું. શ્રીમંત મહારાણી સાહેબ એમને ત્યાં આવવાનાં હતાં ફક્ત સ્ત્રીવર્ગ જ આવવાનો હતો, પણ મને ખાસ સાથે લાવવા અન્ના સાહેબે કહ્યું હતું. [નહિ તોયે એ જમાનામાં, આજની જેમ, માતાઓ નાના બાળકને ઘરમાં કોઈ પાસે કે એકલાં છોડીને ન જતી.] બે ત્રણ ચારઠ (ચોકડી) ચાર ઘોડાની ગાડીઓ ત્યાં આવી હતી. સુંદર થનગનતા ઘોડા હતા. ફુમતેદાર ચોપદારો, એકબે છડીદારો, ને ચાર પાંચ ઘોડેસવાર અંગરક્ષકો બહાર રસ્તા ઉપર ઊભા હતા. અમે પડોશના દરવાજેથી નહિ પણ બહારના રસ્તા ઉપરના મોટે દરવાજેથી અંદર ગયાં હતાં. બા પાસે ભારે સાડી તો નહોતી, પણ સારું જેવું લૂગડું એણે પહેર્યું હતું. અમને ખૂબ માનભેર અંદર લઇ જવામાં આવ્યાં અને એક ઠેકાણે બેસાડયાં. સમારંભ સરસ હતો. શેનો હતો તે યાદ નથી, પણ બહાર વાજું વાગતું હતું. અમારી બાજુમાં ડૉકટર ઍકવીનોનાં વહુ હતાં. તેમણે મને થોડો રમાડયો; પછી ચૂપ રહેવા કહ્યું. શ્રીમંત મહારાણીસાહેબ પૂરા ભભકાથી બેઠાં હતાં. બાજુમાં ઈન્દીરા રાજે પણ હતાં. થોડી જ વારમાં મેળાવડો એને ઠેકાણે રહ્યો. એક બાજુ વ્યવહારવિધિ થતાં રહ્યાં હતાં, અને અમે તો બહારની ગેલેરીમાં થઈ વાડીમાં છટકી ગયાં. મેનાબાઈ આવીને મને ખેંચી ગઇ. પછી ઇન્દીરાબાઈ પણ બહાર આવ્યાં, અને બીજાં ત્રણચાર છોકરાં એકઠાં થઇને અમે સહુએ વાજાંવાળાંની સામે અડ્ડો જમાવ્યો. એમાં ગાલ ફુલાવી મોટું ભૂંગળું વગાડનાર વાજાંવાળો અમને બહુ ગમ્યો. અને બીજો ગમ્યો પડઘમચી વાજું બંધ પડતાં. પડઘમને જરા આંગળીના ટકોરે વગાડવાનું અટકચાળું તો અમે બધાએ જ કર્યું હતું, પણ પેલા ગોળ સર્પાકાર ભૂંગળામાં કોઇકે એક કાંકરો પણ નાંખી દીધો હતો!

અન્ના સાહેબ



વયોવૃદ્ધ અન્નાસાહેબે છેવટે બધું પતી જતાં ઘેર જતી વેળા મને ખોળે લઈ ખૂબ રમાડયો. એમનું હેત અસીમ હતું. મને ગજવાં ભરીને મેવો આપ્યો. ઉપરાંત, ઘેર જઈ ખાવાને એક બીજી પોટલી બાંધી આપી. ઘેર આવ્યા ત્યારે બાએ આખા મેળાવડાની ઝીણવટથી બધી વાતો મારા મોટાભાઇને કરી; અને તે જ દિવસે સાંજે અન્નાસાહેબ સુંદર જામો તથા લાલ ચટક પાઘડી પહેરી, હાથમાં સાદી લાકડી લઈ અમારે ત્યાં એકાએક આવ્યા: 'ચીમનલાલભાઈ! આપણા સવિતાબેન અને બાબુભાઇને મોકલ્યા તે ઘણી જ કૃપા કીધી. એ સ્ત્રીઓના જ મંડળી હતી, એથી તમુને નથી બોલાવી શકયા. તેની ક્ષમા માગવા હું આવ્યો છું.'

પછી અન્ના સાહેબ ઠીક સમય બેઠા. દરમ્યાન એમણે જરમન સિલ્વરના પ્યાલામાં દૂધ પીધું, રેલવે સંબંધી અનેક પ્રશ્નો પૂછયા, અમારા બંગલાને સાંધી દીધેલા આખા આગગાડીના ડબ્બામાં ફર્યા, અને જતાં જતાં મારા હાથમાં બદામનો ઢગલો મૂકતા ગયા!

શરૂઆતમાં જે બંગલો જોયો, તેની પાસેથી સડક નીકળી કૅમ્પમાં જતી; બીજી બાજુ ફારમમાં જતી. એ સડક ઉપર, આડા પાટામાંના અમારા બંગલા નજીકનો પાટો તે ગોધરાનો પાટો; ત્યાર પછીનો તે અમદાવાદનો; પછીના તે કારખાનાના. ગોધરાની ગાડી બરાબર સડક આગળથી જ ફંટાતી, અમદાવાદના પાટા ઉપરથી વાંકી વળી અમારા ઘરની નજીકના પાટા ઉપર આવતી, તે જાણે ઍંજિન સીધું અમારા ઉપર જ ના ધસી આવતું હોય એમ લાગતું. ગોધરાની લાઈન રતલામ થઇ દિલ્હી જતી. અમદાવાદ જતી-આવતી ગાડીઓમાં સવાર-સાંજનો ફાસ્ટ આજે ચાળીસ વરસથી લગભગ એ જ ટાઈમે દોડે છે. પણ એ ગાડી જોવાની મજા ન આવતી. રોમાંચક ગાડી તો પંજાબમેલ, અને એનું ઍંજિન, અને એનો ડ્રાવર, અને એના ડબ્બા. કમનસીબે એ ગાડીઓ રાતે પસાર થતી, તોપણ ઘણીવાર વહેલી સવારે વડોદરા સ્ટેશનેથી ઊપડી અમારા બંગલા પાસેથી ફંટાતો પંજાબ મેલ જોવા હું વહેલો ઊઠતો. ધડ-ધડ-ધડ-ધડ-ધડ-ધડ દોડતી એ ગાડી જોતાં મારી છાતી ગજગજ ફૂલતી. એની દમામદાર ગૌરવભરી ચાલની ઝડપ માટે કલ્પના જાતજાતના તુક્કા જોડી કાઢતી.

હવે આપણે જરા ઉપર જઇએ. 'ઉપર' એટલે કૅબિનમાં. અમારા બંગલાની પાછળ જોડેલો રેલવેનો ડબ્બો, અને એ ડબ્બાની અડોઅડ કૅબિન. કૅબિનનો દાદર બરાબર સ્ટોરની સામે પડે. એ રસ્તે પણ ઉપર જવાય; અથવા બંગલામાંથી ડબ્બાના છાપરા ઉપર થઈ, પેલે નાકે અડતા અરધા દાદર ઉપર કઠેરો કુદાવીને પણ જવાય. આ છોકરવાદી રસ્તો. પેલો રોજિંદો દફતરદાર સાહેબોનો રસ્તો.

રેલવેની ફાટક પાસે આ બાજુ અમે રહીએ. અને સામેની બાજુએ વાવટીવાળાની કોટડીમાં મઘો રહે. રસ્તા ઉપર પગ મૂકયા વિના જવું હોય તો ફાટકનો દરવાજો, જે ઊઘડીને અમારી ભીંતને અડતો, તેના ઉપર ઘોડેસવાર થઇને જતાં! ભૂરી કફનીમાં ફેંટાદાર મઘો ખભે ચાવી લટકાવી અમને દરવાજાની સાથે ખેંચી બંધ કરતો; અને પછી બીજા દરવાજા ઉપર સવાર થઈ, પાછા ઊઘડતા દરવાજા ઉપરથી સામે આવેલી મઘાની કોટડીની બારી આગળ અમે ઊતરતા.

વાવટીવાળાની એ સફેદ બંગલી; એટલે ચોખંડી કોટડીસ્તો.



સૂવાનું ત્યાં, મોટે ભાગે બહારની ઓશરીમાં નાખેલી ખાટલી પર; અને પકાવવાનું પણ ત્યાં. હાથ, મોં વાસણ બધું ધોવા માટે જવાનું જરા દૂર આવેલા નળ ઉપર. મઘો ઘરડોખખ હતો. એના મોઢા ઉપર ગણી ગણાય નહિ એટલી કરચલીઓ હતી. દર ગાડીએ લીલી વાવટી લઇ ઊભો રહેતો. એની કોટડીની લગોલગ રેલ પાસે નાખેલા લોખંડીનળા અને તારોની જાળમાં ગોઠવેલા એક તાળાને તે ઉઘાડબંધ કરતો. ઉપર કૅબિન-વાળાના હોકારે હોકારા મેળવતો ને એ હિસાબે રેલવેની ફાટક ખોલતો.

કૅબિન પ્રમાણમાં ખાસ્સું ઊંચું હતું. એનાં છવ્વીસ પગથિયાં કેટલી યે વાર ગણ્યાં હશે. છવ્વીસ—બરાબર છવ્વીસ, અને સત્તાવીસ નહિ જ, છેલ્લું જે જમીન સરસું હતું તે વધારેનું ગણાવા જિદ કરતું, તોપણ હું ન માનતો. છવ્વીસ જ. દાદર સારો, લીસા કઠેરાવાળો. નીચે ઊતરતાં એ પર ઘોડો થઇ સરરરર કરતા નીચે સરી જતા, અને જોનારા બૂમ પાડતા રહેતા. કૅબિનને ફરતી ત્રણ બાજુ ગૅલેરી હતી. ત્યાં બહુ રમ્યા છીએ, બહુ વાતો કરી છે, બહુ તોફાન મચાવ્યાં છે.

કૅબિનમાં ત્રણ માસ્તરો, બેત્રણ પોર્ટરો અને એકાદ સફાઈવાળો, એમ કબીલો રહેતો. એ બધામાં જાણવાજોગ તો એક જ વ્યક્તિ—અને તે ડાહ્યાભાઈ. ડાહ્યાભાઇ માસ્તર: મારા બાપાના નિકટના દોસ્ત. દોસ્તી ત્યાં જ બંધાએલી. પણ એ કોના દોસ્ત નહિ એ જ શોધવું મુશ્કેલ. દુશ્મન તો કોઈના જ નહિ. અસલ નવસારીના, મહાદેવભાઈ દેસાઇના સગામાં, ૧૯૦૨–પથી ત્યાં મેં જોએલા. હજી આજે '૪૮માં નવસારીમાં હયાત બેઠા છે. મારા, મારી બહેનોના, બાના, સૌના ડાહ્યાકાકા. જરા ભારે શરીર, મીઠો અવાજ, લહેરી જીવ, અને પાકા દુશ્મનનું પણ કામ કરી છૂટવાની નિઃસ્વાર્થી વૃત્તિ.

'કોણ, બાબુ આઇવો કે? જા અલ્યા ડાભઈ! ઘેર જા, ને દાબડો લઇ આવ.' થોડીવારમાં મગનો દળ, થોડો તમતમતો ચેવડો ને પાંચ-સાત 'કોપ' ચાથી ભર્યો ચળકતો લોટો ટુવાલમાં બંધાઇ આવતાં. 'ચાલો ઉડાવો' કહી બધાને ખવડાવતા: 'એઈ જીવલા, ડાભઇ, કેમ આઘા ઊભા છો? મારો'લ્યા ફાકા. ખાશો તો નોકરી કરશો...'

ત્યાં તો ટનનનન...કરતી ઘંટડી વાગે જતી. 'બાબુ, જો આ સાલી રેલવે! ત્રણ ત્રણ મિનિટે એને સનેપાત થાય. હાં, ઊભો રહે—'એલાવ, કોણ? ગોધરાવાળો નીકળ્યો? આવવા દે સાલાને—હા, મોંમાં જરા ચેવડાનો ફાકો છે. જરા જંપીને બેસવા તો દો. હાં, શું કહ્યું? અરે એમાં શું?—જુઓ મંછુભાઈ! આપવું–લેવું ઉપરે. અહીં તો તમે કહો તે: તમારી ગુંણુ આવી જશે–આં હમણાં જ કહી દઉંને, તરત દાન ને મહા પુણ્ય.' 'અરે જીવલા, ગોધરા



લાઈટ ઍન્જિન જાય છે, તેમાં માસ્તરની ગુણ ચડાવી દે. જા કહી આવ, નહિ તો ચેવડાની લાલચમાં ભૂલી જઇશું.'

હોંસ કરીકરી ડાહ્યાકાકા સૌને ખવડાવે. પછી કહે કે આ દળ વધ્યો છે તે જા નીચે બંગલે આપી આવ. ત્યાં તો ડાભઈ કહે 'ના, બીજો દાબડો માજીએ મોકલ્યો છે તે નીચે આલતો આયો સું.'

'એટલે, માજીને અમે ચળખાગણા હતા, એમ? જોયુંને બાબુ? તારી બા ને ચિમનલાલ શેઠ માજીને વધારે; આપણે નહિ. ચા...લો ત્યારે ડાભઇ, આ તમે બધા વહેંચી ખાઓ. દાબડો ભરેલો પાછો મોકલીશું તો માજી ઘાંટા પાડશે.'

ટડીંગ. ટડીંગ... 'પાછી લોથ જાગી? આ તો વડોદરા મૂળ-સ્ટેશન બોલ્યું. આવો, તમે ય આવો; બોલો ભઇ, શું છે? હાં—હાં—હાં, એમ? મોકલી આપો મારી પાસે, બરોબર ચોકીપહેરામાં. હં. કંઇ નાઇખો તો નથીને? ના, પીએ એવો નથી.'

'હેં અલ્યા ડાભઈ? આ મઘાનું છે શું? ઍન્જિન નીચે કૂઈ ગયો. અલ્યા મરવું કેમ તે પણ આપણે બતાવવું પડે?'

'શાબ! બહુ દખી માણહ સે'

'તે ડાભઈ! રેલવેમાં કોઇ તેં સુખી જોયો? જેના દા'ડા ભરાયા હોય તે અહીં ચોંટે. ભગવાને નરકની ખાણ અહીં જ બનાવી છે.'

'તે શાબ એણે આપઘાત કીધો?'

'અરે હોય ડાભઈ! રેલવેનાં ઍન્જિન એટલાં દયાળુ છે એમ તું ધારે છે? મરવા ગયો, પણ મર્યો નહિ.'

અને પછી સ્ટેશનથી ઍન્જિન આવ્યું એમાં મઘાને લાવવામાં આવ્યો. હાથ પકડી એને દાદર ચઢાવ્યો ને ડાહ્યાભાઇ સામે ખડો કર્યો.

'આ મઘો આયો, સાયેબ. લે અલ્યા, માફી માગ.'

'ના, ના. માફી કોની વળી? બેસ મઘા. તમે બધા છોડો એને. એ તો હું જોઈ લઇશ.'

એક દિવસ ડાહ્યાકાકા કહેતા હતા: 'આ મઘાને પૈસા નથી જોઇતા; પગારમાં વધારો નથી જોઇતો; પણ ફક્ત હૂંફ જાઇએ છે. કોઇ એને મીઠો બોલ કહેનારું યે નથી. બે બૈરી અને છ છોકરા. એક બૈરીએ આપઘાત કર્યો. એક છોકરો ટ્રેન નીચે કપાયો. બાકીના રોગે મૂઆ. અને જીવી ગયો એ એકલો. ત્રણચાર વાર મરવા ગયો, પણ ન મર્યો. એનાં સગાંવહાલાંમાં કોઇએ ચોરી કરેલી, તે ફોજદાર એની ઉપર નજર રાખે. ગામવાળા અતડા રહે. નજીકનું સગું કોઇ મળે નહિ. આજે દસબાર ભાખરા ટીપી રાખશે, તે ત્રણચાર દિવસ ચાલ્યા કરશે. શાકભાજીમાં અલ્લાયો. છ મહિનામાં એક દિવસ મેં એને મૂળા લાવતો જોયો છે, અને એક દિવસ સરગવાની શીંગ; બસ!

'એને જીવવામાં રસ જ નથી. મેં એને એક દિવસ શનિવારે હનુમાન દર્શન કરવા સાથે આવવા કહ્યું. તો કહે, 'અરે શું માસ્તર સાયેબ! હવે મારે હનમો કેવો ને દર્શન શેનાં. વળી કંઈ ધરમધ્યાન કરું અને મોત આઘું ઠેલાય તો એટલી મારે ઉપાધિ. ના ના; તમે જાઓ છો તો કયો, આ પૈસો નાંખતા આવજો! અને મારા વતી કે'જો કે હનમો દાદા, મઘલાનું મોત જરા વે'લું મોકલોને.'

કૅબિન એટલે રેલવેનું હૃદય. એટલી એક નાનકડી કોટડીમાં પચ્ચીસેક સાંધા હતા. એમાંના કેટલાક ભૂરા, કેટલાક લાલ અને થોડા સફેદ રંગે રંગેલા હતા. ખાસ્સા લોખંડના મજબૂત હાથાવાળા સાંધા ઉપર નંબર અને લાઈન લખેલી: મેઇન કે લૂપ. એટલો એક સાંધો પાડે તો ગાડીઓને ઉથલાવી શકે, પાટા ઉપરથી ગિરવી શકે, દોડતી અટકાવી શકે, આડે રસ્તે ચડાવી શકે, બે ગાડીઓને સામસામી અફળાવી શકે, સાંધાનો તાર બહારના સિગ્નલ જોડે સંકળા-

ઍલો રહેતો, સાંધો પાડવામાં હાથમાં જોર જોઈએ, આંખમાં તેજ.

ડાહ્યાકાકાએ ત્યાંની બધી રમત મને સમજાવેલી. ઇન્ટરલૉકિંગ ટૅબલેટ સિસ્ટમ, લાઈન ક્લીઅર મેથડ, ટપટપ તારની ભાષા, પાંચ ઘંટડી કે ત્રણ ઘંટડીનું રહસ્ય, ડિસ્ટંટ સિગ્નલ, હોમ, ડુપ્લીકેટ સિગ્નલિંગ, વગેરે બધી જ વિગતો એમણે મને ચાલુ સદીના પહેલા દાયકામાં સમજાવી હતી. ડાહ્યાકાકા ત્યાંના ટ્રાફિકના રાજા હતા. આણી બાજુ વડોદરાનું મૂળ સ્ટેશન અને પેલી બાજુ બાજવા–છાપાપુરી સુધીની આખી લાઈન એમને હસ્તક હતી.

એટલા કૅબિન ઉપર તો જાતજાતની જયાફતો થતી. ડાહ્યાકાકા ભાંગની પણ પાર્ટી કરતા. ચા-ચેવડો તો ખરાં જ. અહીં આવ્યા તે પહેલાં એ ગાયકવાડી લાઈનમાં ડભોઈથી જરા છેટે બોડેલીમાં હતા. ઘણીવાર બોડેલીની અનેક વાતો કરી અમને હસાવતા. ડાહ્યાકાકાને નકલો કરતાં સારી આવડતી. ભલભલાના ચાળા પાડતા અને જાતબનાવટના અનેક કિસ્સાઓ હંકાર્યે રાખતા. પટેલ મેમઈ (મુંબાઇ) ગયાની વાત મેં પહેલી ઇમની પાહેથી હાંભરેલી. અને અપનાવાલા તૈયબઅલીની ટાજ્જુબીની વાટ પન એઓએ જ હુને કીદ્ઘી'ટી. તેમ બાદશાહ–બિરબલની વાતો પણ એમણે જ સંભળાવી હતી. વાત કહેતાં રસ જમાવવાની ખરી કળા એમણે સારીરીતે સિદ્ધ કરી હતી.

એક દિવસ બપોરે કૅબિન પરથી અમે નીચે ઊતરતા હતા સામેના સ્ટૅાર અને બાજુના કૂવા પાસેની જગ્યામાં દસપંદર માણસો જમીન ઉપર ઊભડક બેઠા હતા, અને એક જણ એમને એકેકું પીપળાનું પાન આપતો હતો. હતા તો બધા મોટા ભાગના કલીમેનો, પણ એમને મોખરે હતો કાળિયો મુકાદમ. કાળિયો બાંધી દડીનો, કલ્લુ જેવો જણાતો, તદ્દન કર્કશ ઘાંટાનો, બીલકુલ ન ગમે એવી જાતનો માણસ હતો. એણે દરેકને ચપટી ચોખા વહેંચ્યા ને પછી બધાને ચાવવા કહ્યું. લલ્લુશંગ, ડાભઇ, ગુલાબ, શંકરિયો, મેલભઈ, નાગજી, મેરતો, બધા જ હતા. બાજુમાં શંકર મહારાજ પણ એ ખેલ જોતા ઊભા હતા. સૌએ ચોખા ચાવ્યા, ને પછી પીપળાના પાન પર સૌ થૂંક્યા. પછી કાળિયા મુકાદમે એ દરેક પાન ઝીણી આંખે તપાસ્યું. એની સાથે વિચિત્ર પહેરવેશમાં કોઇ ભૂવા જેવો જણાતો, પોતાનો પરચો બતાવવા માગતો હોય એવો પણ એક આદમી હતો.



પછી મને ખબર પડી કે બેચાર મહિને આવી ચોખા ચાવવાની જમાત બેસે છે તે ચોર પારખવા. ચોરી શી રીતે ને શેની થઇ તે તપાસવા આપણે જરા રેલવેનો પગાર કરવાનો વહીવટ જોવો પડશે.

પગાર કરનાર પે-માસ્તરોને રેલવેનો અમુક વિભાગ સોંપી દેવામાં આવે છે. એ પે-માસ્તરો અગાઉથી મળેલા પે-બિલ પ્રમાણે નાણાંની વહેંચણી નક્કી કરેલી તારીખ મુજબ ચોક્કસ જગ્યાએ જઈ કરી આવે છે. એની પાસે એક જગાનો ખાસ મજબૂત લક્કડ-લોખંડની પેટી રહે છે, અને એ સાચવવા બે સિપાઇ. પે-માસ્તર ચોથી તારીખે આવે, કે પાંચમીએ, કે દસમીએ, તે પ્રમાણે લોકો–કલાર્ક બહાર ચોગાનમાં ખુરશી-ટેબલ નંખાવી બેસે. ત્યાં બેસે પે-માસ્તર અને બાજુમાં ઊભો રહે મુકાદમ. કલીમેનોના પગાર પંદર, તો કોઈના સત્તર; આગવાળાના ચાળીસ કે સાઠ; પંખાવાળાના પાંચ; સફાઈવાળાના બાર. કોઇના આઠદસ આના—રોજ મુજબ—કપાયા પણ હોય, તો સાડા અગિયાર, પોણા સત્તર, સવા ઓગણીસ, એમ આડીઅવળી રકમો પણ રહેતી. તેનાં અગાઉથી જ પડીકાં બંધાવી પે-માસ્તર લઈ આવતો. પગાર એટલે પડીકાં. ઉપર પેન્સિલથી આંક અને નામ. એટલે મોટે ભાગે તો પગાર થાય ત્યારે પડીકાં જ વહેંચાય.

ડાભલો જીવણ: 'આ રીયો શાયેબ!'

મેલીઓ નાથા: 'આ રીયો શાયેબ!'

ગુલાબ નબી જાફર: 'આ રીયો શાયેબ!'

જૉન કિસના: 'અહીં છું શાયેબ!'

ધનજી કુબેર: 'નહીં આયો શાયેબ! સીકમાં ગીયો સે શાયેબ! એની બાયડી આઇ સે. ઑગ આય, અંગૂઠો કર. ચ્યાં સે અલી?'

એમ નામો બોલાતાં જાય, પડીકાં અપાતા જાય, અને ન આવ્યા હોય તેના મુકાદમ પાસે ઢગલામાં એકઠા થતાં જાય. સાધારણરીતે તો આ વહીવટ બેત્રણ કલાક ચાલે. પગાર થતાંવેંત જ માંહોમાંહે જ લેવડદેવડ પણ ત્યાં જ બાજુમાં જ ચુકવાતી જાય. કદી ચડભડાટ થાય ખરો, કદી ભાઇમેળે પતી પણ જાય.

કોઈવાર ફોરમેન પણ આવે; સ્ટોરકીપર પણ હોય; આંગવાળા પણ આવે. સ્ટોરર પણ હોય. એમાં કોઈ હાજર ન હોય, અને તેમના તરફથી કોઇ લેનારે હાજર ન હોય એમ પણ બને. કોઈ સિકમાં ગયું હોય, કોઇ લેન પર હોય, કોઇ રાતપાળીમાં હોય ને દૂર રહેતું હોય તો બે આંટા કારખાનાના ન પણ કરે. કેટલાકનાં પડીકાં વિશ્વાસે અપાતાં હોય. પણ એ બધી ધાંધલમાં એકાદ પડીકું આડુંઅવળું મુકાઇ જાય, યા ઓળવાઈ જાય, યા કોઈના ખિસ્સામાંથી કતરાઈ જાય, એનો જવાબદાર કોણ? વળી મુકાદમ કલીમેનોની યાદી રાખે એમાં દસ ઓછા હોય, બે નોકરી પરથી ચાલ્યા જ ગયા હોય, એકાદ નામ એ અદ્ધર પણ ચલાવતો હોય અને એનાં પડીકાં આખાં ને આખાં એવો એ હજમ કરી જતો હોય તેમ પણ બને;—બનતું જ હતું.

વારુ. આ પડીકાં જ્યારે વળાયાં હોય ત્યારે એમાં એકાદી પાંચની નોટ ઓછી મુકાઈ ન જાય? કામ કરવાવાળામાં ગણી શકે–હિસાબ કરી શકે એવા તો ઓછા જ, બાકીના તો રેલવે સરકારની કિરપા ને એની સાચી દાનત ઉપર જ 'વિસવો' રાખી પડીકું લઇ લે. આજે એ ભોળપણ ગયું છે, પણ ત્યારે તો સારા પ્રમાણમાં હતું.

આવી ધાંધલમાં કોઇનાં એકાદબે પડીકાં ગુમ થએલાં. મૂળમાં જ નહોતાં, કે અપાયા પછી ચોરાયાં, એમાં ખરી હકીકત શી, તે તો 'દઈ' જાણે. પણ મુકાદમ કાળિયાએ તો કોરટ બેસાડી દીધી હતી! દાવો માંડનાર એ, મુકદ્દમો ચલાવનાર પણ એ, અને ન્યાય કરનારો પણ એ. મૂળ વાતે તો એ પોતે જ જવાબદાર! પણ એમાંથી છટકવા પોતાના ગામના ભૂવાને લાવી એણે આ નુસ્ખો અજમાવેલો. કહેતી એવી છે કે જે ચોર હોય તેના થૂંકેલા ચોખામાં લોહીની લાલાશ હોય અને એ ચોર ગણાય! બીજું તો શું, પણ એમ કોઇને ભોંઠો તો પાડી શકાય; અને બીકના માર્યા ખોટું પણ કબૂલ કરાવાય.

જાણે કોઈ ઊઠમણું વિખેરાતું હોય એમ એ ટોળું વિખેરાયું. કાળિયો કંઈ કોઈ સાથે ગુસપુસ કરતો ઊભો હતો. જાણે દુનિયાની કશી પરવા ન હોય એવો ડોળ રાખતો ભૂવો પણ ઊભો હતો. પછી તો ધીમેધીમે બધા વિખેરાયા એટલે એ પણ વિખેરાયા.

આ ઘટનાને ત્રીજે જ દિવસે કૅબિન ઉપર ડાહ્યાકાકા ખૂબ જ

વાર્તા-હરીફાઇનું ઈનામ

ગયા વર્ષમાં જાહેર થએલી 'ટૂંકી વાર્તા અને નાટિકાઓ' માટેની હરીફાઈમાં, ઑગસ્ટ ૧૯૪૯થી જાન્યુઆરી ૧૯૫૦ સુધીના છ માસ દરમ્યાન આવેલી કૃતિઓ પૈકી

શ્રી કેતન મુનશીની વાર્તા
'અંધારી રાતે'

ઈનામને પાત્ર ઠરી છે. એ ભાઇને અમે અભિનંદન આપીએ છીએ, અને તેના નિર્ણાયક પ્રો. અનંતરાય રાવળનો, તેમણે લીધેલા શ્રમ માટે આભાર માનીએ છીએ.

ગમગીન બેઠા હતા. મઘજી–ગયો ગુજરી ગયો હતો! એણે આપઘાત કર્યો કે એકાએક મરી ગયો એની તો કોને ખબર? પણ ટેમસર વાવટી લઇ બહાર ના નીકળ્યો, એટલે બંગલીમાં તપાસ કરતાં એ મરેલો જણાયો હતો. થોડી વારે એક મેલી ચાદરમાં એને નાખી પાંચસાત કલીમેનો દવાખાના તરફ લઇ જતા હતા. આગળપાછળ તો કોઈ હતું નહિ અને ડૅાક્ટર ઍક્ટિવનો ગયા'તા લેન પર, એટલે લાશને 'પૅાચ જણાએ ભેગા થઇને ફૂંકી મારી.' રેલવે આમ તો દયાળુ. જીવતાંજાગતાં કુટુંબોને રસોઈપાણી માટે લાકડા-કોલસા આલે, તો ગધાની લાશ બાળવા જેટલાં લાકડાં યે નો આલે?

'જોયું આ નાટક!' ડાહ્યાકાકા બોલતા હતા. 'ન્યાય તો જો! બીચારો મઘજી! નહિ લેવા કે દેવા. તે દિવસે ત્યાંથી જતો હશે, તે એને પણ ચોખા ચાવવા બેસાડી દીધો! અને આ બધા સત્યવાદીના અવતાર, તે ચોખા ચોકખા નીકળ્યા, અને મઘજી બિચારો ચોર તે એના લાલ નીકળ્યા! ઘરડો માણસ, અને નબળી છાતી, તે જરા લાલારા પકડે પણ ખરા. એથી એ ચોર! પેલો સાલો ભૂવો પાછો એને દમ ભરાવે! બીજું તો એને શું કરી શકે? પણ વાત ચર્ચાઈ. અને મઘજી એંટવાળો માણસ; અમરથો જ આબરૂ પર ડાઘ; એણે વિચાર કર્યો કે બળ્યું આ જીવતર, ઘરડે ઘડપણ કાળો ડાઘ લગાડવા બેઠા છો, તે મરો તમે અહીં, હું તો આ ચાલ્યો. કહી છૂટી ગયો.'

ડાહ્યાકાકા ત્યાં એકઠા થએલા પાંચસાત જણને ઉશ્કેરાઇને કહેતા હતા: 'યાદ રાખજો! જેણે મઘજીને ચોખા ચવડાવ્યા છે, એને લોખંડના ચણા ચાવવા પડશે. હદ થઇ રહી છે હવે. પે-માસ્તરને કોઈ નહિ પૂછે, એમ? એણે પડીકું આણેલું ખરું? પેલો ભૂવો જો મારા હાથમાં આવે કની, તો એનાં ભૂત-પલીતને તો એવાં મસળી કાઢું!'

'બિચારાને માગ્યું મોત મળ્યું નહિ, અને મળ્યું ત્યારે આવું મળ્યું! પૈસાની તો એને જરા યે પડી નહોતી; આબરૂ વહાલી હતી. એટલે ભગવાને જ એને ઊજળો માર્ગ દેખાડયો.' (ચાલુ)

સૌરાષ્ટ્રમાં કલા-પ્રસ્થાન

ભારત પ્રજાસત્તાક તંત્ર બન્યું તેના ઉત્સવ નિમિત્તે સૌરાષ્ટ્ર ચિત્રકાર મંડળ અને સૌરાષ્ટ્ર સંશોધન મંડળના સંયુક્ત પરિશ્રમથી રાજકોટમાં તા. ૨૨-૧-'૫૦થી એક ચિત્રકલા પ્રદર્શન ટાઉન હૉલમાં યોજાયું હતું. તેનું ઉદ્‌ઘાટન સૌરાષ્ટ્રના મુખ્ય ન્યાયમૂર્તિ સર હરસિદ્ધભાઈ દિવેટિયાને હસ્તે થયું હતું. આ પ્રસંગે શ્રી રવિશંકર રાવળે સ્વાગત પ્રવચનમાં સૌરાષ્ટ્ર ચિત્રસુંદર પ્રદેશ છે અને સૌરાષ્ટ્ર અનેક કલાકારોની જન્મભૂમિ છે તેનું સ્મરણ કરાવી તેમના ઉત્તેજન અને સ્વાગત માટે સૌરાષ્ટ્રે કંઇક કરવું જોઇએ એવી સૂચના કરી હતી. કુમારશ્રી મંગળસિંહજીએ તે વખતે સૌરાષ્ટ્રની સર્વ કલાપ્રવૃત્તિઓનો સંગમ કરી એક સારું વગ-મોભો ધરાવતું કલામંડળ સ્થાપવાની દરખાસ્ત મૂકી હતી તેનો જાહેર સ્વીકાર થયો ને તે કામ માટે બંધારણ તૈયાર કરનારી એક સમિતિ નીમવામાં આવી હતી. આ સમિતિએ તૈયાર કરેલા ખરડાને બહાલી આપવા એક જાહેર પરિષદ મળશે અને તે પછી બંધારણ કાયદેસર રજિસ્ટર બનશે.

આવું સૂચક અને આકર્ષક પ્રદર્શન રાજકોટની જનતા માટે પહેલો પ્રસંગ હતો. મુંબાઈ, અમદાવાદ, ભાવનગર, નવસારી વગેરે સ્થળોનાં મળી ૪૦૦ જેટલાં ચિત્રો રજૂ થયાં હતાં. શ્રી સોમાલાલ શાહ, કુમારશ્રી મંગળસિંહજી ને પોરબંદરથી કૅપ્ટન નારણભાઈ ખેરે રજૂ કરેલાં ચિત્રો મુખ્ય આકર્ષણ બન્યાં હતાં. સૌરાષ્ટ્રમાં કલાનો નવયુગ પ્રારંભ કરનાર આ પ્રદર્શન એક સૂચક માર્ગસ્તંભ ગણાશે.

રાજકોટ સૌરાષ્ટ્રનું વહીવટી કેન્દ્ર તો બ્રિટિશ સત્તાની સાથે બન્યું હતું; ધર્મેન્દ્ર કૉલેજ થયા પછી ઉચ્ચ કેળવણીનું ઉપયોગી મથક બન્યું અને હવે કલાનાં વિવિધ સ્વરૂપોની તાલીમ અને પ્રગતિ સાધનારી સંસ્થાઓની અપેક્ષા રાખે છે. રાજકોટમાં આવેલા બ્રિટિશ વહીવટી અમલદારોમાંથી કેટલાક કલાદક્ષ અમલદારોએ રાજકોટનો કૉનોટ હૉલ, મ્યૂઝિયમ વગેરે સંસ્થાઓ ઊભી કરેલી, પણ તે હાલ ખોખાં જેવી છે. તેને અભિરુચિ અને વૈજ્ઞાનિક પદ્ધતિનો સમન્વય કરી પ્રજાને આકર્ષણ અને જ્ઞાન આપે એવાં કેન્દ્રો બનાવવાની જરૂર છે. સૌરાષ્ટ્રની જનકળા અને સંસ્કૃતિનાં સંપૂર્ણ સ્વરૂપો રજૂ કરતા નમૂના તથા સંગ્રહો રાજકોટના મ્યૂઝિયમમાં આધુનિક રચના અને સજાવટથી ગોઠવવા જોઇએ, તેમજ સૌરાષ્ટ્રના પ્રાચીન અને અર્વાચીન મહાન પુરુષો, સંતો, બહાદુરો અને કથાપૂર્ણ પ્રસંગોનું ભવ્ય ચિત્રાલય પણ સાથે સાથે સરજાવું જોઇએ.

સૌરાષ્ટ્રનો પ્રવાસી સૌરાષ્ટ્રનો સાચો પરિચય સહજમાં પામી શકે એવાં ચિત્રપ્રકાશનો, દર્શક નકશાઓ અને બની શકે ત્યાં સૌરાષ્ટ્રની પ્રસાદીરૂપ કલાકણિકા જેવા પદાર્થો પ્રાપ્ત કરી શકે એવું વિનિમયસ્થાન Emporium પણ ત્યાં હોવું જોઇએ.

ગુજરાત સાહિત્ય સભા તરફની વાર્ષિક વાઙ્‌મયસમીક્ષા

ચાલુ વર્ષે નીચેના સમીક્ષકોને સોંપવામાં આવી છે: લલિત વાઙ્‌મય માટે-શ્રી રામપ્રસાદ શુક્લ, ૯ નૂતન સોસાએટી, એલિસબ્રિજ, અમદાવાદ-૬; અને લલિતેતર વાઙ્‌મય માટે-પ્રો૦ નરસિંહ મૂ. શાહ, ૧૯ પ્રીતમનગર, એલિસબ્રિજ, અમદાવાદ-૬. સૌ લેખક-પ્રકાશકોને સાહિત્ય સભાની આગ્રહપૂર્વક વિનતિ છે કે તેમના તરફથી પ્રગટ થતાં પ્રકાશનો પ્રગટ થાય કે તરત ઉપર જણાવેલાં સરનામાં પ્રમાણે તે તે વિભાગના સમીક્ષકને મોકલી તેઓ આભારી કરશે, જેથી સમીક્ષકને સમીક્ષાના કાર્યમાં સરળતા થાય.

લેખો, કાવ્યો, ચિત્રો આદિ મોકલનારાઓને

વિનંતિ છે કે પોતાની કૃતિ વિષેનો નિર્ણય જાણવા અગર અસ્વીકૃત કૃતિ પાછી મેળવવા માટે જરૂરી પોસ્ટેજ પોતાના પૂરા નામ-સરનામા સાથે નહિ મોકલ્યું હોય તો ઉત્તર અગર કૃતિ પાછી મોકલવાનું બનશે નહિ.

વૈજ્ઞાનિક કથાઓમાં અત્યંત પ્રશંસા પામેલી, જૉન રસેલ ફર્નની વાર્તા પરથી ઉતારેલી કથા

લાલ જાદૂગર

અનુવાદક - અશોક હર્ષ

એ કોઈ મંગળનિવાસી પૃથ્વી પર આવી પડે અને કોઈ પૃથ્વીવાસીનું લક્ષ પણ તે પ્રત્યે ન ખેંચાય એ ઓછું આશ્ચર્યજનક છે? અને તે પણ એવે સમયે કે જ્યારે પૃથ્વી પરના વિજ્ઞાનીઓ મંગળ સાથેના વ્યવહારની શકયતાઓ ભાખી રહ્યા હતા?

એ મંગળનિવાસીનું પૃથ્વી પર આગમન રાતના ભાગે જ થયું હોવું જોઇએ. પરંતુ એ આગમન સૂચવતો કશો પ્રકાશ પૃથ્વીના વાતાવરણમાં નહોતો દેખાયો, કે નહોતો વાયુમાં કશો પ્રકંપ પેદા થએલો. અદ્‌ભુત રહસ્ય સમું એ આગમન હતું. ઇંગ્લંડના સસેક્સ પરગણાની નિર્જન હરિયાળી પર એક ગોવાળ છોકરીએ એ ગોળો જોયો હોવાની વાત વહેતી થયા પછી પોલાદનો એ જંગી ગોળો જોવા માટે લોકમેદની એવી તો ટોળે વળવા લાગેલી કે પોલિસને એની આસપાસની જગ્યા દોરડાં બાંધી સુરક્ષિત રાખવી પડેલી.

એ ઉલ્કાપાત તો નહોતો જ, કારણકે ઉલ્કા તો ખરીને સીધી જમીનમાં જ પેસે; જ્યારે આ ગોળો તો જમીન પર ઉઝરડો સુદ્ધાં પાડયા વિના ઘાસ પર પડ્યો હતો! વર્તમાનપત્રોના વૃત્તનિવેદકો (રીપોર્ટરો) એ અદ્‌ભુત દૃશ્યનાં વર્ણનોના હેવાલો લખી રહ્યા હતા, જ્યારે વિજ્ઞાનના પ્રોફેસરો એના કશા ઉકેલને અભાવે વિચારમાં માથાં ખંજવાળી રહ્યા હતા.

છેવટે પ્રસિદ્ધ વિજ્ઞાની સર ગૅડ્સ્બી બ્રાઉએ ઑક્સી-એસીટીલીન વડે એ ગોળો ભેદવાનું સૂચવ્યું. એ રીતે ગોળો ભેદાતાં એની અંદરની અગમ્ય યંત્રરચનાએ જેટલું આશ્ચર્ય ઉપજાવ્યું એથી પણ વધુ આશ્ચર્ય તો આવો ક્યાં યે સાંધા કે ફાટ વિનાનો અખંડ ગોળો ભેદીને કોઇ બહાર શી રીતે નીકળી શક્યું હશે એ પ્રશ્ને ઉપજાવ્યું.

ખરેખર? મંગળના ગ્રહ પરથી જ કોઈ આ ગોળામાં આવી પડ્યું હશે? વિજ્ઞાનનો તર્ક લટકાવવાને એ કલ્પના એકાદ ભવ્ય ખીંટીની ગરજ સારે તેમ હતી. અને 'લંડન ઍરો' પત્રના તરુણ પત્રકાર ડેવિડ ટર્નરે સર ગૅડ્સ્બી બ્રાઉના મોંએ પણ કશોક સંભવ સાંભળેલો, એટલે એણે તો સત્વર લંડન પહોંચી જઈને બીજાં બધાં વર્તમાનપત્રોને મહાત કરે એવા ચમત્કાર સમાચાર ઉપજાવી કાઢ્યા. 'એ શું છે?' એવા પ્રશ્નાર્થ નીચે મંગળનિવાસીના પૃથ્વી પરના અવતરણનું તેણે રોમાંચક બયાન રજૂ કર્યું અને બીજાં બધાં પત્રો કરતાં વધુ સમય તેની ચર્ચા ચાલુ રાખી.

અને એ ચર્ચાને કારણે જ ટર્નરને એક વિલક્ષણ મુલાકાત થવા પામી. 'કોઈક તમને મળવા આવ્યું છે' એમ બોલતી નોકરડીના ચહેરા પર એટલું બધું આશ્ચર્ય એણે જોયું કે તરત તો એ કાંઈ ન સમજી શક્યો. પરંતુ આગળના ખંડમાં એણે જાતે જઈને જોયું ત્યારે એને લાગ્યું કે આગંતુક માટેનું નોકરડીનું આશ્ચર્ય સકારણ હતું.

ખુરશીમાં બેઠેબેઠે પણ આગંતુકનું ઠીંગણું કદ આગળ તરી આવતું. બહુબહુ તો પાંચેક ફૂટની તેની ઊંચાઇ હશે. તદ્દન શીહા કાળા રંગનો સૂટ એણે પહેર્યો હતો, ને ખમીસને ઠેકાણે પણ કશુંક કાળું જ વસ્ત્ર હતું. એની પીઠ ને છાતી એટલાં બહાર નીકળી આવેલાં હતાં કે એકાદ ખૂંધિયા આદમીનું ભાન કરાવતાં; છતાં ખૂંધિયા જેવો એ કદરૂપ નહોતો લાગતો. હાથે વળી પીળાં મોજાં એણે પહેરેલાં, ને ટોપી (એ પણ કાળી જ) ઉતારીને બાજુના મેજ પર મૂકેલી.

ટર્નર તો ઉઘાડા મસ્તકે બેઠેલા એ આદમીને તાકી જ રહ્યો. આરસ જેવા સફેદ ચહેરા પર આગળ પડતાં તેનાં ચોરસ જડબાંમાં તેના હોઠ સખ્ત ભીડેલા રહેલા. લાંબા પાતળા નાકની બન્ને બાજુએ ઝાંખી વાદળી-ગાંજરી આંખો પર સીધી રેખામાં ભરાવદાર ભમ્મરો આવેલી. અને એનું કપાળ? ટર્નરે જન્મારામાં એવું કપાળ કોઈનું નહોતું જોયું. ભવાંથી માંડીને અક્કડ ઓળેલા એના કાળા ચળકતા વાળ સુધી લગભગ અરધા ફૂટનો વિસ્તાર એ રોકતું. અને એના માથાનો ગુંબજ? જગતભરની પ્રતિભા જાણે એ ખોપરી નીચે જ વસી હોય એવો ભાસ એ મસ્તક કરાવતું.

'તમે જ મને મળવા માગતા હતા?' છેવટે ટર્નરે પૂછ્યું.

'હા.' ધીમા, ઊંડા ને રણકતા અવાજે, જાણે ટર્નર પર આભાર ચઢાવતો હોય તેમ આગંતુક બોલ્યો. પછી ધીમે રહી એ ઊઠ્યો ને ટર્નરનો હાથ પોતાના હાથમાં લીધો. એ ઠંડા અને મજબૂત હાથનો સ્પર્શ અનુભવતાં ટર્નર સહેજ કંપી ઊઠ્યો ને પછી વિવેકદર્શક અવાજે બોલ્યો, 'કંઈ નહિ; બેસોને.'

અને આગંતુકના બેઠા પછી એની સામે એક ખુરશી ગોઠવતાં તે બોલ્યો, 'મારું એવું શું કામ પડ્યું છે તમને?'

'કામ? જુવાન, તું જાણે છે કે હું મંગળનો નિવાસી છું? મારું નામ સોલિવસ વાસ.'

'ઓહ!' ભયચકિત મૌનમાં સરી પડેલો ટર્નર એટલું જ બોલી શક્યો. જો કે એની અરધી અપેક્ષા તો એવું જ કંઇક સાંભળવાની



જોતજોતાંમાં તો સિંહ-મંડિત નેલ્સન-સ્તંભની ચોમેરનું લંડનનું ટ્રફાલ્ગર સ્કવેરનું આખું મેદાન માનવમેદનીથી ચિક્કાર ભરાઇ ગયું.

હતી, પણ નગ્ન હકીકત તરીકે એ સાંભળીને તો તે સડક જ થઈ ગયો.

'અં...કંઇક વિચિત્ર નામ તો ખરું.' અનિશ્ચિતપણે કંઈક બોલવાની હિંમત એણે કરી.

'ડેવિડ ટર્નરનું નામ મને જેવું લાગે, એથી વધુ તો નહિ જ.' વાસે શાંતિથી જવાબ આપ્યો. 'વારુ. હવે મુદ્દાની વાત પર આવીએ.'

એટલું કહી, પ્રેત જેવા પોતાના બંને હાથ ભીડતો-સૌજન્યપૂર્વક એ આગળ નમ્યો: 'જુવાન, મેં તને એક બુદ્ધિશાળી ને ખંતીલા આદમી તરીકે શોધી કાઢ્યો છે. બીજા બધા જ્યારે સસેક્સમાં દેખાએલી વસ્તુને જંગી તોપગોળો માની રહ્યા હતા, ત્યારે તે અજ્ઞાનીઓને તેં ચીવટપૂર્વક સાચી વસ્તુ સમજાવી છે.' એમ કહેતાં એણે મોં મચકોડ્યું, ત્યારે એના અસપ્રમાણ સફેદ દાંત સહેજ દેખાયા. ત્યાર બાદ તે પાછો સ્વસ્થ બની ગયો.

'મારી જાતિ મંગળની સપાટીની નીચે ખૂબ ઊંડે રહે છે.' મંદ સ્વરે તે બોલવા લાગ્યો. 'દેખાવમાં તમો પૃથ્વીવાસીઓ સાથે હું અત્યારે દેખાઉં છું એટલી હદે અમે સામ્ય નથી ધરાવતા. કૃત્રિમ સાધનોએ મારું આ રૂપ-ઘડતર સાધવામાં આવ્યું છે. છતાં તું જુએ છે તેમ મારાં જબરાં ફેફસાં ઢાંકી નથી શકાયાં.'

'વર્ષો થયાં અંતરીક્ષપ્રવાસ માટે અમે લોકો મથી રહ્યા હતા, ત્યારે માંડમાંડ હમણાં સફળ થયા છીએ. પૃથ્વી પર ઊતરવું હોય તો પાર્થિવ પરિસ્થિતિને અનુકૂળ બનવું પડે, જે અનુકૂળતા હું સાધી શક્યો છું. અઠવાડિયાએક પહેલાં હું તમારા ગ્રહ પર આવી લાગ્યો. મારી ભાષાનો પ્રશ્ન તને મૂંઝવે છે કેમ?' ટર્નરના ચહેરા પર કંઇક આશ્ચર્યનો ભાવ જોઇ તેણે આગળ ચલાવ્યું; 'એ તો તદ્દન સરળ છે. તમારા ટૂંકા રેડિયો-તરંગો તમારા વાતાવરણના ઉપલા પડમાં થઇને અંતરીક્ષમાં આબાદ પહોંચી વળે છે એ તું જાણે છે? તમારા કરતાં વધારે વિકસિત અમારાં યાંત્રિક સાધનો વડે તમારાં અનેક રેડિયો–પ્રવચનો અમે ઝીલીએ છીએ. એ વડે તમારી જ નહિ પણ પૃથ્વી પરના અનેક દેશોની ભાષા શીખવી અમારે માટે સહેલી બની ગઈ છે. છેલ્લા એક અઠવાડિયાથી હું કોઇ વિશ્વાસપાત્ર વ્યક્તિની શોધમાં હતો; અને અંતે તને શોધી કાઢ્યો.'

'તમારા અંતરીક્ષયાન પર મારા પત્રમાં મેં બહુ ચર્ચા ચલાવી એ સાચું, પરંતુ હું જે કંઈ લખું તેમાં સર્વદા શ્રદ્ધા જ ધરાવતો હોઉં એવું ઘણીવાર નથી હોતું.' ટર્નરે હિંમત એકઠી કરતાં કહ્યું.

'બરાબર છે.' એના ચહેરાનો અભ્યાસ કરતો હોય તેમ થોડી વાર તેને તાકતો રહ્યા બાદ વાસ બોલ્યો. 'કશા જ પુરાવા વિના મારી હકીકત સ્વીકારી લેવાનું હું તને નથી કહેતો, કારણકે પૃથ્વીવાસીઓ પુરાવા વગર કશી વાત માનવા નહિ પ્રેરાય એ હું જાણું છું. તમો પૃથ્વીવાસીઓને હું મંગળના વિજ્ઞાનની શક્તિ દર્શાવવા માગું છું. તમને એ નર્યું જાદુ લાગશે, પણ જાદુ જેવું એમાં કશું નથી. હું પૃથ્વીવાસીઓને એવી પ્રતીતિ કરાવવા માગું છું કે મંગળનું વિજ્ઞાન, જો તેઓ ઇચ્છે તો, તેમના પર અકલ્પ્ય આશીર્વાદ ઉતારી શકે તેમ છે. અને હું, એક મંગળનિવાસી, એમના શત્રુ તરીકે નહિ પણ મિત્ર તરીકે આવેલો છું.'

'અને તમે એ આશીર્વાદ અમારા પર શા માટે ઉતારવા માગો છો?' ટર્નરે ઝડપી પ્રશ્ન કર્યો. 'એ માત્ર ઉદારતા છે કે પછી બીજું કંઈ?'

'નાણાંવ્યવહાર.' મંગળનિવાસી સસ્મિત બોલ્યો. 'તમે ઇચ્છો તો મને મંગળના ગ્રહના એક એલચી તરીકે ગણી શકો છો. હું જે કંઇ કરી બતાવીશ તેનાં મૂળ, અમે મંગળમાં જેને તંત્રવિદ્યા તરીકે ઓળખીએ છીએ તેમાં રહેલાં છે. ભારતમાં એ વિદ્યા સારી પેઠે ખીલેલી, પણ આજે લુપ્તપ્રાય: છે. તિબ્બતના કેટલાક ધર્મગુરુઓ તેનાં મૂળતત્ત્વોનો કિંચિત ખ્યાલ ધરાવે છે. અમો મંગળનિવાસીઓએ તો એ વિદ્યાને એક કળારૂપે ખીલવેલી છે. એનું રહસ્ય પણ તમને બતાવી દેવામાં વાંધો નથી, જો મંગળ પર જેનો અભાવ છે એવી કેટલીક પાર્થિવ વસ્તુઓ અમને એના બદલામાં આપવામાં આવે તો. દાખલા તરીકે શુદ્ધ મીઠું, કાર્બન, વગેરે.'

'પણ પૃથ્વીવાસીઓને ગળે આ બધી હકીકતો તમે શી રીતે ઉતારશો?'

'પ્રત્યક્ષ પ્રયોગથી. આવતી કાલે જ હું તને—જગતભરને એ બતાવી આપીશ. કાલે સવારે દસ વાગ્યે તું ટ્રફાલ્ગર ચોકમાં આવીશ?'

'આવા મહત્ત્વના પ્રસંગની નોંધ લેવા તો હું જગતના કોઈ પણ ભાગમાં પહોંચી જાઉં.'

'મને જો તારા પત્રની સહાય અપાવીશ તો સઘળી અગત્યની બાતમી હું સૌ પહેલી તને જ આપીશ.'

એટલું કહેતાં એ ઊઠ્યો, અને 'વારુ ત્યારે, કાલે સવારે દસ વાગ્યે' એવી છેલ્લી સૂચના સાથે પોતાની પછવાડે બારણું વાસતો ગયો.

[૨]

ટર્નરે પોતાના પત્રની છેલ્લી આવૃત્તિમાં મંગળનિવાસી વાસ સાથેની પોતાની મુલાકાત છાપીને સારા યે લંડન શહેરમાં સનસનાટી ફેલાવી દીધી. કેટલાક એ સાચી માનતા, કેટલાક એ તરફ વ્યંગ કરતા, પરંતુ માનનારા કે ન માનનારા સઘળા જ બીજી સવારે ટ્રફાલ્ગર ચોકમાં જઈ પહોંચવાને ઉત્સુક તો હતા જ—કંઇ નહિ તો છેવટે ટર્નરના પત્રની ઠેકડી ઉડાવવાને પણ!

ઉનાળાના તેજસ્વી પ્રકાશમાં ટર્નર જ્યારે ટ્રફાલ્ગર ચોકમાં પહોંચ્યો ત્યારે એના અનેક હરીફ પત્રકારોને પણ તેણે ત્યાં આવેલા જોયા. 'ક્લૅરિયન' પત્રવાળી જોન વીનગેટ એમાં મુખ્ય હતી.

ટર્નર ત્યાંથી સહેજ આગળ વધીને નેલસનના સ્મારક લગી પહોંચ્યો ત્યાં બિગબેનમાં દસના ટકોરા થયા. એ જ વખતે ફફડાટ કરતાં કેટલાંક કબૂતરોના ઊડવા સાથે ટર્નરને પરિચિત મંદ અવાજ સંભળાયો, 'ગુડ મૉર્નિંગ, મિ. ટર્નર, હું બરાબર વખતસર જ છું ને?'

ટર્નર સહેજ આંખો ચોળતો અવાજની બાજુએ ફર્યો. એકાદ મિનિટ પહેલાં તો મંગળનિવાસીનો કશો પત્તો નહોતો એ એણે એની સગી આંખે જોએલું. અને એટલી જ વારમાં એ આવી પહોંચ્યો હતો—ગઈ કાલના જ પોશાકમાં, પણ એક નાના ઍટેચી કેસ સાથે.

'ઓહ—હલો!' ટર્નરે સંદેહયુક્ત પ્રત્યુત્તર વાળ્યો. એના હરીફ પત્રકારો તેમજ બીજાઓને એટલી વારમાં ત્યાં ઘેરાઈ વળતા જોઇને સૌને સંબોધતો એ બોલ્યો: 'મિત્રો, આ છે સોલી—'

પરંતુ મંગળનિવાસી તેને વચ્ચે જ અટકાવી દેતો બોલ્યો, 'એ વિધિ મને જ પતાવવા દે દોસ્ત!'

વાસે પોતાની માંજરી આંખો ચારે બાજુ ફેરવી જોઇ. ટર્નરે જોઇ લીધું કે જોન વીનગેટ તેના પ્રત્યે ઉપહાસભર્યું સ્મિત કરી રહી હતી. વાસે પોતાને માથેથી ટોપી ઉતારીને લોકોને પોતાની જબરી ખોપરી વડે આશ્ચર્યમાં નાખી દેતાં જણાવ્યું: 'ટર્નર તમને કહી રહ્યો હતો તેમ હું છું મંગળનિવાસી સોલીવસ વાસ. મારા આગમનનાં કારણો તો એણે ઉત્તમ રીતે આલેખ્યાં છે. હવે હું મારી શક્તિના પ્રાયોગિક ઉદાહરણરૂપે તમને એક હિંદી ખેલ કરી બતાવીશ.

એટલું કહી એણે સાથેની નાની પેટી ઉઘાડીને તેમાંથી વીસેક ફૂટનું એક દોરડું કાઢ્યું. એકબે વાર આમતેમ હલાવીને તેણે એ હવામાં અદ્ધર ઉછાળ્યું. અને ખરેખર! (અનુસંધાન પૃષ્ઠ ૬૨મે)

દુનિયા આખીમાં જેને મળતી બીજી કોઇ રમત નથી એવી, ભારતભરમાં પ્રાંતેપ્રાંતે રમાતી
આપણા દેશનાં મેદાનોની શોભા રૂપ રમત

લેખક
વાસુદેવ ભટ્ટ



હુતુતુ

કલ્પના કરો કે તમારે વાઘના એક પીંજરામાં કે બોડમાં જવાનું છે; સામે જ જીવતો જાગતો વાઘ બેઠો છે; તેના મોં પાસે એક સોનાનું કડું પડ્યુ છે; ને એ કડું તમારે ઉઠાવી લાવવાનું છે. તો તમે શું કરો? અંદર પેઠા સિવાય તો ચાલે એમ જ નથી; અને દિલમાંની બધી હિંમત ભેગી કરી વાઘની પાસે ગયા વિના પણ છૂટકો નથી. પછી વાઘને છેતરવો, ચૂકવવો ને શક્તિનો પરચો બતાવવો એ નક્કી કરવાનું કામ તમારું છે. ઝપાઝપી પણ કરવી પડે; અને કડું હાથ પડ્યું કે તરત તેના ઝપાટામાંથી છૂટી બહાર નીકળી જ આવવું પડે. અને દિલની હિંમત સાથે શરીરમાં તાકાત અને ચપળતા હોય તો ઝપાઝપી દરમિયાન, અગર પાછા ફરતાં, વાઘના જડબામાં એક એવી તો અડાવી પણ દેવાય કે તેને પણ યાદ રહી જાય કે મળ્યો'તો એક મરદનો બચ્ચો!

આપણી હુતુતુની રમતમાં જે મર્દાનગીની એટલે કે હિંમત અને લડાયકવૃત્તિની જરૂર પડે છે તેનો યથાર્થ ખ્યાલ આપવા માટે આ રૂપક યોજ્યું છે.

હુતુતુની રમતમાં જેવી ઝપાઝપી કરવી પડે છે તેવી ઝપાઝપી-ભરી રમતો દુનિયાના બીજા દેશોમાં પણ બહુ નથી; પણ દુનિયા-ભરની રમતોમાં તેના સ્થાનની જે અજોડતા છે તે તો તેની એક બીજી વિશિષ્ટતા ને લીધે. જગતમાં દોડદોડીની રમતો છે, ફટકા મારવાની છે, લાતો લગાવવાની, ઝીલવાની અને ફેંકવાની રમતો છે; પણ શ્વાસોચ્છ્વાસ પર રચાએલી રમત તો જગત આખામાં એક માત્ર હુતુતુની જ છે. તેની એ અદ્વિતીયતાને લીધે જ હુતુતુ વિશ્વ-ઑલિમ્પિક વખતે દેશદેશના ખેલાડીઓને આકર્ષી શકી છે.


હિંદના જુદાજુદા પ્રાંતોમાં કબડ્ડી, હુતુતુ, સૂરસૂર, ચેડુગુડુ, એમ વિવિધ નામે ઓળખાતી આ રમત આખા દેશમાં પ્રચલિત છે; અને જેમ એનાં નામ વિવિધ છે તેમ તેને રમવાની રીતમાં પણ પ્રાંતભેદે વિવિધતા છે. દરેક પ્રાંત પોતાને ત્યાં રમાતા પ્રકારને વ્યવસ્થિત કરતો જાય છે. એટલે આવતાં થોડાં વર્ષોમાં આપણને સમગ્ર દેશ માટેનું એક સામાન્ય સ્વરૂપ મળશે.

શરૂઆતમાં આપણે વાઘ પાસેથી કડું ઉઠાવી લાવવાની જે વાત કરી એ જ આ રમતનું સર્વસામાન્ય સ્વરૂપ છે. રમનારાઓની બે ટુકડી પડે. દરેક ટુકડીમાં, સામાન્ય રીતે, નવ નવ ભિલ્લુ હોય. દરેક ટુકડી મેદાનની એક એક બાજુ પસંદ કરે, અને પોતાનાં એ અર્ધ-મેદાનમાં પોતાનો વ્યૂહ ગોઠવી દે.

ત્રીસ ફૂટ પહોળાં અને પચાસ ફૂટ લાંબા મેદાનની વચ્ચે એક રેખા દોરી, બે સરખા ભાગ પાડવામાં આવે. વચ્ચેની એ રેખા 'મધ્ય-રેખા' કહેવાય. મધ્યરેખાને સમાંતર અને તેની બન્ને બાજુએ, દસ દસ ફૂટને અંતરે, બંને ભાગમાં બે રેખાઓ દોરવામાં આવે; તે દરેક 'સ્પર્શરેખા' કહેવાય. એ સ્પર્શરેખા એ જ આપણું 'સોનાનું કડું.'

હવે, રમત શરૂ થતાં, ગમે તે એક ટુકડીનો એક ભિલ્લુ 'હુતુતુ તુતુતુ...' એમ બોલવાનું શરુ કરી સામી ટુકડીમાં જાય. પોતાનો એક શ્વાસ ચાલે તેટલો વખત તેણે સતતરીતે 'હુતુતુતુ' બોલવું પડે ને તેટલા જ વખતમાં તેણે નીચેનાં બેમાંથી ગમે તે એક કામ કરવું પડે: (૧) સામી ટુકડીની સ્પર્શરેખા ઓળંગવી પડે, અથવા તેને પગ વડે અડકવું પડે; (૨) સામી ટુકડીના એક કે વધારે ભિલ્લુને હાથ વડે અડકવું પડે. આ બંને અથવા બેમાંથી એક કામ તેણે ચાલુ શ્વાસે કરવું જોઈએ અને કરીને પાછા ચાલુ જ શ્વાસે પોતાના અર્ધ-મેદાનમાં પાછા આવી જવું પડે. આ ક્રિયાને 'પાણી પાવા જવું' અથવા 'ચડાઈ કરવી' કહે છે. આપણે તેને 'સોનાનું કડું લેવા જવું' અથવા 'વાઘની બોડમાં જવું' એમ કહીએ તો યે કાંઇ ખોટું નથી.

રમતનો રસ અહીં જ છે. એક જણ કડું લેવા જાય છે. તેની સામે નવ નવ ભિલ્લુ ડાઘિયા જેવા ઊભા છે. કડું લેવા જનાર પાસે બહુ વખત નથી;—પોતાના એક શ્વાસ જેટલી જ સમયમર્યાદામાં તેણે પોતાનું કામ પૂરું કરવાનું છે. પેલા નવ જણા પણ એ જાણે છે. અને તેથી એટલા સમય સુધી એને પોતાની સ્પર્શરેખાથી દૂર રાખવાનો, અને પાછો પોતાને તે અડકી ના જાય તેનો, પ્રયત્ન કર્યા કરે



હુતુતુની રમતના મેદાનનો ખ્યાલ આપતા આ નકશામાં (તેમજ લેખના મથાળામા) આપણે જાણે કોઇ અગાશી પરથી રમત જોતા હોઇએ ને જેવી દેખાય તેવી રીતે આલેખન કર્યું છે.

છે. આ પ્રસંગ મેદાન ઉપર જોવાની ખરેખરી મઝા છે. અત્યારે તમારી કલ્પનાના જોરે તમારી આંખ આગળ આ દૃશ્ય ખડું કરો:

કડું લેવા ગએલો ભિલ્લુ સ્પર્શરેખાને કેવી રીતે અડકવું તેની તરકીબ ગોઠવી રહ્યો છે; તો સામાવાળા તેને આખો ને આખો જ કેવી રીતે ઉઠાવી લેવો તેનો ખ્યાલ કરી રહ્યા છે. કડું લેવા ગએલો ભિલ્લુ વિચાર કરે છે કે સ્પર્શરેખાને પગ અડકાડવા જઇશ એવો જ મારો પગ કોઈ ઉઠાવી લેશે તો? જ્યારે તેના પગ સામે ઊભેલા વિચાર કરે છે કે તેનો પગ ઉઠાવવા જઇએ ન જઇએ ત્યાં જ તે તેનો હાથ આપણને અડકાડીને નાસી જશે તો? કડું લેવા જનાર વિચાર કરે છે કે આ બેત્રણ જણા મને ઘેરવા માટે વધારે ને વધારે મધ્યરેખા તરફ આવી રહ્યા છે; એ તકનો લાભ લઈ તેમને હાથ અડકાડીને નાસી જવું. ઘેરવા આવેલા વિચાર કરે છે કે આ હવે જરાક વધારે અંદર ઘૂસે અને સ્પર્શરેખા તરફ નજર ફેરવે એ જ વખતે તેને ભીડાવી લેવો. આમ બંને પક્ષે પેંતરા ગોઠવાતા જાય છે. પણ એમ કચ સુધી ચાલે? કડું લેનારનો શ્વાસ ફરિયાદ નોંધાવી રહ્યો છે કે હવે જે કાંઇ કરવું હોય તે જલદી કરો નહિતર પછી...!

ત્યાં તો, જુઓ, જુઓ! પેલા પગ પકડનારે તક સાધી! તેણે જોયું કે કડું લેવા આવનાર જરાક થોથરાય છે, જરાક મુંઝાયો છે, નજર પેલી બાજુ છે અને હાથ જરા બાજુ પર ખસ્યા છે,–બસ! તેણે એક ચિલઝડપ લગાવી; હાથ લંબાવ્યા; કડું લેનારનો પગ ઢીંચણ ઉપરથી—જાંગેથી પકડ્યો અને જોર કરીને પોતાની તરફ ખેંચ્યો.

અને કડું લેનાર? તેણે હાથ લંબાતા જોયા કે તરત જ ચોંકયો! સમજી ગયો કે મારો પગ ઝીપડ્યો! તરત તેણે પગ પાછો ખેંચવા ઉઠાવ્યો. પણ ત્યાં તો પેલા વાઘનો પંજો તેને ચોંટી પડ્યો હતો અને ખેંચવા ય લાગ્યો હતો. કડું લેવા જનારે પગ વીંઝ્યો. પકડ મજબૂત હતી એટલે છૂટ્યો તો નહિ. પણ જરાક પોતાની તરફ આવી શક્યો. તેણે તરત જ પડતું મેલ્યું—એટલા માટે કે આઠ જ ફૂટ દૂર પડેલી મધ્યરેખાને હાથ અડકાડી શકાય. તેને લાગ્યું કે પડ્યો ને હાથ લંબાવ્યો એટલે સીધો મધ્યરેખાને અડકી જ ગયો સમજો.

પણ ત્યાં તો એક જણ તેની સામેથી આવ્યો, તેની છાતી નીચે ઘૂસ્યો; તેને કમરેથી ઉઠાવ્યો; અને તે જમીન પર પડે તે પહેલાં તો તેને અદ્ધર કરવા માંડ્યો. આશા તો હવે બહુ થોડી હતી; પણ એમ હિંમત હાર્યે ના ચાલે. તેણે છેલ્લો પ્રયત્ન કર્યો. બધી જ તાકાત એકઠી કરીને શરીરને જોરથી આંચકો આપ્યો. એક, બે અને ત્રણ આંચકામાં તો તે જમીન પર પડીને મધ્યરેખા સુધી આવી ગયો.

હવે તો માત્ર બે ઇંચનું જ અંતર બાકી છે. આ આંખના પલકારામાં પણ ઝપાઝપી તો ખૂબ કરી છે, બરાબર કરી છે; તો શું હવે બે ઇંચ માટે જ અટકી પડાશે? નવનવ જણનું જોર પાછું ખેંચી રહ્યું હતું. એક જણાએ પેલો પગ હજી નથી મૂક્યો; બીજો એક છાતીએ વળગ્યો હતો તેણે પોતાની પકડ ગુમાવી હતી, પણ એ પકડને બદલે ખભા પાસેથી બીજી પકડ લઈ તેને પાછો ખેંચી રહ્યો હતો; ત્રીજો વળી એક કેડેથી વળગ્યો છે; અને બીજા છ જણા સીધી કે આડકતરી રીતે પેલા ત્રણ જણને મદદ કરી રહ્યા છે. આ બધો હિસાબ જોતાં......

પણ, હજુરીની! આ શ્વાસ જ ખૂટવા માંડ્યો! ફેફસાં ખાલી થઇ ગયાં છે. અરે! બે સેકન્ડ તો વધારે સાથ આપો! નહિ; ખલાસ! અવાજ નીકળતો બંધ થઇ ગયો. પંચની સીટી વાગી અને તેણે જાહેર કર્યું કે કડું લેવા જનાર મરી ગયો છે–એટલે કે 'બાદ' થયો છે. આનંદની કીકિયારીઓ સાથે પેલા નવ જણાએ તેને છોડી દીધો. કોઈ ભુલભુલામણીમાંથી બહાર નીકળતા હોય તેમ ગૂંચવાએલાં શરીરોમાંથી સૌએ પોતપોતાના અવયવો બહાર કાઢી લીધા ને રમતને આગળ વધારવા પોતાનાં સ્થાને ગોઠવાયા.

કડું લેવા જનાર આસ્તેથી ઊઠ્યો, શરીર સંભાળ્યું અને ચટક લઇને પોતાની હદમાં દાખલ થઇ અલગ બેસી ગયો.

આ તો થયો માત્ર એક જ પ્રસંગ. આ રીતે દરેક ટુકડીનો એક એક ભિલ્લુ વારાફરતી સામા પક્ષમાં જશે અને કડું લાવવા પ્રયત્ન કરશે. કોઈ પકડાઇને આવશે, તો કોઇ વળી બેત્રણ જણને પકડીને પણ આવશે. કોઇ ચિલઝડપ હોશિયારી વડે સરળતાથી એ સ્પર્શરેખાને અડકીને આવશે, તો કોઈને એ સ્પર્શ કરવા માટે જુદીજુદી જગ્યાએ વલખાં મારવાં પડશે. કોઇનો પગ પકડાઈ જશે, તો કોઈ પગ પકડનારને ઢસડીને છેક મધ્યમરેખા સુધી આવી પહોંચશે. કોઈ ઘેરાઈ જશે, તો કોઈ ઘેરામાંથી છલંગ મારીને બહાર નીકળી આવશે. કોઈ પોતાના જ વેગને લીધે સામાની હદમાં પછડાઈ જશે તો કોઈ શક્તિનો પરચો બતાવી, ઝપાઝપીમાં સફળ થઈ, સલામત પોતાની હદમાં પાછો આવશે. કોઇનો શ્વાસ એટલો વહેલો અટકી જશે કે કડાને પહોંચી પણ નહિ શકે, તો કોઈનો શ્વાસ એટલો લાંબો ચાલશે કે પકડનાર ત્રાસી જશે. આમ, એટલી તો વિવિધ પ્રયુક્તિઓ આ રમતમાં જોવાની મળશે કે આપણું લોહી ઉત્સાહથી ગરમ અને આપણી તબિયત તરબતર થઇ જશે. અને જો, આપણાં બદનમાં હજી જુવાનીનું લોહી ફરતું હશે તો, રમતના મેદાનમાં યે ઊતરી પડવાનું મન થઈ જશે.

ખરેખરા મર્દને શોભે તેવી હિંમત, શક્તિ, ને ચપળતાના ગુણ કેળવતી આ રમતની બીજી વિશિષ્ટતા એ છે કે તેમાં લાંબા-પહોળા મેદાનની જરૂર નથી પડતી. પોળોનાં ચોકઠાંમાં પણ આ રમત રમી શકાય તેમ હોવાથી ગિલ્લીદંડા, હૉકી, ફુટબૉલ કે ક્રિકેટની માફક તમારે શહેરના છેડાઓની શોધમાં જવું નહિ પડે. વળી કશાં સાધનની પણ ખટપટ નહિ; અને ખર્ચ તો નામનું યે નહિ! આ બધાં કારણોને લીધે જ આ રમત ખૂબ પ્રચાર પામી રહી છે. હા; એક વાત છે, કે કપડાંની ઇસ્ત્રી તરફ નજર રાખનાર, ચામડીને સુંવાળી જ રાખનાર કે શરીર પર ડાઘ ન પડવા દેનાર આપણા પાપડ બહાદુર ફિશિયારિયા જુવાનો (!) આ રમત નહિ રમી શકે.

સંસારભરની સર્વશ્રેષ્ઠ આ રમત વ્યક્તિનાં ઘડતરમાં તો ઘણો મોટો ફાળો આપે છે. તાકાત અને ચપળતા જેવા સ્થૂલ શારીરિક ગુણો ઉપરાંત ફેફસાંની શક્તિ ને લોહીનાં અભિસરણ જેવા અદીઠ શારીરિક ગુણો, અને સતેજ જ્ઞાનતંતુ તથા ચકોર દૃષ્ટિ ઉપરાંત નજર ને અનુમાનથી અંદાજ કાઢવાની શક્તિ તથા હૈયા-ઉકલત જેવા માનસિક ગુણો,–અને એ બધાંથી યે વિશેષ તો યુદ્ધને આમંત્રવાની અને તેમાં ઝંપલાવવાની છાતી, આ બધું આ રમત દ્વારા વિકસાવી શકાય છે.

અંગ્રેજીમાં જેને team-work કહે છે એટલે કે આખા સમૂહે જેમાં એક જ વ્યક્તિ બની જવાનું છે એ તત્ત્વ તો આ રમતમાં જેટલું ઘનીભૂત થયું છે એટલું કદાચ કોઈ રમતમાં નથી થતું. ટાઈપિસ્ટ ટાઈપ કરતો હોય, દરજી સીવતો હોય, લુહાર ઘડતો હોય કે વાઘ શિકાર કરતો હોય ત્યારે તે દરેકનાં જુદાંજુદાં અંગો જુદુંજુદું છતાં એક જ મગજથી અને એક જ લક્ષ્ય તરફ દોરાતું કામ જે રીતે કરે છે તે રીતે, વિવિધ-અંગી છતાં સંવાદી, જુદીજુદી સમજથી છતાં એક જ સિદ્ધિ માટેનું સામાજિક કાર્ય કરવાની તાલીમ તો હુતુતુ દ્વારા જ સરસ રીતે આપી શકાય. આપણા ભારત દેશનાં મેદાનોની શોભારૂપ આ રમતની કિંમતનું શિખર તો આ જ છે.

રૂપાંકન (Design) કલા

કાપડ પરની વિવિધ ભાતોનાં રૂપસર્જન વિષે કલાકારો વિદ્યાર્થીઓ અને ધંધાદારીઓને માર્ગદર્શન આપતો લેખ

લેખક અને આલેખક · લક્ષ્મીપ્રસાદ સેવક



કલાના હરકોઈ ક્ષેત્રમાં રૂપસર્જન (Design)નું તત્ત્વ વત્તે-ઓછે અંશે સમાએલું છે જ. કોઇ પણ શિલ્પ, સ્થાપત્ય કે ચિત્રકૃતિના સંયોજનમાં તે હોવા ઉપરાંત શિલ્પ-સ્થાપત્યની બારીક નકશીમાં તેમજ ચિત્રકૃતિઓનાં પાત્રોનાં વસ્ત્રવિધાન, અલંકાર વગેરેમાં રૂપાંકનનું સ્વરૂપ પ્રકટરીતે મળી આવે છે.

યંત્રયુગ બેઠા પહેલાં ભારતમાં આ કલા એટલી બધી વિકસેલી અને વૃદ્ધિ પામેલી કે દૂરદૂરના દેશોમાં પણ તે સન્માનિત થઈ હતી. કાશ્મીરના ઉચ્ચ કલાનકશીથી ભરેલા શાલદુશાલાએ નેપોલિયન સુદ્ધાંને પણ મોહિત કરેલો. પ્રાચીન મીસર, ગ્રીસ તથા ઇટાલીની કલારસિક પ્રજાએ તો એ કલાને અપનાવી પોતાના જીવનવ્યવહારમાં ઉતારી હતી. કાશ્મીરના ગાલીચા, પડદા, રજાઇઓ, ચાદરો, શેત્રંજીઓ, શાલદુશાલા વગેરે પરના અદ્‌ભુત ભરતકામ ઉપરાંત, કાશીનાં વાસણો પરનું બેનમૂન કોતરકામ તથા પરાપૂર્વથી ચાલતી આવતી રંગોળી પૂરવાની આપણી પ્રથા વગેરે અત્યારે પણ સુપ્રસિદ્ધ છે. સૌરાષ્ટ્ર અને ગુજરાતની ગ્રામ-સુંદરીઓની સુદૃઢ ને નમણી દેહલતાને સૌન્દર્ય બક્ષતાં ભાતીગળ ઘરચોળાં, બાંધણી, પટોળાં, ચુંદડીઓ વગેરે રંગબેરંગી વસ્ત્રવિધાનમાં તથા એમના હાથે બનાવેલાં તોરણો, ચંદરવા, ચાકળા વગેરેમાં રૂપાંકન કલા લહેરી ઊઠે છે આપણાં પ્રાચીન રમકડાંથી માંડી આજના શાંતિનિકેતનનાં ચામડાનાં પાકીટ સુધી પથરાએલી રૂપકલા પરદેશોમાં પણ પ્રસિદ્ધ થઈ ચૂકી છે.

રૂપસર્જનનો વિષય એટલો બધો વૈવિધ્યભરપૂર અને વિસ્તૃત છે કે તેના એકએક વિષયનું બારીક પૃથક્કરણ કરવામાં આવે તો મોટું પુસ્તક ભરાય. પરદેશોમાં આ કલાના વિષયને સ્પર્શતાં અને તેની સમાલોચના કરતાં જાતજાતનાં પુસ્તકો પ્રકટ થએલાં છે, જેથી ત્યાંના કલાકારવર્ગ તથા ત્યાંના ઉદ્યોગોને તેનો પૂર્ણ લાભ મળે છે. રૂપાંકન કલાના અનેકવિધ ક્ષેત્રોમાં વિસ્તરેલી છે. શિલ્પ-સ્થાપત્ય, ભરતગૂંથણ, વાસણો પરની કલાનકશી, રંગોળી, કાગળ-કોતરકામ, ચામડા પરનું નકશીકામ (leather embossing), આભૂષણો, વસ્ત્રો પરની છાપકલા આદિ અગણિત એનાં ક્ષેત્રો છે. પરંતુ પ્રસ્તુત લેખમાં તો માત્ર કાપડના ઉદ્યોગમાં તેની જે ઉપયોગિતા અને વિશિષ્ટતા છે તેને જ રજૂ કરવાનો પ્રયત્ન કર્યો છે.

મનુષ્યની પ્રાથમિક જરૂરિયાતો બે: અન્ન ને વસ્ત્ર; એટલે મનુષ્યે આદિકાળથી વસ્ત્ર તથા વસ્ત્રકલાને વિકસાવવા ને શોભાવવા અવિરત પ્રયત્નો કર્યા છે. જૂના કાળમાં લોકો ઘેર સુતર કાંતી હાથવણાટ દ્વારા કપડાં તૈયાર કરી તે પર જોઇએ તેવા રંગોનાં ભરતગૂંથણ કરી કે જાતજાતની રૂપાકૃતિઓ લાકડાંનાં બીબાં વડે છાપી પોતાની રસવૃત્તિને પોષતા ને પ્રદર્શિત કરતા હતા. પરંતુ કાળક્રમે યંત્રયુગ બેસતાં હાથવણાટ તથા હાથછાપકામના એ ઉદ્યોગને સખ્ત ફટકો પડ્યો. જોકે યંત્ર દ્વારા પણ આ કલાનો તો ઉત્તરોત્તર વધુ ઉપયોગ થતો રહ્યો છે અને અર્વાચીન યુગમાં તેની ઉપયોગિતા અને મહત્તા એકદમ વધી ગઇ છે.


કાપડ પર રૂપસર્જનનું સંયોજન મુખ્યત્વે બે રીતે થાય છે: (૧) વણાટકામથી રજૂ કરેલી ભાતો (wowen design) દ્વારા અને (૨) છાપીને રજૂ કરેલી રૂપાકૃતિ (printing design) દ્વારા.

વણાટકામની રૂપાકૃતિ સુતર, રેશમ યા જરીના તારોના તાણા-વાણા ગૂંથીને ઉપજાવાય છે. આ ગૂંથણીની રચના ખૂબ અટપટી હોય છે. વણાટમાં જેટલા તાર લેવાના હોય તેટલા જ તારની મર્યાદામાં ભાત (રૂપાકૃતિ)નો ફરજિયાત સમાવેશ કરવો પડે છે; એટલે શરૂમાં 'ગ્રાફ પેપર' ઉપર આલેખેલાં સમચોરસ ખાનાંની મદદ લઇને વસ્ત્રના તાર પ્રમાણે ખાનાંની ગણત્રી કરી તેમાં તેની ભૂમિકા રચવી પડે છે. એકંદરે આ વિષય ઘણો અઘરો અને માથાકૂટ કરાવનારો ગણાયો છે. વળી વણાટકામ દ્વારા તૈયાર કરેલી રૂપાકૃતિ છાપેલી કૃતિ જેટલો ઉઠાવ આપતી નથી. આ પદ્ધતિથી ઓઢવા-પાથરવાના ચોરસા, ફૂલવેલ ગૂંથેલી કિનારીઓ, સાડીઓ વગેરે જાતનાં વસ્ત્રો 'જૅકાર્ડ' યંત્ર દ્વારા ગૂંથવામાં આવે છે.


એને મુકાબલે છાપેલી રૂપાકૃતિ (printed design) વધુ આકર્ષક અને રસમય હોય છે. એનું આલેખન મુખ્યત્વે બે પ્રકારમાં વહેંચાએલું હોય છે: (૧) પ્રાકૃતિક આકારો (natural forms) દ્વારા, અને (૨) ભૌમિતિક આકારો (geometrical forms) દ્વારા.

પ્રાકૃતિક (કુદરતી) આકારોવાળી કૃતિઓમાં દેશદેશની પ્રકૃતિ અનુસાર માનવપાત્રો, પશુપક્ષીઓ, ઝાડપાન, ફળફૂલ, વેલપત્તીઓ વગેરેને સુયોગ્ય અને લલિત વળાંક આપી તેની આકર્ષક ગૂંથણી કરેલી હોય છે; જ્યારે ભૌમિતિક કલાકૃતિઓમાં બિન્દુ, વર્તુળ, લંબગોળ, ત્રિકોણ, ચોરસ, લંબચોરસ, પંચકોણ, ષટ્કોણ, સપ્તકોણ, અષ્ટકોણ વગેરે આકૃતિઓનાં સંયોજનો વડે આલેખન થએલું હોય છે. કલાકારની કલ્પના આ બંને ક્ષેત્રોમાં યથેચ્છ વિહરતી નૈસર્ગિક, કાલ્પનિક, આલંકારિક, ભૌમિતિક, પ્રાચીન, અર્વાચીન, પૌર્વાત્ય, પાશ્ચાત્ય આદિ અનેકવિધ લયમાં જુદીજુદી રૂપાકૃતિઓનાં મનોહર આલેખનો સર્જે છે અને જુદાજુદા દેશની પ્રકૃતિ અને પ્રણાલિકા અનુસાર તેમાં સંયોજન અને ભાવનિરૂપણની રજૂઆત થાય છે.

આ રૂપાકૃતિઓનાં સંયોજન મુખ્યત્વે પાંચ રીતે થઈ શકે છે:




૧



૨




3




૪




૫




૬




૭



૮



૯



૧૦

(૧) બિન્દુ-આકૃતિઓ (Spot Patterns): એમાં અસંખ્ય નાનાં તથા મોટાં બિન્દુઓ દ્વારા પ્રાકૃતિક અને ભૌમિતિક આકારોમાં નવીનવી રૂપાકૃતિઓ રચી શકાય છે. (આકૃતિ નં. ૧ તથા ૨)

(૨) રેખાકૃતિઓ (Linear Patterns)માં જાડી, પાતળી, સીધી, ત્રાંસી, આડી, ઊભી, ગોળ અગર વાંકીચૂંકી રેખાઓ દ્વારા તરેહતરેહની આકૃતિઓ યોજાય છે. (જુઓ આકૃતિ નં. ૩ તથા ૪).

(૩) પટ્ટા-આકૃતિઓ (Striped Patterns)માં નાના તથા મોટા અથવા તો લાંબા અને પહોળા પટ્ટામાં જુદાજુદા પ્રકારની આકૃતિઓની દૃષ્ટિરમ્ય ગોઠવણી કરી તેને પ્રાકૃતિક તથા ભૌમિતિક સ્વરૂપે આલેખવામાં આવે છે. (જુઓ આકૃતિ નં. ૫ તથા નં. ૬).

(૪) વિરોધી રૂપાંતર (આઠાપાઠા)ની આકૃતિઓ (Counter-changes)માં કૃતિઓનું સંયોજન એવી રીતે કરવામાં આવે છે કે જેથી કરીને પરસ્પરથી ભિન્ન એવી તેની આકારગૂંથણી અનુક્રમે વારાફરતી આવી શકે; જેને ખાલી અને રંગ પૂરેલા વિભાગ દ્વારા, અથવા તો પરસ્પરથી જુદા રંગો દ્વારા વિરોધાભાસી દર્શાવવામાં આવે છે. (જુઓ આકૃતિ નં. ૭ તથા નં. ૮).

(૫) બિછાત-કૃતિઓ (All–over Patterns)માં ઉપરનાં બધી જાતનાં દૃષ્ટિબિન્દુઓનો સમાવેશ કરતી, પરંતુ છૂટીછવાઇરીતે રજૂઆત ન કરતાં ઘેરાવાદાર અને જેમ બને તેમ ઓછી ખાલી જગાવાળી, બિછાત માફક પથરાએલી પ્રાકૃતિક અને ભૌમિતિક આકૃતિઓની રચના થઇ શકે છે. (જુઓ આકૃતિ નં. ૯ તથા નં. ૧૦).

આ સિવાય કિનારીઓ (borders) માટેની રૂપાકૃતિઓ પણ સર્જવાય છે. (જુઓ આકૃતિ નં. ૧૧ તથા નં. ૧૨).

આ સર્વ રૂપાકૃતિઓની રચના હમેશાં એવા પ્રકારની હોવી જોઇએ કે જેથી તેનું અનુસંધાન (Repeat) ચારે બાજુએ યોગ્ય અને એકધારી રીતે ચાલ્યા જ કરે. (જુઓ આકૃતિ નં. ૯ તથા ૧૦: તેમાં જાડી રેખાથી એક ચોરસ ખાનામાં તે આકૃતિનું મૂળ એકમ (unit) દર્શાવ્યું છે.) કૃતિમાં આ પ્રમાણે સાતત્યનો ખ્યાલ રાખવો જ જોઇએ, નહિતર ગમે તેમ અસંબદ્ધરીતે બનાવેલી કૃતિ અપૂર્ણ જ દેખાય; કારણકે તેમાં કૃતિની પુનરાવૃત્તિ કરવા માટેનું અનુસંધાન(Repeat)બેસી શકતું નથી. હવે આ સર્વ જાતની રૂપાકૃતિઓને કાપડ પર કેવી રીતે છાપવામાં આવે છે તે જોઇએ.

કાપડ પર મુખ્યત્વે નીચે દર્શાવ્યા પ્રમાણે કૃતિઓ છપાય છે: (૧) હાથ-બીબાંથી (Hand Block Printing); (૨) વેલણચક્રથી (Roll Printing); (૩) છાંટથી (Spray Printing); (૪) જાળીના ફરમાથી (Screen Printing).

હાથ-બીબાંથી વસ્ત્રને છાપવાની કલા માટે તો ભારત પ્રાચીન યુગથી સુપ્રસિદ્ધ છે. કઠણ અને મજબૂત લાકડાના ટુકડા પર રૂપાકૃતિ ચીતરેલો પાતળો કાગળ પ્રથમ ચોંટાડી તેને બારીક છીણીઓ તથા ટાંકણાં જેવાં હથિયારોથી કોરીકોરીને રૂપાકૃતિની રેખાઓને ઉપસાવી લેવામાં આવે છે. પછી તે બીબા વડે મનગમતા રંગથી કાપડ છાપવામાં આવે છે. આકૃતિ વિવિધરંગી હોય તો જેટલા રંગોની એ કૃતિ હોય તે દરેક રંગ દીઠ જુદાં લાકડાનાં બીબાં કોતરી કાઢવાં પડે છે. સામાન્ય રીતે આ બીબાંનું કદ ૬×૬×૩ ઇંચથી માંડીને ૨૦×૧૫×૩ ઇંચ સુધીનું હોય છે. છીપા તથા ભાવસાર કોમ આ મશહૂર કારીગરી માટે સૈકાઓથી પ્રખ્યાત છે.


વેલણ ચક્ર (Roll Printing)થી છાપવાની કલા બહુ ઉપકારક નીવડી છે. મોટી મોટી મીલોમાં આ યંત્રથી દિવસના હજારો વાર કાપડ સુંદર અને સફાઇદાર રીતે ચોક્કસાઈથી છપાય છે. એમાં ત્રાંબાનાં જંગી વેલણચક્રો (Rollers) પર વૈજ્ઞાનિક પદ્ધતિથી રૂપાકૃતિને કોતરવામાં આવે છે. લાકડાનાં બીબાંમાં આકૃતિઓ ઉપસાવીને કોતરવામાં આવે છે, જ્યારે આમાં, તેનાથી ઉલટી રીતે, 'રોલ'ની સપાટીમાં કૃતિને ઊંડી કોતરી કાઢવામાં આવે છે. પછી આવા બે 'રોલ' વચ્ચેથી જ્યારે કાપડ યંત્રમાં પસાર થાય ત્યારે રંગથી લેપાએલા એ 'રોલર'ના કોતરેલા ભાગમાં ભરાઈ રહેલા રંગ વડે કાપડ પર છાપ પડે છે. જાપાનમાં આ રીતે કોરેલા લાકડાના 'રોલર' વડે પણ કાપડ છાપવામાં આવે છે. પણ લાકડાના 'રોલર' જલદી નાશ પામે છે, તેથી મુખ્યત્વે ત્રાંબાના 'રોલર'નો ઉપયોગ થાય છે. આમાં પણ જેટલા રંગની કૃતિ હોય તેટલાં વેલણચક્રો (Rollers) વપરાય છે.

• છાંટ પદ્ધતિ(Spray Printing)થી પણ કાપડ પર ઝીણી નકશી છાપી શકાય છે. ફક્ત એક જ રંગમાં માત્ર ઝીણી છાંટના પલટા દ્વારા આકૃતિના તેજ-છાયાના પ્રકારોનો સુસ્પષ્ટ ઉઠાવ આપી શકાય છે. પહેલાં જાડા કાગળ કે પતરામાં રૂપાકૃતિને (Stencils), કાતરી કાઢી તેના પર રંગના દ્રાવણ ભરેલી પિચકારી(Spray-gun)થી બારીક છંટકાવ કરવામાં આવે છે, જેથી કાપડ પર તે રંગનાં ઝીણાં રજકણો છંટાય છે અને સમસ્ત કૃતિ આવાં રજકણો વડે જ બની રહે છે. આ રંગપીચકારીમાંના છિદ્રને નાનું-મોટું કરવાની ગોઠવણ હોવાથી રજ-કણો નાનાંમોટાં છાપી શકાય છે, જેને લઈને કુદરતી છાયા–પ્રકાશના સંયોજનનો ખ્યાલ આપી શકાય છે.

પણ આ સર્વ પ્રકારો કરતાં સૌથી સુંદર ઉઠાવ તો જાળીના ફરમા (Screen Printing)થી આવી શકે છે. કેટલીક કૃતિઓ એવી હોય છે કે જેનો લાકડાનાં બીબાંથી છાપે તો જ ઉઠાવ આવી શકે; જ્યારે કેટલીક એવી હોય છે કે જેને વેલણચક્રથી અથવા તો છાંટ-પદ્ધતિથી છાપે તો જ ઉઠાવ આપી શકાય છે. પરંતુ જાળીના ફરમાની પદ્ધ-તિથી તો ગમે તેવી અઘરી કૃતિ પણ સુસાધ્ય થઇ શકે છે. ઉપરાંત આ પદ્ધતિથી મોટામોટા કદની આકૃતિઓ પણ સુરેખ અને રંગ-લાલિત્યથી ભરપૂરરીતે કાપડ પર છાપી શકાય છે. જે કોઇ ચિત્રકૃતિ છાપવાની હોય તેને કાગળ પર દોરી, ઝીણી ધારદાર નરેણી કે બ્લેડથી કાપીને, જસત કે ત્રાંબાની ઝીણી જાળી પર ચોંટાડી, લાકડાના ચોક-ઠાની ફ્રેમમાં બરાબર મઢી લેવામાં આવે છે. ત્યાર બાદ છાપવાના વસ્ત્રના તાકાને સરખાં ટેબલની લાંબી હાર પર, કરચળીઓ ન પડે તેવી રીતે, ગુંદર અથવા તો મીણથી ચોંટાડવામાં આવે છે. તે પછી કાપડ પર આકૃતિવાળું ચોકઠું મૂકી, તેની સોંસરી, રંગના તૈયાર કરેલા ઘટ્ટ મસાલા વડે છાપ પાડવામાં આવે છે, જેથી રંગનું પાતળું પડ વસ્ત્ર પર બેસી જઈ ભાત પડે છે. આમાં પણ જેટલા રંગની રૂપાકૃતિ કે ચિત્રકૃતિ હોય તેટલાં ચોકઠાં તૈયાર કરવાં પડે છે અને તેને, પર-સ્પરનું અનુસંધાન (Repeat) મેળવી, એક પછી એક રંગોમાં છાપી પૂર્ણરીતે ઉઠાવ આપી શકાય છે.


ઉપર દર્શાવેલી પદ્ધતિઓની વિગતો જો ચિત્રકારના ધ્યાનમાં ન હોય તો તે આગળ વધી શકતો નથી, પરન્તુ જો તે સમગ્ર વસ્તુ-સ્થિતિ નજર સમક્ષ રાખી રૂપાકૃતિઓનું આલેખન કરે તો તે જરૂર જુદાજુદા દૃષ્ટિકોણવાળી અને નવીન વૈવિધ્યભરી કૃતિઓ સર્જી શકે છે. વળી તેનામાં સંયોજનકલા ઉપરાંત રંગવિધાનનું જ્ઞાન પણ ખાસ જરૂરી છે. કયી જાતનીકૃતિમાં કયા રંગોની મિલાવટ પૂરી મોહકતા અર્પી શકશે તેનો તેણે પ્રથમથી સચોટ ખ્યાલ રાખવો ઘટે છે. સુંદર રંગપૂરણી સાદી કૃતિના આલેખનને પણ વધુ નયનરંજક બનાવી શકે છે. કલાકાર ઘેરા કે આછા, પ્રકાશિત કે ઠંડા રંગોની યથાસ્થાને અનેરી ઝલક આપી કૃતિને ચમત્કારિક ઉઠાવ આપી શકે છે. અને આ કૃતિઓનાં સંયોજન તથા રંગોના પરિપૂર્ણ જ્ઞાન માટે તો કુદરત જેવો અખૂટ ખજાનો બીજો એકે ય નથી. સંયોજકે વારંવાર જઈ તેને ખોળે તેનું યોગ્ય નિરીક્ષણ કરી, તે દ્વારા જેટલું મળે તેટલું વિચારોનું વૈવિધ્ય મેળવવું જોઇએ. આ ઉપરાંત કુદરતે બક્ષેલાં અજબ રંગમિશ્રિત પાંખોવાળાં પતંગિયાં, વિવિધરંગી પુષ્પસૃષ્ટિ તથા જાતજાતનાં રંગબેરંગી પક્ષીઓનાં પીંછાં વગેરેમાંથી પણ રંગ-પૂરણીની અદ્ભુત પ્રેરણા મળી રહે છે.

રૂપસર્જનની આ કલા નિત્યનવીન હોવા છતાં અનંત છે. દેશદેશના કલાકારોએ આ મનોહારી કલાને પોતપોતાની સંસ્કૃતિ અને પ્રકૃતિ અનુસાર ખીલવવા પ્રયત્નો કર્યા છે. ભારતીય કલાકારોનાં ફળદ્રુપ ભેજાંએ તો તરેહતરેહની અસંખ્યાત રૂપાકૃતિઓનાં સર્જન કરીને આ કલાની સુવાસ જગતભરમાં પ્રસરાવી છે.




મથાળે તથા તદ્દન નીચે: સાડી માટે બે ડિઝાઇનોના નમ





આકૃતિ નં. ૧૧ તથા ૧૨: કિનારીઓ માટેની રૂપાકૃતિઓ



આ કલામાં આલેખકને પોતાના હાથ પર પૂર્ણ પ્રભુત્વ હોવું જોઇએ, કારણકે તેને અત્યંત ઝીણી નકશી સુસ્પષ્ટ અને સુરેખ રીતે આલેખવી પડે છે. શરૂઆતમાં તો એકાગ્રતા અને હાથનો મરોડ એટલે બધે દરજ્જે સુસાધ્ય નથી થતાં; પરન્તુ મહાવરાથી ધીમેધીમે હાથ ઘડાઈ જાય છે. 'મહેનત વગર મહત્તા નથી' એ સૂત્ર અનુસાર જેઓ સમય-શક્તિનો ભોગ આપે છે તેઓ પૂર્ણતાની ટોચે પહોંચે છે.

આપણા કરતાં પરદેશીઓએ આ વિષયની સુંદર માવજત કરી છે અને તેના ઉપયોગના ફેલાવા માટે જુદાંજુદાં પુસ્તકો પ્રગટ કર્યાં છે. હજીસુધી ગુજરાતીમાં આ કલા પર એક પણ માર્ગદર્શક પુસ્તક પ્રગટ થયું નથી એ વેપાર અને વાણિજ્યમાં આગળ રહેતા ગુજરાત માટે દિલગીરીભર્યું છે. કોઈ પણ કલાસંસ્થાએ આ અંગ માટે ખાસ પ્રયત્નો કર્યા નથી; પરન્તુ હવે જ્યારે કેળવણીમાં કલાને અગ્રસ્થાન મળવાનું છે ત્યારે આ ટૂંક માહિતી ઉપયોગી થઈ પડશે એવી આશા છે.

હાઈડ્રોજન પેરૉક્સાઇડ

રોજિંદા જીવનમાં વિજ્ઞાનનો ફાળો • હપતો ૩૪ મો

લેખક • ડૉ. ન. મૂ. શાહ, એમ.એસસી.પીએચ.ડી.

ઓઝોનના જેવો જ બીજો પ્રબળ જારણકર્તા ને ઉપયોગી આ હાઈડ્રોજન પેરૉક્સાઇડ પ્રમાણમાં વિશેષ જાણીતો છે. આ પદાર્થ કુદરતમાં જડતો નથી. એની બનાવટ તો વિજ્ઞાનની જ કરામત છે. ઈ. ૧૮૧૮માં ફ્રાન્સના રસાયનશાસ્ત્રી થેનાર્ડે તે શોધી કાઢી સંશોધન કર્યું. તે પાણી જેવો જ પ્રવાહી છે, પરંતુ તેમાં પાણી કરતાં એક અણુ ઑક્સિજન વધારે હોવાથી તેને હાઈડ્રોજન પેરૉક્સાઇડ કહે છે. પાણીને રાસાયનિક પરિભાષામાં 'હાઈડ્રોજન ઑક્સાઈડ' કહે છે; ને 'ઑક્સિજન-યુક્ત પાણી' એટલે હાઇડ્રોજન પેરૉક્સાઇડ. ગુજરાતીમાં પણ આ અંગ્રેજી નામ જ રૂઢ થઇ ગયું છે.

બેરિયમ ઑક્સાઈડને (રાસાયનિક સંબંધે આ ઑક્સાઇડ ચૂનાનો ભાઇ છે) ઑક્સિજનના વાતાવરણમાં ગરમ કરવાથી તે ઑક્સિજન વાયુને શોષે છે અને તેમાંથી બેરિયમ પેરૉક્સાઇડ નામનો પદાર્થ ઉત્પન્ન થાય છે. આ પેરૉક્સાઇડને ઠંડા હાઇડ્રોક્લોરિક યા સલ્ફ્યુરિક ઍસિડના દ્રાવણમાં મેળવવાથી રાસાયનિક ક્રિયા થાય છે અને તેમાંથી હાઈડ્રોજન પેરૉક્સાઇડનું પાણીવાળું દ્રાવણ છૂટું પડે છે. હાઇડ્રોજન પેરૉક્સાઈડવાળા દ્રાવણની કસોટી એ કે તેમાં પોટાશ્યમઆયોડાઈડનું દ્રાવણનાખવાથી તેમાંથી આયોડિન છૂટે છે.

આ જ રીતે સોડિયમ ધાતુના પેરૉક્સાઈડમાંથી પણ હાઇડ્રોજન પેરૉક્સાઇડ બનાવી શકાય છે. વળી બળતા હાઇડ્રોજનની જ્યોતને બરફ પર રાખવાથી પણ હાઈડ્રોજન પેરૉક્સાઈડ બને છે. ઑક્સિજન વાયુને પાણીમાં ઓગાળીને તેના પર અલ્ટ્રા-વાયોલેટ કિરણો છોડવાથી પણ જૂજ હાઈડ્રોજન પેરૉક્સાઇડ બને છે.

હાઇડ્રોજન પેરૉક્સાઇડ પાણી કરતાં ઓછો વાયુ-પરિણામી (volatile) છે. તેના દ્રાવણને નિર્વાતક વાસણમાં ઉકાળવાથી પ્રથમ પાણી અને પછી હાઈડ્રોજન પેરૉક્સાઇડ નીકળે છે. આ રીતે હાઇડ્રોજન પેરૉક્સાઇડના દ્રાવણને જલદ બનાવવામાં આવે છે. મર્ક કંપનીવાળા ૩૦ ટકા પેરૉક્સાઇડવાળુ દ્રાવણ આ રીતે બનાવે છે, જે 'પરહાઇડ્રોલ' તરીકે બજારમાં મળે છે. શુદ્ધ હાઇડ્રોજન પેરૉક્સાઈડ પાણી જેવો હોય છે ને નાઈટ્રિક ઍસિડ જેવી તેની ગંધ આવે છે. તે ગરમ કરવાથી ભડકા સાથે ફાટે છે. તેમાં રૂ એકદમ સળગી ઊઠે. હાઇડ્રોજન પેરૉક્સાઈડનાં પાતળાં પાણીવાળા દ્રાવણ સામાન્યરીતે સ્થિર રહે છે, પરંતુ જો તેમાં અશુદ્ધિઓ હોય તો તેમનું વિઘટન થાય છે.

હાઈડ્રોજન પેરૉક્સાઇડની કિંમત તે કેટલો ઑક્સિજન આપે છે તેના પરથી અંકાય છે. તેમાં પાણી ઉમેરી હળવો કરવામાં આવ્યો હોય યા લાંબા વખત સુધી પડી રહેલ જૂનું હાઇડ્રોજન પેરૉક્સાઈડનું દ્રાવણ હોય તો તે શોધી કાઢવા માટે નીચે આપેલી માહિતી ઉપયોગી થશે—બજારમાં મળતા હાઈડ્રોજન પેરૉક્સાઇડની બાટલીના લેબલ પર '૧૦ વૉલ્યુમ' યા '૨૦ વૉલ્યુમ' એમ છાપેલું હોય છે. તેનો અર્થ એ કે એ પ્રત્યેક અનુક્રમે પોતાના વૉલ્યુમ કરતાં ૧૦ ગણો ઑક્સિજન આપે છે. એટલે જો ૧૦ વૉલ્યુમવાળા ૧૦૦ ઘન સેન્ટીમીટર લઇએ, તો ૧૦×૧૦૦=એક હજાર ઘન સેન્ટીમીટર ઑક્સિજન વાયુ (શૂન્ય ડિગ્રી સેન્ટીગ્રેઈડ અને ૭૬૦ મીલીમીટર દબાણમાં) તે આપશે ૧૦ વૉલ્યુમવાળા હાઇડ્રોજન પેરૉક્સાઈડમાં ૩.૦૪ ટકા શુદ્ધ હાઈડ્રોજન પેરૉક્સાઈડ હોય છે.

હાઈડ્રોજન પેરૉક્સાઇડનું વિઘટન થતાં તેમાંથી ઑક્સિજન ને પાણી બને છે, એટલે તે પ્રબળ જારણકર્તા પદાર્થ છે. તેનું પાતળું દ્રાવણ જંતુવિનાશક તરીકે ઔષધમાં વપરાય છે. કાનના દુખાવામાં તેનાં ટીપાં નાખવામાં આવે છે. વાઢકાપમાં ઘા ધોવા માટે પણ તેનો ઉપયોગ થાય છે. મોં સાફ કરવા તેના કોગળા કરવામાં આવે છે. તે ક્લોરીન જેવો જલદ બ્લીચિંગ પદાર્થ નથી, એટલે મુલાયમ ચીજોને રંગવિહીન કરવામાં પણ તેનો ઉપયોગ થાય છે. રેશમ ને પીછાં જેવી ચીજોને ક્લોરીન વડે બ્લીચ કરવાથી તેમને નુકસાન પહોંચે છે. વાળને હાઇડ્રોજન પેરૉક્સાઈડ વડે ધોવાથી સોનેરી રંગના થાય છે. જૂનાં ઑઇલ પેઇન્ટિંગ કાળાં પડી ગયાં હોય તો તેના પર હાઇડ્રોજન પેરૉક્સાઈના દ્રાવણનું પોતું ફેરવવાથી તે પાછાં ઊજળાં બને. કાપડની મિલોમાં કાપડને ઉકાળ્યા વિના સતત બ્લીચ કરવા માટે હાઈડ્રોજન પેરૉક્સાઇડને ઉપયોગ કરતી એક નવી પદ્ધતિ યોજવામાં આવી છે. ક્લોરીનવડે બ્લીચ કરેલા કાપડમાંથી વધારાનો ક્લોરીન દૂર કરવા હાઈડ્રોજન પેરૉક્સાઈડનો ઉપયોગ ક્લોરીન-વિરોધી (anti-chlorin) તરીકે થાય છે. ફોટોગ્રાફિક પ્લેઈટ ઉપર હાઇડ્રોજન પેરૉક્સાઇડ એકદમ અસર કરે છે.

હાઇડ્રોજન પેરૉક્સાઈડની કસોટીમાં પોટાશ્યમ આયોડાઈડ ઉપરાંત નીચેના પદાર્થો પણ વપરાય છે. આ પદાર્થો ખાસ રંગો પેદા કરે છે, જે હાઈડ્રોજન પેરૉક્સાઈડની હાજરી પુરવાર કરે છે:

(૧) પાતળા સલ્ફ્યુરિક ઍસિડમાં ટીટનિયમ ડાયૉક્સાઈડનું દ્રાવણ હાઇડ્રોજન પેરૉક્સાઈડ સાથે મેળવવાથી પીળો રંગ પેદા થાય છે.

(૨) પોટાસ્યમ ડાઇક્રોમેટ ને સલ્ફ્યુરિક ઍસિડના દ્રાવણમાં હાઈડ્રોજન પેરૉક્સાઇડનું પાતળું દ્રાવણ ઉમેરવાથી ઘેરો વાદળી રંગ પેદા થાય છે. આ રંગ અસ્થિર છે; એટલે તે એકદમ અદૃશ્ય થાય છે, પણ જો ઇથરની સાથે તેને હલાવવામાં આવે તો ઇથર વાદળી બની જાય છે. થોડા વખત પછી ઈથર ઊડી જતાં પાછળ લીલું દ્રાવણ રહે છે.

ગુનાશોધનનાં વૈજ્ઞાનિક સાધનો
લેખાંક ૧

આંગળાંની છાપ



લેખક
નીરા નાયક
રતુ નાયક


ડિટેકટિવ ખાતાનાં ગુનાશોધક સાધનોનો પરિચય આપતી આ લેખમાળાનો પ્રારંભલેખ ગયે વર્ષે છેલ્લા અંકમાં આપીને, તે સાથે એ દિશામાં પ્રશંસાયુક્ત કાર્ય કરી પરદેશમાં પ્રતિષ્ઠા મેળવનાર એક પ્રતિભાવાન હિંદી શ્રી શિવાબાસય્યાનો પરિચય પણ આપ્યો હતો. લશ્કર, પોલીસ, જાસૂસી વગેરે દિશાઓ તરફ ગુજરાતીઓનું વલણ સદા ઓછું રહ્યું છે. પણ હવે તો દેશની એ સંરક્ષણાત્મક હરોળોમાં પણ પ્રજાએ સક્રિય રસ લીધા વિના છૂટકો નથી.

છેક સને ૧૮૯૮ની વાત છે. આસામના એક ચાના બગીચાના માલિકનું ખૂન થયું. તેની પથારીમાં ગળું કપાએલી અવસ્થામાં તે મળી આવ્યો. પાસેની તેની કાગળોની પેટી અને તિજોરી અસ્તવ્યસ્ત હતાં અને તિજોરીની મોટી રકમ બધી જ કોઈ ચોરી ગયું હતું. ખૂન થયું તે વેળાનું કોઇ સાક્ષી તો હતું જ નહિ. એટલે કોણે કોણે ખૂન કર્યું હોઈ શકે એનાં અનુમાનો કરાયાં. એમાં બબરચી, રખાત, બાગમાંનો મજૂર, પાસે પડાવ નાખી પડેલા કાબુલીઓ અને પહેલાં નોકરીમાં રાખેલો ને પાછળથી ચોરી કરતાં પકડાવેલો જૂનો નોકર (જે તાજેતરમાં જેલમાંથી છૂટ્યો હતો) એટલા ઉપર શક મુકાયા અને તપાસ શરુ કરાઈ, પણ પાયાદાર કશું ન મળ્યું. છેવટે બબરચી ઉપર શક પાકો થયો, કેમકે એના શરીરનાં કપડાં ઉપરથી લોહીના ડાઘ મળી આવ્યા. પણ એણે જણાવ્યું કે એ લોહી તો પોતે માલિકના ખાણા માટે કબૂતર મારી લાવેલો તેનું હતું. આથી એ લોહીનું રાસાયનિક પૃથક્કરણ કરાયું અને બબરચીની વાત સાચી પડી. ફરી પાછી ઝીણવટભરી તપાસ ચાલી. એમાં કાગળ-પત્રોમાંના એક કૅલેન્ડર પર લોહીનાં કેટલાંક ઝાંખાં ભૂરાં નિશાન મળી આવ્યાં. એની તપાસ કરતાં આંગળાંની છાપ ઉપસી આવી અને એ છાપને બંગાળાની મુખ્ય પોલીસ કચેરીએ લઇ જઇને સરખાવવામાં આવી ત્યારે એ છાપ પેલા જેલમાંથી છૂટેલા જૂના નોકરની નીકળી; અને કૅલેન્ડર પરના ડાઘમાંના લોહીની તપાસમાં એ લોહી પેલા ચાના બગીચાના માલિકનુંજ નીકળ્યું! છેવટે ખૂનીએ એકરાર કર્યો. તિજોરીની ચાવી શોધતાં એના લોહીવાળા હાથનાં નિશાન બાજુના કાગળપત્રો સાથેના કૅલેન્ડર ઉપર અજાણતાં જ પડી ગએલાં, તે પાછળથી આ ખૂનનું રહસ્ય શોધવામાં મદદરૂપ નીવડ્યાં.

આજે તો એ લગભગ જાણીતી વાત થઇ ગઇ છે કે દુનિયાભરમાં ભાગ્યે જ કોઇ બે માણસોનાં હાથનાં આંગળાંની છાપો મળતી આવે છે; અને આ અદ્‌ભુત વૈજ્ઞાનિક સત્યે ગુનાશોધનના કાર્યને બહુ ઝડપી અને સરળ બનાવી દીધું છે. પણ આજથી અરધી સદી ઉપર હિંદમાં આ નવી જ તરકીબથી જ્યારે ઉપલા કિસ્સામાંનો ખૂની પકડાયો ત્યારે તો આ શોધ એક જાદુના જેવી ચમત્કારિક જણાઈ હતી!

પ્રાણીઓની દરેક વ્યક્તિગત પિછાનનું કોઇ સાધન ખરું કે નહિ? એની શોધ કરતાંકરતાં મહામહેનતને અંતે વૈજ્ઞાનિકોને જણાયું છે કે હાથપગનાં આંગળાંની રેખાઓ એ કુદરતે એક એવું સાધન રચ્યું છે કે જે એકમેકથી તદ્દન જ ભિન્ન છે.


હાથ અને પગને સામાન્યરીતે વધારે ઘસારો વેઠવાનો હોય છે. કંઈ પકડવામાં, બનાવવામાં, લખવામાં, ચાલવામાં વગેરેમાં હાથ ને



આ મથાળે આપેલું ચિત્ર એક ખૂનીના લોહીથી ખરડાએલા અંગૂઠાની ખરેખરી છાપનું છે; અને તેની નીચેની આકૃતિ એ છાપ સ્પષ્ટ-રીતે તપાસીને ફરી શકાય તે માટે તેના ઉપરથી મોટું કરેલું આલેખન છે. તેમાં દર્શાવેલા A થી S સુધીના અક્ષરો એ છાપને પારખવા માટેના લાક્ષણિક મુદ્દાઓ દર્શાવતા વળાંકના છે. દાખલા તરીકે S B વાળી સીધી લીટી એ છાપમાંના વળાંકાઓનાં બે અંતિમ બિન્દુઓ S અને B દર્શાવે છે. તેને આધારે એમાં કેટલા ને કેવા વળાંકા આવ્યા તે ગણી લઇને બ્યૂરોના સંગ્રહમાંની છાપો જોડે સરખાવતાં એક છાપ સાથે તે મળતી આવી; તે પરથી તે છાપવાળા નામ–સરનામાના માણસને ખોળી કાઢી, તલાશી લેતાં તે ખૂની હોવાના બીજા પુરાવા પણ મળી આવ્યા; અને આ છાપને આધારે તેને દેહાંત દંડની સજા થઇ

પગને જ વધુ ઘસારો સહન કરવાનો છે. તેથી કુદરતે એ બે સ્થળોમાં રેખાઓની કરચલીઓવાળી ચામડી મૂકી છે, જેથી લાંબો સમય એ કાર્ય થઇ શકે. હાથ કે પગ સાવ લીસા હોત તો કંઇ પકડવામાં તેમજ ચાલવામાં બહુ મુશ્કેલી આવત. આથી કરચલીઓવાળી ચામડી ગોઠવીને એ ભાગોને થોડાક ખરબચડા બનાવ્યા છે, જેથી હાથમાં પકડેલો પદાર્થ સરકી ન જાય ને પગથી સારી રીતે ચાલી શકાય. વળી હાથપગની આ રેખાઓ, જલદી ઈજાઓ પણ ન થાય, અને થાય તો યે ઝટ મટી જાય, એ હેતુ પણ સારતી જણાય છે. એટલે, શરીરવિજ્ઞાનશાસ્ત્રીઓ જે કેવળ એટલું જ કહે છે કે આ હાથ-પગની રેખાઓ પરસેવો બહાર ઝમાવવા માટે અને સ્પર્શમાં સુવિધા લાવવા માટે જ છે, એ અમુક અંશે અધૂરું લાગે છે.

પણ આ રેખાઓની વિવિધ આકૃતિઓમાં સૌથી વધારે રસ લીધો હોય તો જ્યોતિષશાસ્ત્રીઓએ. અને એ શાસ્ત્રની પહેલી ખીલવણીનું માન હિંદને ફાળે જાય છે. અલબત્ત, ચીનમાં એ પહેલાં પણ હાથના પંજાનાં અમુક ચિહ્નોને શુભ-અશુભ માનવાનો રિવાજ હતો; પણ શાસ્ત્રીય પદ્ધતિએ એનું વર્ગીકરણ કરી એનું શાસ્ત્ર તો સૌ પહેલાં હિંદે જ બનાવ્યું. છતાં શંખ, ચક્ર, મત્સ્ય વગેરે નામોથી



આંગળાંની છાપના આઠ વિભાગો દર્શાવતા નમૂના: મથાળે ડાબી બાજુથી: (૧) Archનો નમૂનો; (૨) Tented Arch; (૩) Loop; અને (૪) Whol. નીચલી હાર: (૧) Central Pocket; (૨) Lateral Pocket; (૩) Twinned Loop અને (૪) Accidental.

એની મનુષ્યના ભવિષ્ય સાથે ગોઠવણી કર્યાથી આગળ બીજો વિશેષ એનો ઉપયોગ તો હિંદવાસીઓના યે ખ્યાલમાં આવ્યો નહોતો.

પણ ચીનાઓએ જ્યોતિષ ઉપરાંત પણ એનો બીજો ઉપયોગ કરી જાણ્યો હતો. ત્યાંના અભણ લોકો સાથેની લેવડદેવડમાં એમના અંગૂઠાનું નિશાન લેવાનો રિવાજ ત્યાં પ્રચલિત બન્યો હતો.

ઇ.સ. પૂર્વે ૨૪૬-૨૧૦માં તે-ઈન-શી નામના રાજાના અમલમાં સરકાર-માલિકીની વસ્તુઓ પર સીલ કરતી વખતે રાજાના હાથના અંગૂઠાનું નિશાન વપરાવું ત્યાં શરૂ થએલું. પછી તો બીજાં એવાં સીલ જ બનાવવામાં આવતાં, જેની એક બાજુ રાજાનું નામ હોય અને બીજી બાજુ એના અંગૂઠાની છાપ હોય. વાંસપત્રો ઉપર પણ પછી આ સીલની મહોર કરવામાં આવતી. પરંતુ ચીનાઓ પણ આથી વિશેષ એનો ઉપયોગ કરી શક્યા નહિ.

હાથનાં આંગળાંના નિશાનના આ ઈતિહાસનો ત્યાર પછીનો વિકાસ તો છેક સને ૧૮૨૩ સુધી પહોંચ્યા પછી જ જાણવા મળે છે. એ સાલમાં પ્રોફેસર જોહાનિસ પુર્કિન્જેએ શરીરશાસ્ત્રનો અભ્યાસ કરતાંકરતાં એવી એક શોધ બહાર પાડી કે આંગળાં આગળની ચામડીઓ કરચલીવાળી છે અને તે કરચલીઓથી બનતી રેખાઓ એકેએક માણસમાં જુદા જ પ્રકારની હોય છે! વળી પ્રાણીના જન્મ-થી તે એના મૃત્યુ સુધી આંગળાંની આ રેખાઓ એકસરખી જ રહે છે, એટલું જ નહિ પણ મરણ પછી પણ એમાં કશો જ ફેરફાર થતો નથી. કંઈ ઘા, કોઇ રોગની અસર કે એવું કંઇ નુકસાન થાય તો પણ પાછળથી પાછી એ રેખાઓ તો પૂર્વની અવસ્થા ધારણ કરી લે છે. જોકે આ શોધ ઉપરથી એમને વ્યક્તિગતરીતે મનુષ્યોને જુદા તારવવાનું સૂઝેલું કે નહિ એ હજુ ચોક્કસ નથી.

વળી પાછા થોડાંક વર્ષ એ વિષય લોકો વિસરી ગયા, પણ સને ૧૮૫૮માં હિંદુસ્તાનમાં બંગાળના અંગ્રેજ સરકારના પ્રતિનિધિ સર વિલિયમ હર્શેલે, કોઇ ખોટાં નામો નોંધાવી બીજાની વસ્તુઓ ન ઝડપી લે એ માટે, સરકારી દફતરોમાં માલમિલકતોના માલિકોના અંગૂઠાનાં નિશાનો રાખવાનું ઠરાવ્યું. જોકે એનું પરિણામ ઘણું સુંદર આવ્યું, છતાં યે એના ગયા પછી બીજા અંગ્રેજ અમલદારો એ પદ્ધતિને અમલમાં ચાલુ રાખી શક્યા નહિ.

આમ, આધુનિક આંગળાંની છાપની પદ્ધતિનું બીજારોપણ કરનાર તો હર્શેલને જ માનવો રહ્યો. એ પછી ૧૮૭૭માં ટોકિયોમાં વસતો ડૉકટર હૅન્રી ફોલ્ડ્સ પુરાણા જાપાનીઝ માટીકામના નમૂનાઓ પરનાં આંગળાંની રેખાની રચના દ્વારા થતા કળાકામથી આ બાબતમાં વધારે રસ લેતો થયો, અને સૌ પ્રથમ છાપવાની શાહીથી આંગળાંની છાપ લેવાની પદ્ધતિ એણે આપી. આમ, હર્શેલ અને ફોલ્ડ્સનો આ બાબતમાં ફાળો નાનોસૂનો ન ગણાય.

પછી સને ૧૮૯૨માં સર ફ્રાન્સિસ ગાલ્ટન આ વિષયમાં ઊંડા ઊતર્યા. સંખ્યાતીત અખતરાઓ કરીકરીને એણે આંગળાંનાં નિશાનોના વિભાગો પાડી એને સંઘરવાની એક પદ્ધતિ તેણે શોધી કાઢી. વિશેષમાં તેણે નાગરિકોના રેજિસ્ટ્રેશનમાટે એક 'સિવિલ બ્યૂરો'ની સ્થાપના કરી ને સાબિત કર્યું કે ૬૪,૦૦,૦૦,૦૦,૦૦૦ (ચોસઠ અબજ) વ્યક્તિઓનાં આંગળાંની છાપો લઇએ ત્યારે કદાચ જ એક છાપ બીજી કોઇને મળતી આવે.

૧૮૯૯ના એપ્રિલમાં હિંદમાં પણ આંગળાંની છાપ લેવાની આ પદ્ધતિ હિંદની પોસ્ટ ઑફિસોના ડાયરેક્ટર જનરલે શરૂ કરી.

ગાલ્ટન પછી સર ઈ. આર. હેન્રીએ ઈ. ૧૯૦૧માં આ છાપોની વર્ગીકરણ-પદ્ધતિને આકાર આપ્યો, જે 'હેન્રી સિસ્ટમ ઑવ ક્લાસીફિકેશન'ના નામથી પ્રસિદ્ધ થઇ અને અંગ્રેજી રાજ્યવહીવટમાં ગુનેગારોની પિછાન માટે અમલી પણ બની.

પછી તો આ પદ્ધતિનો વિશ્વભરમાં ફેલાવો થતો ગયો અને વિવિધ ક્ષેત્રોમાં તેની ઉપયોગિતા નોંધાતી ગઇ. અમેરિકામાં ડૉ. જે. વુસેટીચએ આના ઉપરથી એવી જ નવી પદ્ધતિ ત્યાં દાખલ કરી, તો હૅરી બૅટલીએ 'સિંગલ ફિંગર પ્રિન્ટ્સ'ની પદ્ધતિ રચી કાઢી. લોકોને પણ હવે ભાન થતું ગયું કે ગુનો બન્યો હોય તે જગ્યાની કોઈ ચીજને અડકવું જોઇએ નહિ, જેથી 'ફિંગર પ્રિન્ટ્સ બ્યુરો'નો અધિકારીવર્ગ ત્યાં આવે ત્યારે એ સ્થળની જુદીજુદી વસ્તુઓ ઉપરથી ગુનેગારનાં આંગળાંનાં ચિહ્ન તપાસીને તેના ફોટા લઇ શકે. આમ, ગુનાઓમાં તો એની જરૂરિયાત લગભગ અનિવાર્ય બની ગઈ. ઘણા દેશોએ

'ફિંગર પ્રિન્ટ બ્યુરો' સ્થાપી નામચીન ગુનેગારોનાં આંગળાંની છાપો સંઘરવા માંડી, જેથી જ્યારે પણ ગુનો બને ત્યારે એ સ્થળની આંગળાંની છાપો લાવી, 'બ્યૂરો'માંની છાપો સાથે સરખાવી એમાંનો કોઈ ગુનેગાર એ કૃત્ય માટે જવાબદાર હોય તો પકડી શકાય.

આંગળાંની આ છાપોનું વર્ગીકરણ બે મોટા વિભાગોમાં કર્યું છે અને તેમાં છાપોની આઠ પ્રકારની આકૃતિઓ (Patterns) સમાવી છે. આ આઠ પ્રકાર છાપોના જુદીજુદી જાતના આકારોના આધારે નક્કી કરાયા છે : કમાન જેવા, ગોળાકાર, તંબૂ જેવા, શંખ જેવા, જોડિયા શંખ જેવા, એમ જુદાજુદા આકારો ઉપરથી અંગ્રેજીમાં તેના આઠ પ્રકારો આ પ્રમાણે નક્કી થયા છે : (૧) Loops (૨) Arches (૩) Tented Arches (૪) Whorls (૫) Central Pocket Loops (૬) Twinned Loops (૭) Lateral Pocket Loops (૮) Accidentals.

પ્રથમ વિભાગમાં (૧) Loops અને (૨) Arches એ બે જાતોનો સમાવેશ થાય છે. Tented Archesને પણ Archesના જ ભાગ તરીકે ગણી લેવામાં આવે છે. બીજા વિભાગમાં Whorl અને Central Pocket Loops એ બે જાતોનો સમાવેશ થાય છે. અને એમાં Twinned Loops, Lateral Pocket Loops, Accidentals એ બાકીના પ્રકારોને ગણી લીધા છે.

આ પ્રમાણે વિભાગો પાડ્યા પછી એની ફાઇલો રાખવામાં આવે છે. ફાઇલો રાખવાની પણ એક વિશિષ્ટ પદ્ધતિ છે. પણ એ ખૂબ લંબાણવાળી અને આપણને હાલપુરતી બિનજરૂરી હોઈ જતી કરીશું. હેન્રીના 'ક્લાસીફિકેશન ઍન્ડ યુસીઝ ઑાવ ફિંગર પ્રિન્ટ્સ' ગ્રંથમાં લંબાણથી તે બતાવ્યું છે, એટલે જિજ્ઞાસુઓએ ત્યાં જોઇ લેવું.

હવે આપણે એની છાપ કેવી રીતે લેવાય છે તે જોઇએ. છાપ લેવાનાં સાધનોમાં આશરે ચારેક ફૂટ ઊંચું ચોરસ ટેબલ, સુંવાળો લીસો પથ્થર (Slab), રોલર (Roller), છાપવાની શાહી (Printing ink), બેન્ઝાઈન (Benzine), કોરા કાગળો અથવા કાર્ડ, લાકડાના હાથામાં સોય જેવો અણીદાર સળિયોખોસ્યો હોય તેવું સાધન (Pointer), અને વિપુલદર્શક કાચ (Magnifying glass) એટલું જોઇએ. ટેબલ ઉપર લીસા પથ્થરની પ્લેટ મૂકી (તેને બદલે કાચની જાડી પ્લેટ હોય તોપણ ચાલે), એના ઉપર જરૂર પૂરતી છાપવાની શાહી રોલર વડે ઘૂંટવામાં આવે છે. પછી જેનાં આંગળાંનું નિશાન લેવું હોય તેના આંગળાંને તેના પર જમણેથી ડાબું દબાવીને ફેરવી શાહીવાળું બનાવે છે અને પછી કાગળ ઉપર ધીમેથી એ જ રીતે દબાવવામાં આવે છે, એટલે આંગળાંની સળંગ છાપ (Rolled Impression) પડે છે. પ્લેટ ઉપરની શાહી સાફ કરવા માટે બેન્ઝાઈન વપરાય છે. પૉઈન્ટરથી છાપમાંની રેખાઓ ગણી એનો પ્રકાર નક્કી કરાય છે અને વિપુલદર્શક કાચથી છાપમાંની બધી રેખાઓ તથા તેના આકાર મોટા આકારમાં સ્પષ્ટપણે જોઈ શકાય છે.

આ તો મુદ્દામ હાજર માણસનાં આંગળાંની છાપ લેવાનાં સાધનોની વાત થઈ. પણ ગુનો કરીને ગુનેગાર નાસી ગયો હોય ત્યારે ત્યાંની ચીજો પર પડેલી તેનાં આંગળાંની છાપ મેળવી લેવા માટે આ વસ્તુઓ ઉપયોગી નથી નીવડતી. ત્યાં તો એ વસ્તુઓ ઉપર ગ્રે પાઉડર, ગ્રેફાઈટ પાઉડર, કે ચારકોલ પાઉડર છાંટી, ધીમેથી એ છાપો ઉપસાવાય છે ને પછી એના ફોટો લેવાય છે. વળી કાચની વસ્તુઓ પર પડેલી છાપ તપાસવા તો એવું એક સાધન જ શોધાયું છે, જેનાથી આ પાઉડર કરતાં પે સહેલાઈથી છાપ લઈ શકાય છે. ફોટો લેતી વખતે એક વસ્તુ ખાસ ધ્યાનમાં એ રખાય છે કે જે ફોટો લેવામાં આવે તે ફોટો તે મૂળ છાપ જેવડો જ રખાય છે.

મનુષ્યની પેઠે અન્ય પ્રાણીઓનાં આંગળાંની પણ છાપો લઈ શકાય છે. નિષ્ણાતો એવા મત ઉપર આવ્યા છે કે મનુષ્ય અને વાંદરાંનાં આંગળાંમાં બિલકુલ સામ્ય છે. આમ, માનવજાતની ઉત્પત્તિ વાંદરાંમાંથી થઈ હોવાની શોધને ટેકો મળ્યો છે.

પારીસનો એક ઘરફાડુ જ્યારેજ્યારે ચોરી કરવા જતો ત્યારે એક ચિંપાન્ઝી વાંદરાને સાથે રાખતો અને તેની મારફતે જ દરેક વસ્તુ ઊંચકાવી જતો. આથી ડિટેક્ટિવો છાપ લેતા ત્યારે પેલા વાંદરાનાં જ આંગળાંની આવતી; અને તે છાપ તો ક્યાંય રેકર્ડમાં નોંધાયેલી નહિ હોવાથી સરખાપણાને પામતી નહિ, ને ચોર પકડાતો બચી જતો. જોકે પછી તો બહુ પીછો પકડતાં આખરે તે માણસ વાંદરા સાથે જ ઝડપાઇ ગયો અને બંનેની છાપો સંઘરવામાં આવી !

લંડનમાં એક વખત એક ચોરે દરવાજો કૂદીને બંગલામાં પ્રવેશ કરેલો, એમ કરતાં દરવાજાના સળિયામાં તેની આંગળી તૂટીને ખૂંપી ગઇ, છતાં ધન લઈ એ ભાગી તો છૂટ્યો જ. પણ એની તૂટેલી આંગળીએ એની ચાડી ખાધી. એ તાજો જ જેલમાંથી છૂટેલો એક ગુનેગાર હતો, આથી તરત જ સપડાઇ ગયો.

હજી ગયે વર્ષે જ ઇંગ્લંડમાં બ્લૅકબર્ન નામે ગામના દવાખાનામાં ચાર વર્ષની એક બાળકીને દૂર ઊંચકી જઈ, એના ઉપર બળાત્કાર કરી, પછી એનું ગળું દાબી મારી નાખી કોઈ દુષ્ટ ભાગી છૂટ્યો. તપાસ શરુ થઇ. બાળકીના ખાટલા નીચેની દવાની શીશી ઉપર હાથનાં આંગળાંનાં નિશાન મળી આવ્યાં. દવાખાનામાંનાં માણસોની અને ગુનેગારોની છાપો સાથે એ નિશાન સરખાવાયાં, પણ મળતાં ન આવ્યાં. પછી શહેરના બધા મતદારોને જાહેર નિવેદનથી વિનતિ કરી સૌના હાથનાં આંગળાંની છાપો લેવામાં આવી અને શીશી પરની છાપો સાથે સરખાવવામાં આવી. એમાં પણ નિરાશા મળી. એવામાં એક ટૅક્સી ડ્રાઈવરે ખબર આપી કે ગુનો બન્યાની રાતે એક માણસ એની મોટરમાં બેસી દવાખાને ગએલો. તેની ભાષા ત્યાંના વતનીઓની ભાષા જેવી જ હતી. આ ભાષાના પુરાવાના બળે આ વખતે નવી યુક્તિ યોજવામાં આવી અને જાહેર વિનતિમાત્રથી નહિ પણ શહેરનાં રૅશનકાર્ડ પ્રમાણે સૌને ફરજિયાત બોલાવી આંગળાંની છાપો લીધી ત્યારે તેમાં પેલો ગુનેગાર સપડાઇ ગયો. એને ઘેર તપાસ કરતાં કપડાં ઉપરથી નિશાનો મળી આવ્યાં ને એને છેવટે ગુનાનો એકરાર કરવો જ પડ્યો.

ગુનાઓની આલમમાં આ આંગળાંની છાપો પોલીસખાતાને આમ મદદ રૂપ થઈ પડવા ઉપરાંત એના બીજા પણ ઉપયોગો છે. પૈસાની લેવડદેવડમાં તથા મની ઑાર્ડરો વગેરેમાં અભણ માણસોના અંગૂઠાની છાપો લેવાય છે એ તો સૌને વિદિત છે જ. પણ તે ઉપરાંત નૌકાખાતામાં અને હવાઈ દળોમાં પણ નોકરોનાં આંગળાંની છાપો લેવાય છે. રજિસ્ટ્રેશન ઑાફિસોમાં, ટપાલ તથા આબકારી ખાતાંઓમાં ને સરકારી નોકરોની સર્વિસ બૂકમાં પણ ઘણા દેશોમાં આવી છાપો લેવાય છે. અને બૅંકો, મોટા ભંડોળવાળી કંપનીઓ, કારખાનાં, વીમા કંપનીઓ વગેરે પણ દિનપ્રતિદિન આને અપનાવતાં જાય છે.

સેવિંગ્ઝનાં ખાતાં ચાલતાં હોય ત્યાં તો કોઇને બદલે કોઈ નાણાં ન ઘાપી જાય તે માટે આવી છાપો ખાસ લેવાવી જોઇએ. જેમાં ઘણી મોટી સંખ્યામાં માણસો કામ કરતાં હોય તેવી મોટી કૉર્પોરેશનોએ પણ બાન્ચ ઑાફિસો વગેરે ચલાવતાં માણસોની આવી છાપો લઈ રાખવી જોઇએ. વીમા કંપનીઓ પણ જો આવી છાપો લે તો એને તો તે ખૂબ જ ઉપયોગી થઇ પડે. અનેક ખોટા દાવા ઊભા થતા

અટકી જાય ને ડૉકટરોનાં મોટાં ખર્ચ બચાવી શકાય.

પ્રસુતિગૃહોમાં દરેક જન્મેલા બાળકનાં આંગળાંની છાપો લેવી જોઇએ ને એક રજિસ્ટરમાં તે છાપ સાથે માતાનાનામની નોંધ રખાય તો બાળકોની અદલાબદલીના બનાવો બનતા અટકાવી શકાય.

એક દેશ છોડી બીજા દેશમાં જનારાઓની પણ આવી છાપો ઉપયોગી થઇ પડે. ચૂંટણીમાં પણ રજિસ્ટર રાખતી વખતે દરેક મતદારનાં આંગળાંની છાપ રાખી હોય તો કોઇને બદલે કોઇને મત આપતો અટકાવી શકાય. આમ, આંગળાંની છાપ એ સર્વત્ર સરખી ઉપયોગી થઇ પડે એમાં શક નથી. અમેરિકન સરકાર તો એક એવી 'નૅશનલ બ્યુરો ઑવ આઇડેન્ટીફિકેશન' સ્થાપવા માગે છે કે જ્યાં અમુકક્રમર પછીના દરેક માનવીનાં આંગળાંની છાપો સાચવી શકાય.

હિંદે તો હજુ આ છાપોનો ઉપયોગ પોલીસ ખાતામાં જ કર્યો છે. બીજી બધી દિશામાં એનો ઉપયોગ થવો ઘટે છે. હિંદી વીમા કંપનીઓએ તો ખાસ આનો લાભ ઉઠાવવા જેવો છે.

માસમાસના વૃક્ષવિશેષનો પરિચય આપતી લેખમાળા-૩૦

જાંબુ



લેખક

પ્રો. જયંતીલાલ દે. ઓઝા, એમ. એસસી.

જાંબુડાંનો સ્વાદ તો સૌના મોંમાં હશે. એ મધુર ફળ આપનારી વનસ્પતિને સંસ્કૃતમાં 'જમ્બૂ' અને 'રાજજમ્બૂ,' હિંદીમાં 'જામન' તથા 'કાલા જામન', મરાઠીમાં 'જામ્મુત્ર' તથા 'શજેલ' અને અંગ્રેજીમાં 'બ્લૅક પ્લમ' (Black Plum) કહે છે. તેનું શાસ્ત્રીય નામ 'યુજેનિયા જમ્બોલાના' (Eugen a Jambolana', Lam) સત્તરમી સદીમાં થઈ ગએલાં વનસ્પતિશાસ્ત્રના આશ્રયદાતા સૅવૉયના રાજકુમાર યુજેનના માનમાં 'યુજેનિયા' શબ્દ યોજાએલો છે. 'જમ્બોલાના' એ આ વનસ્પતિનું પોર્ચુગીઝ નામ.

બૌદ્ધો જાંબુના ઝાડને પવિત્ર વનસ્પતિ માને છે. હિંદુઓમાં તે કૃષ્ણને પ્રિય ઝાડ ગણાતું હોઈ દેવમંદિરો પાસે તે ઉગાડવામાં આવે છે.

હિંદ, સિલોન, બ્રહ્મદેશ, મલાયા અને ઑસ્ટ્રેલિયા તેના ઉત્પત્તિસ્થાન. હિમાલયમાં ૩૦૦૦ ફીટ અને કુમાંઉમાં ૫૦૦૦ ફીટ ઉંચાઇ સુધી પણ તે ઊગે છે. હિંદભરમાં તો તે બધે જોવામાં આવે છે.

જાંબુનું સુંદર વૃક્ષ મોટું અને ૮૦ કે તેથી યે વધારે ઊંચું ઊગે છે. તેની છાલ ફિક્કી ભૂરી અને સહેજ ખરબચડી હોય છે. દરેક પાન ના થી ૧ ઇંચ લાંબી દાંડીવાળુ, ચામડા જેવું કઠણ, રા થી ૭ ઇંચ લાંબું અને ૧ થી ૨ાા ઇંચ પહોળું. (વચમાં પહોળું, પરંતુ તળિયે તેમજ ટોચે સાંકડું થતું,) અણીદાર ટોચવાળુ, લીસું ને ઉપરની બાજુએ ચળકાટવાળું હોય છે.

ફેબ્રુઆરીથી એપ્રિલ દરમ્યાન એને મધુર વાસવાળાં સફેદ ફૂલો બેસે છે. એ ઝૂમખામાં ગોઠવાએલાં હોય છે. ને ઝૂમખાં દાંડી પર લાગેલાં હોય છે. ફૂલનાં અસંખ્ય પુંકેસર બહાર પડતાં હોઈ તે તુરત નજર ખેંચે છે. જાંબુના ફળને જાંબુડાં તેમજ રાવણાં પણ કહે છે. તે કાળાં, જાંબલી રંગના ગર્ભવાળાં, લંબગોળ અને વિવિધ કદનાં (કેટલાંક તો એક ઇંચ જેટલાં લાંબાં) થાય છે. જુલાઇ-ઑગસ્ટમાં તે પાકે છે અને તેમાં એક બીજ-ઠળિયો-હોય છે.

જાંબુની છાલ કાપડ તેમજ ચામડાં રંગવામાં તેમજ માછલાં પકડવાની જાળો રંગવામાં વપરાય છે. તેના ઝાડમાંથી ઉપયોગી ગુંદર પણ મળે છે. પાકાં જાંબુમાંથી ખાસ દારૂ તેમજ સરકો બનાવાય છે. તેનું લાકડું રાતું-ભૂરું, સાધારણ કઠણ ને ટકાઉપણામાં સામાન્ય હોય છે. તે બાંધકામ, ખેતીનાં ઓજારો, ગાડાં, કૂવાનાં ચક્કર, શેરડીના કોલુ, પાટલા, પેટીપટારા, વગેરે બનાવવામાં વપરાય છે.

આયુર્વેદ તેમજ યુનાની બંને દવામાં જાંબુનો ઉપયોગ થાય છે. આયુર્વેદમાં તેની છાલ તીક્ષ્ણ, મધુર, પાચક, બાધક અને જંતુનાશક ગણાય છે. ગળાનો દુખાવો, ખાંસી, દમ, પિત્તપ્રકોપ, મરડો, લોહીની અશુદ્ધિ, ચાંદાં વગેરેમાં જાંબુની છાલ ઉપયોગી ગણાય છે. છાલનો તાજો રસ બકરીના દૂધ સાથે નાનાં બાળકોને ઝાડામાં આપવામાં આવે છે. છાલનો ઉકાળો મોં તેમજ ગળાના સોજા ઉપર કોગળાં કરવામાં વપરાય છે. છાલની રાખ તેલ સાથે મેળવી દાઝયા પર લગાડવામાં આવે છે. જાંબુની છાલનું રાસાયનિક અન્વેષણ થએલું છે ને તેમાં તેલ, ચરબી, રાળ, આલ્બ્યુમીન, ગૅલિક તેમજ ટૅનિક તેજાબો, ક્લોરોફીલ અને ટૅનિન માલૂમ પડેલાં છે. વૃક્ષનું મૂળ ગ્રાહી ગણાય છે અને તેમાં છાલ તેમજ બીજ જેવા ગુણ રહેલા છે.

તેનાં પાન વીંછીના દંશ પર પોટીસ તરીકે વપરાય છે. તેનો રસ બીજાં બાધક ઔષધો સાથે અગર એકલો મરડામાં આપવામાં આવે છે. યુનાની દવામાં જાંબુનાં પાનની રાખનો ઉપયોગ દાંત અને પેઢાંને મજબૂત કરવા માટે થાય છે.

જાંબુ તીક્ષ્ણ, મધુર, શીતળ ને બાધક ફળ ગણાય છે. તે પિત્તપ્રકોપ તેમજ મોંની દુર્ગંધ દૂર કરે છે. પાકાં જાંબુમાંથી બનાવેલો સરકો જઠરના દુખાવાને મટાડનાર અને વાતહર ગણાય છે. તે મૂત્રવર્ધક તરીકે પણ ઉપયોગમાં લેવાય છે. અને પાકાં જાંબુનો રસ માથા પરની દાદર માટે 'લોશન' તરીકે પણ વપરાય છે.

જાંબુનું બીજ મધુર અને બાધક છે. મધુપ્રમેહમાં તેની ભૂકીનો ઉપયોગ થાય છે. ઉપરાંત તે મરડો, પિત્તપ્રકોપ, ઝાડા, ઊલટી, લોહીના ઝાડા વગેરેમાં ઉપયોગી છે. જાંબુના બીજનું રાસાયનિક અન્વેષણ થએલું છે અને તેમાં 'જમ્બોલીન' નામનું રાસાયનિક તત્ત્વ હોવાનું માલૂમ પડ્યું છે.

લાલ જાદુગર (અનુ. પૃ. ૫૧થી ચાલુ) જમીનથી અઢારેક ફૂટ ઊંચે એ દોરડું અદ્ધર લટકી રહ્યું ! હાથ ઝાટકતો વાસ પોતાની આસપાસના મંત્રમુગ્ધ મેદનીને નિહાળી રહ્યો.

'હવે તમારામાંનો કોઇ સૂચવે એ જ સ્થળે હું આ દોરડા પર દશ્યમાન બનું. મારો પહેલો ઇરાદો તો દોરડા પર ચડી જઇને તેને છેડે અદશ્ય થઇ જવાનો છે.'

'દોરડા પર જ શા માટે ?' ટર્નર પરીક્ષા કરતો હોય તેમ બોલી ઊઠયો. 'વિક્ટોરિયા સ્ટેશનની બહાર શા માટે ન દેખાઓ ?'

'ચાલો, તેમ ! વિક્ટોરિયા સ્ટેશનની બહાર.'

એટલું કહીને વાસ તો સડસડાટ કરતો એ અદ્ધર લટકતા દોરડા પર ચડી ગયો, અને અદશ્ય પણ થઇ ગયો. એના અદશ્ય થયા પછી એકાદ પળમાં એ દોરડું પણ અદશ્ય થઇ ગયું !

ટ્રફાલ્ગર ચોકમાં ઊભેલા થાંભલા પરના નેલસનના પૂતળાંની કાણી આંખ પણ દેખતી થઇ જાય એવો અપૂર્વ અનનુભૂત એ પ્રસંગ હતો ! દશેક સેકંડ સુધી તો મેદની નિઃસ્તબ્ધ બની રહી. ટર્નરે એકાએક હોશમાં આવીને ત્યાંથી ચાલતી પકડી. પછી તો ટોળું પણ હોકારા કરતું ત્યાંથી ઊપડયું. જેમને મળી શકી તેમણે બસ પકડી, બાકીના પગે ચાલતા આગળ ધસ્યા.

વિક્ટોરિયા સ્ટેશન મિનિટે મિનિટે ગીચ બનતી જતી મેદનીથી ઊભરાઈ નીકળ્યું. ટ્રેનના ઉતારૂઓની પણ અવરજવર રૂંધાઈ ગઇ. વાસ હજુ દેખાયો નહોતો. કેટલાક લોકો આ તક ઝડપી લઇને પોતાની અશ્રદ્ધા વ્યક્ત કરવા લાગ્યા હતા. ત્યાં તો સ્ટેશનના મુખ્ય દરવાજાના ઢળતા છાપરાની વચ્ચોવચ વાસ દશ્યમાન થઇ ઊઠયો.

'દોસ્તો !' દશ્યમાન થતાંવેંત એ બોલ્યો, 'મંગળના વિજ્ઞાનનો આ તો એક અંશ માત્ર મેં પ્રદર્શિત કર્યો. એ જાદૂ નથી, બુદ્ધિગ્રાહ્ય પ્રયોગસિદ્ધ વિજ્ઞાન છે. વારુ, હવે અત્યારે તો હું વિદાય લઈશ. પછીથી મળીશું ' બોલતાં બોલતાં જ એનો આકાર અસ્પષ્ટ થતો જતો હતો.

'વાસ !' ભીડને મોખરે માર્ગ કરતો ટર્નર બોલ્યો, 'એક મિનિટ—'

પણ એ અવાક થઈ રહ્યો. વાસ જ્યાં ઊભો હતો, એ સ્થાન તદ્દન ખાલી હતું.

વાસની એ અદ્ભુત કામગીરીએ ટર્નર જેવા પત્રકારની પણ વર્ણનશક્તિને જાણે હંફાવી દીધી. એ સનાસનાટી અવર્ણનીય હતી. છતાં આંતર-ગ્રહવ્યાપારની શકયતાઓ પોતાના પત્રમાં ચર્ચીને ટર્નરે પોતાના હરીફોને તો પાછા પાડયા જ.

વર્તમાનપત્રો, રેડિયો અને અફવાઓ મારફત મંગળનિવાસીની આ કામગીરીની જાણ જગતભરને થઇ ગઇ ને દેશદેશના વિજ્ઞાનીઓ અને માનસશાસ્ત્રીઓએ એ પર ચર્ચા ચલાવવા માંડી. એ લોકોએ તો એવો જ નિર્ણય સંભળાવી દીધો કે પૃથ્વી પર કોઈ મંગળનિવાસીનું આગમન અસંભવિત હતું અને લંડનના લોકોને કોઈ અદ્ભુત ચાલાકીથી છેતરવામાં આવી રહ્યા હતા.

આ નિર્ણયે ટર્નરને ધુંવાફુંવા બનાવી દીધો. પોતાને નિર્ણય આપી દેવા જેટલા મહાન માનનારા માનસશાસ્ત્રીઓ ને વિજ્ઞાનીઓને એણે સજ્જડ ચાબખા લગાવવા માંડયા. પણ એ લડત એને લાંબી ચલાવવી ન પડી, કારણ એક સવારે સોળીવસ વાસ પાછો ટ્રફાલ્ગર ચોકમાં દેખાયો.

ટર્નરને એના આગમનની ખબર પડતાંવેંત ત્યાં દોડી ગયો. વાસે કાળો પોશાક બદલાવીને તેના લોહિતાંગ-ગ્રહને બંધ બેસતો લાલ પોશાક પરિધાન કરેલો. લોકોને તે સંબોધી રહ્યો હતોઃ

'પૃથ્વીવાસીઓ, હું તમારા સહાયક તરીકે આવ્યો છું. હું તમને પ્રતિતી કરાવવા માગું છું કે હું જે કંઈ દર્શાવી રહ્યો છું તે તદ્દન વૈજ્ઞાનિક છે. હું એક મંદિર ઊભું કરવા માગું છું જેમાં આ કંઈ વિજ્ઞાન તમને સુલભ બની રહેશે. એ પૂરું થતા સુધી હું આમ ખુલ્લામાં જ રહીશ.'

'તમે એટલા બધા પાવરધા હો તો અત્યારે હજારો માઇલ પર શું થઈ રહ્યું છે તે અમને કહી શકો ખરા ?' ટોળામાંથી કોઈ બોલ્યું.

'શા માટે નહિ ?' વાસ બોલ્યો : 'આજ સાંજનાં જે છાપાંમાં પેરૂમાં જબરા ધરતીકંપના સમાચાર તમને મળશે. અને—' એ સહેજ અટકીને પાછો બોલ્યો, 'આટલાંટિકની ખેપ કરતા હવાઇ-જહાજ યુકેટીસનો સંપૂર્ણ નાશ; દસ મિનિટ પહેલાં જ ઑસ્ટ્રેલિયાના મહાન રસાયનશાસ્ત્રી સિલાસ લાફનાટ્શનું મૃત્યું; અને અઠવાડિયા પહેલાં ગુમ થએલા ધ્રુવસફરી ડૉ. કાર્લ હેમકાઈનનો લાગેલો પત્તો.'

મેદનીમાં સાશ્ચર્ય મૌન વ્યાપી ગયું. અનિચ્છાએ પણ અનેકને વાસની વાતમાં શ્રદ્ધા ધરાવવી પડતી હતી.

'આ બધું તમે સંપૂર્ણ ખાત્રીપૂર્વક કહો છો ?' ટર્નરે પૂછ્યું: 'દોરડાનો ખેલ એ એક વસ્તુ છે જ્યારે આવી આગાહીઓ એ જુદી જ.'

'દોસ્ત ટર્નર, આ વિદ્યા કદી ખોટી હોઈ જ ન શકે...' વાસ બોલતો હતો ત્યાં તો આગનો એક બંબો ત્યાંથી પસાર થયો અને 'પણે–પણે સ્ટ્રૅન્ડમાં આગ લાગી !' એવા કોઈકના કહેવા સાથે આખી મેદની સ્ટ્રૅન્ડની દિશામાં ઊમટી.

'આ લોકોને આગનું નિરીક્ષણ વધુ રસપ્રદ લાગતું જણાય છે.' લોકોનો એ ધસારો જોઈ ને વાસ ખિન્ન સ્વરે બોલ્યો.

'એમાં એમનો દોષ નથી...' ટર્નરે તેમનો બચાવ કરવા માંડયો.

'તો શું ત્યાં જોવા એકઠા થવાથી આગ ઓલવાઇ જશે ?'

'નહિ, એ તો પાણીથી જ ઓલવાવાની' ટર્નરે જવાબ આપ્યો.

'હજુ ય આવી જરીપુરાણી રીતો !' વાસ મોં મચકોડતો બોલ્યો 'ચાલ મારી સાથે, હું ચિત્તશક્તિનો એક બીજો પરચો બતાવું.'

ટર્નર તેની પછવાડે દોરાયો. આગ ભડભડાટ સળગી રહી હતી અને બંબાઓનો ગજ વાગતો નહોતો. વાસ ત્યાં જઇ પહોંચીને ત્યાં ઊભેલા સૌને સંબોધીને બોલ્યો, 'તમે તમારી ચિત્તશક્તિનો ઉપયોગ કેમ નથી કરતા ? જુઓ, હું તમને એ કરી બતાવું.'

અને એટલું કહી એ આગ સામે માત્ર તાકી રહ્યો—જ્વાળાઓ સામે જાણે ત્રાટક માંડયું. એની આંખો વધુ ને વધુ પ્રકાશમાન બનતી ગઈ અને એ સાથે આગની જ્વાળાઓ શમતી ગઇ. પોલીસો, બંબાવાળા અને પ્રેક્ષકો સૌ વાસને ઘેરી વળ્યા. પણ ટર્નર તો એ પ્રસંગને પોતાના પત્રમાં ચગદાવવા સીધો પોતાના કાર્યાલયે દોડ્યો.

આ બનાવથી મંગળનિવાસીની કીર્તિ તેની ટોચે પહોંચી ગઇ.

[૩]

વાસ હવે એકલા ઇંગ્લંડની જ અનાગત નહોતો રહ્યો. જગતભરમાં તેની કીર્તિ પ્રસરી ગઇ હતી, અને ઠેરઠેર એના નામનો 'વાસસંપ્રદાય' ઊભો થવા લાગ્યો હતો. યુરોપ-અમેરિકાના કેટલા ય આદમીઓ તેની મુલાકાતે આવીને પોતાને ત્યાંનું નિમંત્રણ તેને આપવા લાગ્યા હતા. પોતાનો સઘળો પ્રભાવ તે ચિત્તશક્તિમાં જ આરોપતો હોઇને માનસશાસ્ત્રના જગપ્રસિદ્ધ નિષ્ણાતો ચિત્તંત્રના પોતાના ખ્યાલો પર નવેસરથી વિચારણા ચલાવવા લાગ્યા હતા.

મંગળનિવાસીએ પ્રાપ્ત કરેલ લક્ષ્મી તેમજ કીર્તિ ઉભયના બળે એ સ્ટ્રૅન્ડમાં એ વિશાળ ખંડોમાં રહેવા લાગ્યો હતો. સલાહ માટે એણે રાખેલા ખાસ કલાકો દરમિયાન વિજ્ઞાનીઓ, માનસશાસ્ત્રીઓ, અધ્યાત્મવાદીઓ, ધર્મવાદીઓ, યોગીઓ અને જાદુગરો સુદ્ધાં તેની મુલાકાતે આવતા રહેતા. લોકોના લક્ષનું એ જ કેન્દ્ર બની રહ્યો હતો.

આંતરરાષ્ટ્રીય મહત્ત્વની ઘટનાઓ પણ વર્તમાનપત્રોમાં વાસને મુકાબલે ગૌણ બની ગઇ હતી.

વાસે એ અરસામાં જ પૃથ્વીવાસીઓના કલ્યાણાર્થે એક 'લોહિતાંગ મંદિર' બાંધવાનો પોતાનો નિર્ણય જાહેર કર્યો. મંદિરના સ્થાન તરીકે પોતે જ્યાં આગ કાબૂમાં લીધેલી એ જ સ્થળ એણે પસંદ કર્યું. એ બંધાઈ રહ્યું હતું ત્યારે ટર્નર તેની મુલાકાત લેતો રહ્યો હતો અને તેના ફોટોગ્રાફ સહિત વર્ણન આપતો રહ્યો હતો. પરંતુ એવાં એકધારાં વર્ણનોથી એના પત્રનો તંત્રી એક દિવસ ચિડાઈ ઊઠ્યાં:

'જો, ટર્નર,' તે બોલ્યો, 'મંદિરનું આ બધું બયાન લોકોને હવે કશો રસ પ્રેરી શકે તેમ નથી. પહેલાં પેઠે રસ પ્રેરે એવો કંઇક દૃષ્ટિકોણ અપનાવીને તું લખ—કંઈક તેજી આણ. શું સમજ્યો?'

'કેવીક તેજી?' ટર્નરે સામો પ્રશ્ન કર્યો.

'એ તો તારે જોવાનું. વાસની યુક્તિપ્રયુક્તિઓનું રહસ્ય જાણવા પ્રયાસ કર. એ પોતે એ બધું ચિત્તશક્તિથી સધાતું હોવાનું કહે છે, પણ ધાર કે તેમ ન પણ હોય તો? એ બધી કેવળ ચાલાકી કે નજરબંદી હોય તો? તો એ ઘટસ્ફોટ ઓછો સનસનાટીભર્યો બનશે?'

'ચાલાકી? શું કહો છો?! આટલું બધું કરી બતાવ્યા છતાં?'

'ગમે તેમ, આ તો મારો એક ખ્યાલ છે. પણ હા, સર ગૅડસ્બી બ્રાઉ જેવા નિષ્ણાતનો મત વાસની બાબતમાં કેમ નથી પૂછતો?'

ટર્નર માથું હલાવતો ધીમે પગલે તંત્રીખંડમાંથી બહાર નીકળ્યો. ચાલાકી? તેને એ અસંભવિત લાગતી હતી. પોતાના ટેબલ પર પહોંચીને સીધો એણે સર ગૅડ્સ્બી સાથે ફોન જોડ્યો. એમણે તો મંગળનિવાસીને એક સસ્તા પ્રદર્શક તરીકે ઉતારી પાડીને એની બાબતમાં કશી મુલાકાત આપવાની ચોખ્ખી ના સંભળાવી દીધી.

'સસ્તો પ્રદર્શક?' ટર્નરે કંઇક આઘાત અનુભવ્યો. 'ખરેખર—'

'મને હમણાં લમણાઝીક કરવાનો વખત નથી.' સર બ્રાઉ બોલ્યા.

'વારુ, સાહેબ, પણ એની દોરડાની યુક્તિ વિષે આપ શું કહો છો?'

થોડીક વારની શાંતિ પછી સર ગૅડ્સ્બીએ જણાવ્યું, 'પ્રકાશના તરંગો વડે એ પણ કદાચ શક્ય બની રહે. હવે વધુ સમય ન બગાડો.'

'હું ખરેખર દિલગીર છું, સાહેબ, પણ પ્રકાશતરંગો વિષે–'

'વધુ ચર્ચા માટે મને અવકાશ નથી. પ્રકાશતરંગો વિષે જાણવું હોય તો એબલ કાર્ટનનાં એ વિષેનાં અવલોકનો વાંચી લેજો. બે વરસ પર તમારા જ પત્રમાં એ છપાએલાં. ચાલો, સાહેબજી.'

'આભાર, સર ગૅડ્સ્બી.' ટર્નર ટેલીફોન ઊંચો મૂકીને પોતે વાતચીતની કરી લીધેલી નોંધ પર નજર ફેરવી ગયો. 'બે વરસ પર? તો તો મારા જોડાયા પહેલાં,–જોન વિનગેટના વખતમાં. એબલ કાર્ટન? એ વળી કોણ?'

સૌ પહેલું કામ એણે જૂની ફાઈલો ઉથલાવવાનું કર્યું. જોન વિનગેટને આપેલી એક મુલાકાતમાં એબલ કાર્ટને પ્રકાશતરંગો પર કાબૂ મેળવવાની કરેલી ચર્ચા એમાં મળી આવી. એ ચર્ચા કરતાં યે ટર્નરને વધુ રસ તો ખુદ એબલ કાર્ટને પ્રેર્યો, અને દસેક મિનિટમાં તો તે 'કલૅરિયન'ની ઑફિસમાં જોન વિનગેટ સમક્ષ પહોંચી ગયો.

'અરે! "ઍરો"ની પ્રતિભા આ હરીફ છાવણીમાં?' શંકાથી તેને તાકતી જોન કટાક્ષમાં બોલી ઊઠી.

'જોન, મને કાર્ટનનું કામ છે. તેં એની મુલાકાત લીધેલી ને?'

'હા, [illegible] એનું બધું સાંભળીને મારું માથું તો એવું ચક્કર ખાઈ ગયેલું ને! એનું મોટું માથું, માંજરી આંખો, ઠીંગણું કદ—'

'પણ એ હાલ છે ક્યાં?'

'એ અરસામાં જ એ ફ્રાન્સ તરફ ઊપડી ગયો હોવાનું કંઇક યાદ છે. હાલ ક્યાં છે એ તો હું ય નથી જાણતી. પણ તારે એનું એવું તે શું કામ પડ્યું છે?'

'એ અહીં છે જ નહિ, તો પછી એના કામ કે વગર કામનો સવાલ જ ક્યાં રહે છે? વારુ, ત્યારે મળીશું ફરી પાછા.'

એટલું કહેતો એ ત્યાંથી ઊઠીને ચાલતો થયો. જોન કંઇક ચીડમાં તેને જતો જોઇ રહી. 'બહુ ચબરાક!' એની પીઠ પાછળ તે બબડી પણ ખરી, અને પછી અભિમાનપૂર્વક બોલી ઊઠી: 'હું પણ ક્યાં એનાથી માંજી જાઉં એમ છું? પણ એ કશાક રોમાંચક પ્રસંગ પાછળ હોય તો એક કરતાં બે ભલા.'

પરંતુ ટર્નર તો નીકળી ગયો હતો. ઘેર પહોંચીને હાંફળોફાંફળો એ 'હૂ'ઝ હૂ'નાં પાનાં ઊથલાવી રહ્યો. એની ચાલુ આવૃત્તિમાં તો એબલ કાર્ટનનો કશો ઉલ્લેખ નહોતો, પણ ૧૯૩૮ની આવૃત્તિમાં તેનો વિસ્તૃત પરિચય મળી આવ્યો. પદાર્થવિજ્ઞાનનો એ પ્રોફેસર હતો; વિયેનાની વિજ્ઞાનસંસ્થામાં ગણિતનું આસન એ ધરાવતો હતો, દિક્, કાળ, પ્રકાશ ને પરમાણુધર્મ પર એણે ગ્રંથો રચેલા હતા; અને એનું નિવાસસ્થાન આપ્યું હતું—ધી વિલોઝ, લિટલ હૅમ્પ્ટન, સસેક્સ.

બાકીનો દિવસ ટર્નરે લિટલ હૅમ્પ્ટનમાં એબલ કાર્ટનની તપાસમાં ગાળ્યો. જે યુક્તિપ્રયુક્તિ વડે તેના સંબંધે માહિતી મેળવી શકાય તે સઘળી તેણે અજમાવી ને છેક સાંજે તે લંડન પાછો ફર્યો.

એણે જે તર્કસરણીનો આશ્રય લીધો હતો એ મુજબ એને હવે મુદ્દલ શંકા નહોતી રહી કે એબલ કાર્ટન–જે ક્યાં ગુમ થઈ ગયો છે તે કોઇ જાણતું નથી એ–જ મંગળનિવાસી સોલીવસ વાસ હતો! પોતાના સમકાલીનો કરતાં એબલ કાર્ટનનું પારાવાર જ્ઞાન અને તેની માંજરી આંખો એ જ સાબિતી તરફ દોરતાં હતાં. આમ છતાં, પોતે પૂરેપૂરો તાગ ન મેળવે ત્યાં સુધી આ બાબતમાં એકે શબ્દ ન ઉચ્ચારવાનો તેણે નિશ્ચય કર્યો. [આવતા અંકમાં પૂરી થશે.]

નવલિકા-નાટિકા માટે ઈનામ

નવી હરીફાઈ

ગયે વર્ષે જાહેર કરેલી આ પ્રકારની હરીફાઇનો નિર્ણય આ અંકમાં અન્યત્ર જાહેર થાય છે. અને ફરી આ વર્ષ માટે એ હરીફાઈ ચાલુ રહે છે. તેમાં—

- આવતા એપ્રિલથી ડિસેમ્બર સુધીના નવ માસ દરમ્યાનના 'કુમાર'ના અંકોમાં આવેલી મૌલિક ટૂંકી વાર્તાઓ તેમજ નાટિકાઓ પૈકી શ્રેષ્ઠ નીવડનારને રૂપિયા ૩૦)નું પારિતોષિક અપાશે.
- આ પારિતોષિક 'કુમાર'ના ચાલુ પુરસ્કાર ઉપરાંત અપાશે.
- કૃતિ મોકલવાની છેલ્લી સમયમર્યાદા ૩૧મી ઑક્ટોબર સુધીની ગણાશે; પણ કૃતિઓ વહેલી આવશે તેટલી તેના પ્રકાશન માટે સમયના ગાળાની સવિશેષ તક રહેશે.

પચ્ચીસ વર્ષ પહેલાં

કુમાર

અંક ૧૪ · માહ ૧૯૮૧ (ફેબ્રુઆરી ૧૯૨૫)

દરેક અંકને પહેલે પાને ત્યારે, શ્રી દેશળજી પરમાર એક કવિત્વમય, પ્રેરક ભાવનાલેખ લખતા. પચ્ચીસ વર્ષ પહેલાં (૧૪મા) અંકમાં આવેલા 'સ્વપ્ન' નામક એવા લેખમાંથી ઉતારો :

"માતાની ઘંટીના ઘેરમાંથી નીકળી, બાળકના ગાલ પર બેસી, હોઠે સ્મિત ફરકાવનાર તું છે. હાલરડાંના ઘેનમાંથી પોતાની પાંખ ઉપર લઈ જઇને જાદુઇ શેરીઓ બતાવનાર તું છે. ઊડતા ધુમ્મસના ઓરડામાં ડોકિયું કરી તું અલોપ થાય છે ને જિંદગીના કોઇ જુવાન મુસાફરને પોપચે રમવા ઊતરે છે. કુમારકુમારીઓ તને પોતાનો બીજો પ્રાણ માને છે ને તારા રૂપ પાછળ ઘેલાં ફરે છે, કારણ રાત ને દિવસ તું તેમને ભવિષ્યનાં નવચિત્રો આળેખી દે છે. કેટકેટલાં રંક રોગીના અંજપામાં તેં સાથ પૂર્યો છે? કેટકેટલાં હતાશ હૃદયને મુચ્છાં વાળી તેં સચેતન કર્યાં છે? નવી દૃષ્ટિનો દાતા તું છે; નવી સૃષ્ટિનો ત્વષ્ટા તું છે. રોજ તું તાજું છે; રોજ તું નવું છે. લોક તને 'સપનું' કહો : અમે સમજીએ છીએ કે જગતનું પરમ સત્ય તું છે."

શ્રી ધૂમકેતુએ એ અંકમાં નેપોલિયનનું જે ચરિત્ર લખેલું તે તો એટલું લોકપ્રિય થયું કે એમણે એની નાની સ્વતંત્ર પુસ્તિકા બહાર પાડી તેની પણ આવૃત્તિઓ થઇ. અહીં પણ એનો જરા આસ્વાદ લઇએ :

"બાળપણથી જ તે વિચારમાં લીન રહેતો. નાનપણથી જ તે આગ્રહી ને નિર્ભય હતો. એ વેળા એણે જે એક સદ્‌ગુણ કેળવ્યો તે એના આખા જીવનની ચાવી રૂપ બની રહ્યો. તેના શિક્ષકે એક વખત ગણિતનો અઘરો કોયડો આપ્યો. તેનો ઉત્તર મેળવવા માટે નેપોલિયન લાગલગાટ બોંતેર કલાક સુધી ઓરડામાં વિચાર કરતો બેઠો રહ્યો! શરીર અને મનને તેણે એવાં તો કસીને તૈયાર કર્યાં હતાં કે મોટા થતાં તે ધારેલે વખતે ધારેલું કામ પાર પાડતો જ.

ઑસ્ટ્રિયા સાથેના યુદ્ધમાં ઑસ્ટ્રિયન લશ્કર નદીને સામે કાંઠે પડયું હતું. વચ્ચે પૂલ હતો, ને તે ઓળંગવો મુશ્કેલ હતો. દુશ્મનની ગોળીઓના વરસાદ વચ્ચે ઊભા રહીને નેપોલિયને પોતાની તોપો ગોઠવી દીધી. પછી લશ્કરને જાહેર કર્યું કે આપણે પૂલ ઓળંગવો છે. એ સાંભળીને ભલભલા બહાદુર સૈનિકો પણ થંભી ગયા ! તેમણે કહ્યું 'એ વાત અસંભવિત છે !' તે વેળા નેપોલિયન, તેનું પેલું જગપ્રસિદ્ધ વાકય બોલ્યો : 'અસંભવિત એ શબ્દ ફ્રેંચ ભાષાનો નથી !'

ફ્રેન્ચ લશ્કર પૂલ ઓળંગવા માંડયું કે તરત ઑસ્ટ્રિયન સૈન્યે તોપ ને ગોળીઓનો વરસાદ વરસાવી મૂકયો. પહેલી હાર ખતમ થઈ ગઇ! તેનાં મુર્દાં પર થઈ પાછળના યોદ્ધાઓ આગળ વધ્યા! તેમને જરા પાછા હઠતા જોઈ, નેપોલિયને ધ્વજધારી પાસેથી ધ્વજ લઈ લીધો ને લશ્કર તરફ ફરી બોલ્યો, 'ચાલો મારી પાછળ !'"

લગભગ વરસ સુધી વાચકોને આકર્ષી રાખનારી 'કિરીટ'ની વાર્તા આ અંકમાં પૂરી થઈ. જંગલના વાતાવરણનાં જે અસરકારક વર્ણનો એમાં આવતાં તે પણ એનાં આકર્ષણો પૈકીનું એક હતું. એનો નમૂનો :

"એવી અદ્‌ભુત રાત મેં જિંદગીમાં કદિ જોઇ નથી. આશરે રાતના નવેક વાગ્યાનો શુમાર હશે. બધે અંધારું ઘોર હતું, અને ઝાડને મથાળે જાણે તેજસ્વી કૂંપળો ઊગી હોય એવા તારા ચમકતા હતા. હાથીપર બેઠાંબેઠાં મેં નીચે નજર કરી તો ત્યાં પણ સઘળે જંગલી પ્રાણીઓની આંખો અંધારામાં મારી સામે ચમકતી હતી. જ્યાં નજર કરું ત્યાં, ચોમેર, જાણે તેજસ્વી આંખો જ ચળકતી મને દેખાતી.

એવામાં મેં એક ટીટોડીની આછી ચીસ સાંભળી. તે હજુ શમી નહોતી, ત્યાં કોઈ ઘુવડે તે ઝપાડી લીધી હોય તેમ ઘુવડની ચીસ સંભળાઇ. અને પછી, જાણે એ ચીસ વહી લાવતો હોય એવો, વનવાગળાંની પાંખોનો સુસવાટ ઝાડોનાં પાંદડાંમાં વ્યાપી રહ્યો; ને પછી, પથ્થર પરથી પાણી વહે તેમ, તે સુસવાટ જાણે સરસર કરતો ઝાડ પરથી નીચે ઊતરી જમીનમાં શમી ગયો હોય એમ લાગ્યું. મેં નીચે નજર કરી તો એક જંગલી ડુક્કર ચરતો હતો. ફરી પાછી બધે શાંતિ વ્યાપી રહી.

એકાએક મેં જંગલી બિલાડાની લીલી આંખો અંધારામાં ચમકતી જોઇ; ને પછી તો, જાણે મારી આંખો અંધારામાં ટેવાઇ ગઈ હોય તેમ નાનીમોટી દરેક વસ્તુ મને દેખાવા લાગી જાળાંઝાંખરાંમાં આમતેમ દોડતાં નોળિયાં અને ઝડપથી પસાર થઈ જતાં વનિયર હું જોઇ શકતો હતો. થોડે દૂર કોઇ સાબર કુંળુ ઘાસ ચરતું હતું તેનો, ને વારેવારે ઝાડના થડ સાથે તે શીંગડાં ઘસતું તેનો અવાજ સંભળાતો હતો. એવામાં ઓચિંતો એક મોટો છીંકોટો સંભળાયો ને આ બધા નાના અવાજો શમી ગયા. ચોમેર બિહામણી શાંતિ ફેલાઇ ગઈ. તરત જ એક લોંકડીની ચીસ, અને ત્યાર પછી વાઘનો ઘુરકાટ સંભળાયાં; પરંતુ તે શમી ગયાં. હું તો જમીનથી અધ્ધર હતો એટલે મને કશી બીક નહોતી, કારણ કે મારી વાસ અધ્ધર હવામાં જ ઊડી જતી હોવાથી નીચેનાં પ્રાણીઓને મારી ગંધ આવે તેમ નહોતું."

આ અંકથી ત્રણચાર નવાં જ અંગો શરુ થએલાં : 'સરજનહારની સૃષ્ટિ' નામે (પાછળથી ફાલેલા) વિભાગમાં અવનવાં પ્રાણીઓનો પરિચય; 'ફૂલવાડી' વિભાગમાં આપણી શિષ્ટ કાવ્યસમૃદ્ધિનો પરિચય; 'દુનિયા દૂરની અને નજીકની'માં સાંસ્કૃતિક સમાચારોનો પરિચય; 'ગગનના ગોળમાં' એ વિભાગમાં 'આકાશદર્શન' પછીની ખગોળશાસ્ત્રની વાનગીઓ;—એમ નવાં અંગો રચાતાં ગયાં.

માધુકરી વિભાગમાં—ચીની સ્વાતંત્ર્યના પિતા ડૉ. સુન યાત સેનનો પરિચયલેખ ઉતારેલો છે તે ખાસ નોંધપાત્ર છે:

"ચીનમાં હૉંગકૉંગની દક્ષિણે ત્રીસ માઇલને અંતરે, કૉંગટુંગ પ્રદેશમાં મકાઓ નામના પરગણામાં એક નાના ગામમાં, ૧૮૬૭માં ચીનના એ મહાન નાયકનો જન્મ થયો. એના પિતા એક ખ્રિસ્તી મિશનના નોકર હતા. નાનપણથી જ તે એક અંગ્રેજ બાઇના હાથ નીચે ઉછરીને વિદ્યાભ્યાસ પામ્યા હોઈ અંગ્રેજી ભાષાનું જ્ઞાન તેમને સહેલાઈથી પ્રાપ્ત થયું, ને તેમાં તે પારંગત થયા. ૧૮મે વર્ષે કૅન્ટનમાં ઍંગ્લો અમેરિકન મિશનના પ્રસિદ્ધ ડૉ. કરની દેખરેખ નીચે તે અભ્યાસ કરવા ગયા. ત્યાં સુનને દાક્તરી અભ્યાસમાં રસ પડવા લાગ્યો, તેથી બે વરસ બાદ વીસ વર્ષની વયે તે હૉંગકૉંગની

દાક્તરી કૉલેજમાં જોડાયા. અને ત્યાંથી પાંચમે વર્ષે સ્નાતક થયા.

મકાઓ રહેતા ત્યારથી જ ડૉ. સુન ગુપ્ત રાજદ્વારી ચળવળોના થોડાઘણા સંબંધમાં તો રહેતા જ. જાપાનને હાથે ચીનને સહેવું પડેલું અપમાન ન ખમાયાથી, તથા જુલ્મી મંચુ રાજ્યને સુધારવા યા સંહારવાના ઉદ્દેશથી 'ચીના નવયુવક દલ' નામની એક મંડળી એ અરસામાં ગુપ્ત રીતે કામ કરી રહી હતી. સુન તેમાં જોડાયા ને થોડા જ વખતમાં તેના આગેવાન બની રહ્યા. એમના પ્રતાપી નેતૃત્વથી દળમાં અજબ જોમ આવ્યું ને વીજળીને વેગે તેના સભાસદો વધતા ચાલ્યા.

આ પછી એમણે ચીનનાં બધાં ગુપ્ત મંડળોનું સંગઠન કરવા માંડયું. ક્રાંતિવાદીઓ બધા કૅન્ટનમાં એકઠા થવા લાગ્યા; દારૂગોળો, બંદૂકો, તોપો વગેરે સરંજામ ગુપ્તરીતે એકત્ર થવા માંડયો; અને બંડ થવાની અણી પર હતું, ત્યાં કોઈ દેશદ્રોહીના વિશ્વાસઘાતથી વાત ફૂટી ગઈ. સત્તર સભ્યોને શૂળીએ વધેરવામાં આવ્યા. ડૉ. સુન નાસી છૂટયા, ને તેમણે મલાયા, અમેરિકા, ઇંગ્લંડ વગેરે દેશોમાં બહુ જ સાવધાનીથી ફરવા માંડયું. જ્યાં જાય ત્યાં વસતા ચીના ગૃહસ્થો અને વિદ્યાર્થીઓમાં દેશોદ્ધારની પ્રેરણા જગાડતા જાય ને સૌને નવી ક્રાંતિ માટે તૈયાર થવાનું કહેતા જાય. ફરતાફરતા ૧૮૯૬ના ઑક્ટોબરમાં એ લંડન પહોંચ્યા. ત્યાં એમની ધરપકડ થઈ, પરંતુ લૉર્ડ સૅલ્સબરીના વચ્ચે પડવાથી છૂટી ગયા.

લંડનથી છૂટી આવી થોડો સમય તે જાપાનમાં છૂપા રહ્યા. પછી ચીન આવી મકાઓમાં પોતાની જન્મભૂમિ પાસે જ પહાડી ગુફાઓમાં એમણે વળી પાછો ક્રાંતિનો કાળો ઝંડો રોપ્યો, સ્વતંત્રતા પર મરી ફીટનાર દેશદાઝવાળા જુવાનોનાં ટોળેટોળાં એ કાળા ઝંડા તળે ઉભરાવા લાગ્યાં. લોકોએ પણ તેમને જબરી મદદ આપી. દરમ્યાન હૉંગકૉંગમાં પણ મકાઓ જેવું એક બીજું સૈન્ય તૈયાર થયું હતું. વાર હતી ફક્ત સુનની. તે ત્યાં પહોંચી જઇ લગામ હાથમાં લઇ હુકમ આપે કે તરત એક ઝપાટે મંચુ વંશને ઉડાડી દઈ પ્રજાસત્તાક રાજ્યની સ્થાપના કરવી સૌને રમત વાત લાગતી હતી.

પણ હૉંગકૉંગ પહોંચતાંવેંત જ તેમને ખબર પડી કે કાવતરું ફૂટી ગયું હતું. તેમના બે વિશ્વાસપાત્ર કાર્યકર્તાઓ પકડાઇ ગયા હતા, ખજાનો જપ્ત થયો હતો, ઉપયોગી કાગળિયાં બાળી નાખવામાં આવ્યાં હતાં અને તેમના સાથીઓને સીંગાપુર લઈ જઈ કેદ કર્યા હતા. ફરી પાછી ક્રાંતિ મુલતવી રાખી, ડૉ. સુન પાછે પગે સીંગાપુર પહોંચ્યા અને મહા મુશ્કેલીએ પોતાના સાથીઓને છોડાવી લાવ્યા.

આવી અનેક નિષ્ફળતાઓ મળી, અનેક ઘા ઝીલ્યા પણ આખરે તે ફાવ્યા. આ વખતે ડૉ. સુને અમેરિકામાં ચીનની ક્રાંતિ માટે ગંજાવર તૈયારીઓ કરી. પરદેશમાં વસતા ચીની નવયુવકોએ ૩૦ લાખ રૂપિયા એકઠા કરી દેશના ક્રાંતિવાદીઓની મદદ માટે મોકલ્યા. શહેરો ને ગામડાંઓ એક પછી એક તેમના તાબામાં આવતાં ગયાં, શહેનશાહી લશ્કરની પલટનો પણ ક્રાંતિવાદીઓને મળી જવા લાગી, અને મંચુ સામ્રાજ્યનું સિંહાસન ડોલવા લાગ્યું.

પણ રાજાએ હાર ખાઇને ગાદી ગુમાવવા કરતાં શાંતિથી ક્રાંતિવાદીઓને ગાદી સોંપી દેવામાં શાણપણ જોયું. પ્રજાએ તેના નિભાવ માટે વર્ષાસન બાંધી આપ્યું; અને ડૉ. સુન આ વેળા ઇંગ્લંડમાં હતા, તેમને તાર કરીને ચીની પ્રજાસત્તાકના પ્રથમ પ્રતિનિધિ થવાની વિનતિ કરી. તે ચીન આવ્યા, ને પ્રજાસત્તાકનું સુકાન હાથ લીધું.''

એ વેળા 'લીલોમેવો' વિભાગમાં (આજના છેલ્લા પાના પેઠે) જે વિવિધ જ્ઞાનમાધુરી આવતી તેની એક વાનગી: ''અગ્નિને સાત જીભ છે. તેનાં શાસ્ત્રીય નામ: કાલિ, મનોજવા, ધૂમ્રા, કરાલી, લોહિતા, સ્ફુલ્લિંગિની અને વિશ્વરુચિ. અને અગ્નિની સ્ત્રીનું નામ 'સ્વાહા.'''

પ્રાચીન નાટયશાસ્ત્ર (સામેના પાનાને અનુસંધાને)

જેની ત્વચા (ચામડી) રુક્ષ હોય, જેનો અવાજ ઘોઘરો હોય, જે અલ્પબુદ્ધિ, ખલ સ્વભાવની, મિજાજી તથા દ્વેષીલી હોય, તેમજ જે રતિક્રીડા તથા વઢવાડ કરવામાં પ્રવીણ, તથા નખ અને દાંતના ક્ષત (ઘા) કરવામાં કુશળ હોય તે સ્ત્રીને ખર અર્થાત્ ગર્દભ પ્રકૃતિની જાણવી.

સૂકરશીલા: જેની પીઠ, પેટ તથા મુખ લાંબાં હોય, જે રોમશ-અંગી (શરીરે વાળવાળી), ઉત્કટમુખી (ભયંકર મુખવાળી) તથા સંક્ષિપ્ત લલાટ (સાંકડા કપાળ) ને કૃષ્ણદંત (કાળા દાંત) વાળી હોય, વળી જેને પુષ્કળ તથા ઘણા જાડા વાળ હોય, જેને કંદમૂળ તથા ફળપ્રિય હોય તથા જે હીનાચાર (આચાર વગરની) તથા ઘણી પ્રજાવાળી હોય તેને સૂકરશીલા જાણવી.

હયશીલા: જેનાં પાર્શ્વ (પડખાં) પહોળાં તથા કમર, પીઠ અને ડોક એકસરખી હોય, જે સુભગા (સુંદર સ્વરૂપવાળી), ચપલા (ચંચળ ચિત્તવાળી), શીઘ્રગામિની (ઝડપથી ચાલનારી), તીક્ષ્ણ વાણીવાળી, દાનશીલા, સીધા ને જાડા વાળવાળી તેમજ કામ તથા ક્રોધવાળી હોય તેને હયશીલા જાણવી.

મહિષીશીલા: જેના પૃષ્ઠ, દંત, હાડ તથા ત્વચા સ્થૂળ (જાડાં) હોય, જેના નિતંબ સુંદર હોય તથા જે ખરરોમાંચિતા (જાડાં રૂવાટાંવાળી), મોટા કપાળવાળી, રૌદ્રા (રોષવાળી), લોકોનો દ્વેષ કરનારી, કંઇક ઊંચા મુખવાળી, જલક્રીડા તથા વનનિવાસમાં આનંદ માણનારી ને રતિપ્રિયા હોય તેવી સ્ત્રીને મહિષી (ભેંસ) ના જેવી પ્રકૃતિની જાણવી.

અજાશીલા: કૃશા (દુર્બળ), સંક્ષિપ્ત પાણિપાદા (નાના હાથપગવાળી), ભયશીલા, વનપ્રિયા, ચંચલા, શીઘ્રગમના, જળથી ત્રાસ પામનારી તથા બહુ સંતાનવાળી હોય તેને અજાશીલા જાણવી.

અશ્વશીલા: વિજૃમ્ભણપરાયણા (બગાસાં ખાનારી), અલ્પ સૂનારી, બહુભાષિણી (બહુ બોલબોલ કરનારી), ઊંચાં નેત્ર તથા લાંબા મુખવાળી, રોષીલી, ઊંચા સ્વરવાળી, આચાર વગરની અને કૃતઘ્ની સ્ત્રીને અશ્વશીલા જાણવી.

ગોશીલા: મોટા અને ઉન્નત નિતંબવાળી, નાની જંઘા અને નાના હાથપગવાળી, માયાળુ, સ્થિર સ્વભાવની, સ્નેહી પર પ્રીત રાખનારી, તથા પ્રજાહિતા (સંતતિ પર સ્નેહ રાખનારી), પિતૃદેવાર્ચનરતા (પિતૃ તથા દેવઅર્ચનમાં પ્રીતિવાળી), નિત્યશૌચા (પવિત્ર અંતઃકરણવાળી), ગુરુપ્રિયા (ગુરુજનોનો આદર કરનારી), પરિક્લેષસહા (ક્લેષ સહન કરવાની શક્તિવાળી), એવાએવા ગાયને મળતા સ્વભાવવાળી સ્ત્રીને ગોશીલા જાણવી.

આ ઉપરાંત મતાંતરે **પક્ષીશીલા** તથા **પિશાચશીલા** નામના બીજા બે ભેદો પણ છે. તેમનાં લક્ષણો આ પ્રમાણે છે:

પક્ષીશીલા: અત્યંત સાંકડા મુખવાળી, તીક્ષ્ણ સ્વભાવની, બહુબોલી, મદ્ય વગેરેમાં ભાવવાળી, ફલપ્રિયા, ચંચલા, સુરતપ્રિયા (સંભોગમાં પ્રીતિવાળી) તથા ઉદ્યાન-વનપ્રિયા (હરવાફરવાની શોખીન) વગેરે પક્ષીને મળતાં લક્ષણોવાળી સ્ત્રીને પક્ષીશીલા જાણવી.

પિશાચશીલા: વિચિત્ર અંગવાળી, ક્રૂર સ્વભાવની, રાત્રે પરિભ્રમણ કરનારી, છોકરાંઓને બીવડાવનારી, ચાડિયણ, ઉતાવળથી ઉચ્ચાર કરનારી, મોટા સ્વરવાળી, તેમજ મદ્ય, માંસ તથા રતિમાં પ્રીતિવાળી સ્ત્રીને પિશાચ પ્રકૃતિની જાણવી. (ચાલુ)



પ્રાચીન નાટ્યશાસ્ત્ર

સ્ત્રી-સ્વભાવ

તથા તેને અનુષંગી અન્ય કળાઓનો પરિચય આપતી લેખમાળા——લેખક——હપતો ૪૧ મો

યોગેન્દ્ર પ્રિયદર્શી

સ્ત્રી અને પુરુષની પ્રકૃતિ વચ્ચેનો ભેદ આપણે જોઈ ગયા. હવે સ્ત્રીઓના વિવિધ સ્વભાવ અનુસાર પાડવામાં આવેલા કેટલાક ભેદો જોઈએ. નાટ્યશાસ્ત્રમાં આવા એકવીસ ભેદો ગણાવેલા છે. આ ભેદો દેવ, દાનવ તથા અમુક પશુપંખીઓના ગુણ-ધર્મ સાથેના તેમના અમુક મળતાપણા ઉપરથી પાડવામાં આવેલા હોઇ તે ખૂબ રસિક થઇ પડે તેવા છે. તેમાં સ્ત્રીઓના વિવિધ સ્વભાવનું ઊંડું દર્શન રહેલું છે. આ ભેદો આ પ્રમાણે : (૧) દેવશીલા (૨) અસુરશીલા (૩) ગાન્ધર્વશીલા (૪) રાક્ષસશીલા (૫) નાગશીલા (૬) યક્ષશીલા (૭) વ્યાલશીલા (૮) માનુષશીલા (૯) વાનરશીલા (૧૦) હસ્તિશીલા (૧૧) મૃગશીલા (૧૨) મીનશીલા (૧૩) ઉષ્ટ્રશીલા (૧૪) મકરશીલા (૧૫) ખરશીલા (૧૬) સૂકરશીલા (૧૭) હયશીલા (૧૮) મહિષશીલા (૧૯) અજાશીલા (૨૦) અશ્વશીલા (૨૧) ગોશીલા. તેમનાં લક્ષણો આ પ્રમાણે છે :

દેવશીલા : સ્નિગ્ધા, મંદનિમેષા (મંદ નિમેષવાળી), અરોગા (રોગ વગરની), અલ્પસ્વેદા (ઓછો પરસેવો વળતો હોય એવી), સમ-રતા (સમાન સ્નેહવાળી), સુરભિ-પ્રિયા (સુગંધમાં પ્રીતવાળી), હૃદયા (હૃદયમાં વસનારી), દીપ્તિધારા (દીપ્તિવાળી) તથા દાન, દયા, સત્ય ને સરળતા વગેરે ગુણોવાળી દેવશીલા જાણવી.

અસુરશીલા : અધમ, સ્થિરક્રોધા, અતિનિષ્ઠુર, મદ્યમાંસ-પ્રિયા, નિત્યકોપા, અતિમાનિની, ચપલા, અતિલુબ્ધા (બહુ લોભી), પરુષા (કટુભાષિણી), કલહપ્રિયા (કજિયાખોર), અલ્પસ્નેહા તથા ઈર્ષા વગેરે આસુરી ગુણોવાળી સ્ત્રીને અસુરશીલા જાણવી.

ગાન્ધર્વશીલા : આરામભોગ્યા (એશઆરામ ભોગવનારી), તન્વી (નાજુક દેહવાળી), સ્મિતાભિભાષિણી (મંદ હાસપૂર્વક બોલનારી), રતિપ્રિયા (રતિમાં પ્રીતવાળી), ગીત-વાદ્ય-નૃત્ય અનુરાગા, મૃજાવતી (સફાઈદાર), નિત્ય આનંદી તથા જેના નખ અને દાંત સુંદર હોય તેમજ જેની ત્વચા (ચામડી), કેશ તથા નેત્ર સ્નિગ્ધ (તેજવાળાં, ચમકદાર) હોય તેને ગાંધર્વશીલા જાણવી.

રાક્ષસશીલા : બૃહદંગી (મોટાં અંગોવાળી), રક્તવિસ્તીર્ણ-લોચના (લાંબાં લાલ નેત્રોવાળી), ખરરોમા (રોમવાળી), દિવાસ્વપ્ના (દિવસે સૂનારી), અતિ ઉચ્ચ ભાષિણી (ઊંચે સાદે બોલનારી), કલહ-પ્રિયા, નખ-દંત-ક્ષતકારી (નખ અને દાંતના ઘા કરનારી), નિશા-વિહારી (રાત્રિમાં વિહાર કરનારી), ક્રોધી, ઈર્ષાળુ વગેરે રાક્ષસના જેવાં લક્ષણોવાળી સ્ત્રીને રાક્ષસના જેવી જાણવી.

નાગશીલા : તીક્ષ્ણ નાક ને ઉગ્ર દાંતવાળી, તામ્રલોચના (રાતાં નેત્રોવાળી), નીલોત્પલવર્ણા (નીલ કમલના જેવા વર્ણવાળી), સ્વપ્નો-દેશા (અતિ નિદ્રાની ટેવવાળી), સુતનુ (સુંદર અંગવાળી), અતિ કોપના (બહુ રોષવાળી), ગંધ તથા પુષ્પમાં પ્રીતિવાળી તથા બહુ બાળકોને જન્મ આપનારી સ્ત્રીને નાગિણી પ્રકૃતિની જાણવી.

યક્ષશીલા : સ્વપ્નપ્રસ્વેદાંગી (જેને નિદ્રામાં પસીનો થતો હોય), સ્થિરશય્યા-આસનપ્રિયા (જેને શય્યા તથા આસન પ્રિય હોય), મદ્યગંધા (જે મદ્ય જેવી ગંધવાળી હોય) તેને યક્ષશીલા જાણવી.

વ્યાલશીલા : જેને માન-અપમાન સરખાં હોય. જે પરુષ (દુષ્ટ) સ્વભાવની તથા પીળાં નેત્રોવાળી હોય તેને વ્યાલશીલા જાણવી.

મનુષ્યશીલા : દક્ષા (ડાહી), ચતુરા (કુશળ), ગુણાન્વિતા (ગુણવાળી), કૃતજ્ઞા, ગુરુ-દેવાર્ચનરતા (ગુરુ તથા દેવની ભક્તિમાં રત), ધર્મ-અર્થ-કામ નિત્યા (ધર્મ, અર્થ તથા કામમાં નિરંતર તત્પર), અહંકારવર્જિતા, સુશીલા તથા સ્નેહી પર પ્રીતિ રાખનારી વગેરે મનુષ્યના ઉત્તમ ગુણવાળી સ્ત્રીને મનુષ્યશીલા જાણવી.

વાનરશીલા : અલ્પતનુ (ઠીંગણા શરીરવાળી), પિંગરોમા (પીળાં રોમવાળી), ફલ-વૃક્ષ-વનપ્રિયા (ફળ, વૃક્ષ તથા વનમાં પ્રીતિવાળી), ચંચળ, સાહસિક તથા ઉચ્છૃંખલ સ્વભાવવાળી, પ્રમોદ-પ્રિયા (ઠઠ્ઠામશ્કરી કરનારી), તથા પ્રસભ રતિશીલા (રતિમાં ઉત્કૃષ્ટ અનુરાગવાળી હોય તેવી સ્ત્રીને વાનરશીલા જાણવી.

હસ્તિશીલા : હૃષ્ટપુષ્ટ શરીર, મોટી દાઢી તથા મોટા કપાળવાળી, પિંગાક્ષી (પીળાં નેત્રોવાળી), રોમાંગી (શરીરે રોમવાળી), ગંધ-પુષ્પ-આસવ તેમજ જલ-ઉદ્યાન-વનપ્રિયા, સર્વ મધુર પદાર્થો તથા રતિમાં સ્નેહવાળી, સ્થિર સ્વભાવવાળી, કોપાયમાન થનારી તેમજ મંદ ધીર સ્વભાવની સ્ત્રીને હસ્તિની પ્રકૃતિની જાણવી.

મૃગશીલા : સ્વલ્પોદરી (નાના ઉદરવાળી), તનુજંઘા (પાતળા સાથળવાળી), વનપ્રિયા, લાંબાં રાતાં નેત્રોવાળી, ચપલા (ચંચળ), શીઘ્રગામિની (ઝડપી ચાલવાળી), ભીરુ (બીકણ), રતિપ્રિયા, રમતિયાળ ચાલવાળી, ગીત-અનુરાગી તથા સહેજમાં રિસાઈને છણકો કરનારી સ્ત્રીને મૃગિનીના સ્વભાવની જાણવી.

મીનશીલા : લાંબી મોટી તથા ઊંચી છાતીવાળી, નિર્નિમેષિણી (ઘણાં મટકાં મારનારી), ચપલા, જલપ્રિયા, બહુભૃત્ય, (ઘણાં નોકરવાળી) તથા બહુસુતા (ઘણાં સંતાનોવાળી)ને મીનશીલા જાણવી.

ઉષ્ટ્રશીલા : લંબોષ્ઠિ (જેના હોઠ લાંબા હોય), કૃશોદરી (જેનું પેટ પાતળું હોય), જેની કમર તથા ડોક ઊંચા હોય, જેની ચાલ ભયંકર હોય, જેની વાચા ખરનિષ્ઠુર (ખરસટ) હોય, જેને ફળફૂલ તથા ખારું તીખું બહુ પ્રિય હોય તેને ઉષ્ટ્ર (ઊંટ) પ્રકૃતિની જાણવી.

મકરશીલા : સ્થૂલશિર્ષા (મોટા માથાવાળી), સ્થિરગ્રીવા (સીધી ડોકવાળી), મહાસ્વના (મોટા અવાજવાળી), પહોળા મુખવાળી તથા ક્રૂર સ્વભાવની સ્ત્રીને મકર (મગર) પ્રકૃતિની જાણવી.

ખરશીલા : જેના હોઠ, જીભ તથા મુખ જાડાં હોય, (અનુ૦ સામે)



Our Friends Abroad



[જગતસંપર્ક સાધતો પત્રમિત્ર-વિભાગ]

નિયમો

આ વિભાગના નિયમો અગાઉ પ્રકટ થયા છે, છતાં આ વર્ષે નવા વાચકોની અનુકૂળતા માટે ફરી તે પ્રકટ કરીએ છીએ. એનું પાલન નહિ થએલા પત્રો રદ ગણાશે અને તે વિષે કશો પત્રવ્યવહાર કરવામાં નહિ આવે. (૧) પોતાનું નામ પ્રકટ કરાવવા ઈચ્છનારે પોતાના જ હસ્તાક્ષરમાં જ અંગ્રેજીમાં (પહેલી એ. બી. સી. ડી. માં જ) પોતાનું સંપૂર્ણ નામ, પોતાના ઘરનું (શાળા અગર દુકાનનું નહિ) પૂરું સરનામું, ઉમર અને શૉખ જણાવવાં; (૨) પોતે ક્યાં સુધી ભણેલા છે અથવા ભણે છે તે જણાવવું. માત્ર અંગ્રેજી છઠ્ઠું કે મૅટ્રિક ભણતા કે ભણી ચૂકેલાઓનાં જ નામો પ્રકટ થશે, કારણ કે પરદેશમાં પત્રવ્યવહાર કરવા ઓછામાં ઓછું અંગ્રેજીનું એટલું જ્ઞાન હોવું આવશ્યક છે; [આ માહીતી નીચે પોતાના વાલી અગર શાળા શિક્ષકની સહી કરાવવી.] (૪) આ વિભાગમાં પ્રકટ કરવા માટેના પરદેશી પત્રમિત્રોના પત્રો ખાસ નવી માહિતી કે દૃષ્ટિવાળા હોય તે જ (બને ત્યાં સુધી ટૂંકા) પસંદ કરીને મોકલવા; સાથે ફોટો કે ચિત્ર હશે તો તે આવકારપાત્ર થશે; (૫) તેનો ગુજરાતી અનુવાદ પણ સાથે કરી મોકલવો જરૂરી છે; એમાં ઘટતા સુધારા અમે કરી લઈશું. (એ બધી સામગ્રી ન સ્વીકારાયે પાછી મેળવવા માટેનું પૂરતું પોસ્ટેજ પણ સાથે બીડવું. કીમતી સામગ્રી હોય તો વળતી વખતનું રજિસ્ટર્ડ કરવા સાથેનું પોસ્ટેજ મોકલવું.) (૭) પોસ્ટેજ બીડયા વિના આ વિભાગને લગતી કોઇપણ પૃચ્છાનો ઉત્તર આપવામાં નહિ આવે. (૮) કેટલાક અમારી પાસેથી પોતાને મનફાવતા દેશોના પત્રમિત્રોની યાદી મંગાવે છે; પરંતુ અમારી પાસે તેવી કોઈ કાયમી યાદી રહેતી નથી. અમારી પાસે જે કાંઈ આવે છે તે અમે 'કુમાર'માં પ્રકટ કરી દઇએ છીએ. માટે સૌએ પોતપોતાની પસંદગીનાં સરનામાં 'કુમાર'ના અંકોમાંથી શોધી લેવાં; અમારી સાથે નાહક પત્રવ્યવહાર કરવો નહિ. (૯) પરદેશી પત્રમિત્રો સાથે પત્રવ્યવહાર કરનારાઓએ, પોતે આ દેશનાં સંસ્કાર, ચારિત્ર્ય અને પ્રતિષ્ઠાનાં પ્રતિનિધિ છે એ ખ્યાલમાં રાખીને એવા ગૌરવપૂર્વક પત્રવ્યવહાર કરવો જોઇએ.

ફરિયાદો

આ વિભાગમાં પોતાનાં નામ છપાવનારાઓની શુદ્ધ દાનત કે પ્રામાણિક ઉત્સુકતા વિષે શંકા કરાવનારા પત્રો અવારનવાર અમારા ઉપર આવ્યા જ કરે છે. તે પરથી સાર એ નીકળે છે કે ઘણા માત્ર પોતાનું નામ 'કુમાર'માં છપાએલું જોવાના હલકા ઉમંગના માર્યા જ નામો પ્રકટ કરાવે છે; અને કોઈ તેમની સાથે પત્રવ્યવહાર કરે છે ત્યારે તેમને જવાબ આપવાની પરવા પણ કરતા નથી. ફરિયાદના એવા છેલ્લા આવેલા પત્રો પૈકી થોડા:

"તમો લખો છો કે પત્રમિત્રોનાં સરનામાં તમો મોકલનારની પ્રામાણિકતા પર વિશ્વાસ રાખી પ્રગટ કરો છો. તો પછી જો કોઈ પત્રમિત્ર ઠગવાનો ધંધો કરે તો તમો તે બીજા પત્રમિત્રોના લાભની ખાતર તેમને ઉઘાડા પાડી શકો છો. આ અનુભવ મારો એકલાનો નથી. ભોગીલાલ પુંજાણી, જેતપુરવાળાને પણ મારા જેવો જ અનુભવ થયો છે. બીજું ......એ પોતાનું નામ ફરીથી પ્રકટ કરાવવાને માટે પોતાની કોઇ કલ્પિત બહેનનું નામ આપ્યું અને તમે વિચાર કર્યા વગર પ્રગટ કરી નાખ્યું......એ જ ગામમાં રહેતા ....
...ભાઇએ પણ પોતાની બહેનનું નામ આપ્યું છે. તેમને ત્રણ બહેનો છે તે હું જાણું છું, પણ તેમને આ શૉખ હોય તેમ હું માનતો નથી. બંનેમાંથી એક પણ જણ કાગળનો જવાબ સુદ્ધાં આપતો નથી. મેં તેમને છ થી સાત કાગળો લખ્યા, પણ તેમાંથી એકેનો જવાબ આવતો નથી તથા કાગળ પાછો આવતો નથી. જો તેમને મિત્રતા ન રાખવી હોય તો એક કાર્ડ લખીને ખુલ્લું જણાવી દેવું જોઇએ.

આ પ્રમાણે બીજા પત્રમિત્રો ઠગાઈ ન જાય તે માટે તમારે યોગ્ય સૂચનો બીજા પત્રમિત્રોને આપવાં જોઈએ અને તે તમારી ફરજ છે. મેં કેટલાંક જૂનાં 'કુમારો'માં આવા બનાવો વિષે વાંચ્યું છે અને તે માટે તંત્રીએ તેઓની યોગ્ય ઝાટકણી કાઢેલી જ છે. તમો તમારી ફરજ યોગ્ય રીતે બજાવશો એવી હું આશા રાખું છું."

"...ખાસ કરીને હિંદી પત્રમિત્રો તો જવાબ આપવાની તસ્દી પણ લેતા નથી. આથી શરૂઆતના પત્રમિત્રોમાં તો આ પ્રત્યે ઘૃણા ન ઉપજે તો બીજું શું થાય? આમ પૈસા અને ચારિત્ર્યનો બેવડો દુર્વ્યય કરવો શું યોગ્ય છે? થોડા વખત પહેલાં ટિકિટની ઓફર કરનાર એક મિત્ર જાણે નામના મેળવવી ન હોય અને ઉપકાર કરતા ન હોય તેમ ટિકિટ (એક જ) મોકલેલી. વધુ લખવું ઠીક નથી...."

બીજા એક ભાઇ લખે છે: "આપના માસિકમાં આવતા આજ સુધીમાં લગભગ ૨૦ થી પણ વધારે પત્રમિત્રો પર કાગળો લખ્યા, પણ કોઇએ પણ જવાબ આપવાની દરકાર ન કરી..."

આ પત્રો અમે ઘણી જ ગ્લાનિપૂર્વક પ્રકટ કરીએ છીએ. તેના ઉપર વિશેષ ટીકાની જરૂર નથી. એમાં ઉલ્લેખેલાં નામ સૌજન્ય ખાતર અમે પડતાં મૂકી ત્યાં ટપકાં કર્યાં છે; પણ આવો વ્યવહાર વધુ ચાલશે તો અમારે આકરાં પગલાં નછૂટકે ભરવાં પડશે. મિત્રાચારી એ એક પવિત્ર સામાજિક વ્યવહાર છે. તે વિશેષ વિસ્તરે ને જગતમાં માનવબંધુતાની ભાવના દૃઢીભૂત થતી જાય એવા ઉદ્દેશથી ચલાવાતા આ વિભાગનો, આપણે આપણી એક સસ્તી લોલુપતા પોષવા જેવો ઉપયોગ કરીએ એ આપણી શાનને શોભારૂપ છે? પોતે કોઈની સાથે પત્રવ્યવહાર ચલાવવા ન ઇચ્છતા હોઇએ, અગર પોતાને વધુ પત્રમિત્રોને ઉત્તર આપવાનો સમય ન હોય તો પણ આવેલા પત્રનો તેવો ઉત્તર આપવાનો વિવેક તો જાળવવો જ જોઈએ.

પરદેશનાં પત્રમિત્રો

૪૭ વર્ષના હોલાંડના આ ગૃહસ્થ ફિલસૂફીના અભ્યાસી છે અને યોગ તથા તત્ત્વજ્ઞાનના કોઈ સાચા જાણકાર સાથે પત્રવ્યવહાર ઇચ્છે છે: Mr. M. Kuysten, Schillerlann 12, Utrecht (Holland).

પોર્ટુગાલનાં પાંચ સરનામાં: એ બધાંને ૨૨થી ૨૫ની વયનાં હિંદી પત્રમિત્રો જોઈએ છે. Girls: (1) Elivira Alexandrina de Jesus Ramos, R. da Estacao, 54 Campanha, Porto (Portugal); (2) Maria da Conceicao A. de Castro Soares, R. Sta., Catarina, 469, Porto (Portugal); (3) Aurora Ruth Ferreira dos Santos, Tr. do Arco de Noeda, 35, Porto (Portugal); Boys: (1) Mario Rui

Ferraz, R. da Constrituicao. 815, Porto (Portugal); (2) Henrique da Costa Pinho, R. Faria Guimarais, 220, Porto (Portugal). (ઉલ્લેખ: જયન્ત શાહ, મદ્રાસ).

આ નીચેનાં બે સ્વીડિશ વિદ્યાર્થીઓ (જેઓ માનસશાસ્ત્ર અને ફિલસૂફીનો અભ્યાસ કરવા સાથે પ્રાથમિક શાળામાં શિક્ષકો છે તેઓ) તે વિષયનાં જાણકાર હિંદી પત્રમિત્રો સાથે પત્રવ્યવહાર ઇચ્છે છે. Ake W. Edfeldt, Laengholmsgatan 40, Stockholm 9, (Sweden); Kaguar Schulze, Headingatan3 Stockholm.

પાટણથી ભાઈ સુમંત ચોકશી, પોતાને હિંદ ખાતેના અમેરિકા અને ઇટાલિના પ્રતિનિધિઓ પાસેથી મળેલાં કેટલીક સંસ્થાઓનાં નામ મોકલે છે: (1) Instituto Dante Alighieri, Piazza Firenze, Roma (Italy), (ઉલ્લેખ: ઇટાલિયન પ્રતિનિધિ Dr. O. Falbiani); (2) International Friendship League, 41 Mt. Vernon St., Boston (Mass.) U.S.A.; (3) International Student's Society, Hillsboro (Oregon) U.S.A.; (4) Interscholastic Correspondence, 433, Buena Vista, San Francisco (Calif.) U.S.A.; (5) Open Road for Boys, 248, Boylston St., Boston (Mass.) U.S.A.; (6) Foreign Correspondence Bureau, Augusta, (Kansas) U.S.A. (ઉલ્લેખ: અમેરિકન પ્રતિનિધિ Mr. C. H. Timberlake).

ઈજિપ્ત, અમેરિકા અને કૅનેડામાં પત્રમિત્રો જોઇતા હોય તેઓ નીચે જણાવેલાં તે તે દેશોના એલચીખાતાના અમલદારોને સરનામેથી માહિતી મેળવી શકે: (1) G. H. Yansen Esqr., Press Attache, Embassy of India in Egypt, 1, Midan Soliman Pasha, Cairo (Egypt); (2) Mr. F. N. de Mello Kamath, Govt. of India Information Services, 2107, Massachusets Avenue, N. W. Washington D. C. (U.S.A.); (3) Govt. of India Information Services, 114, Wellington Street, Ottawa (Canada). ઉપરાંત નીચે બે વ્યક્તિગત પત્રમિત્રોનાં સરનામાં: (1) Mr. Robert Jolly, Primary School, East-Adelaide, St. Peters, (South Australia); (2) Joyce Jiffin, 6, South Terrace, Council House, Chopwell, New Castle-on-Tyne (England). (ઉલ્લેખ: જી. પી. શાસ્ત્રી, નડિયાદ)

૨૯ વર્ષનો આ ઈટાલિયન જુવાન હિંદી મિત્ર સાથે પત્રવ્યવહાર ઈચ્છે છે. તે બે વર્ષ સુધી અમેરિકામાં યુદ્ધકેદી તરીકે રહ્યો હતો. હાલ શિક્ષક છે: Mr. Angelo Micheli, Grumello Del Monte, Bergamo (Italy). (ઉલ્લેખ: ગિરધારીલાલ શ્રોફ, અમદાવાદ.)

The following addresses were sent in by Mr. Girdharilal Shroff, 711/3, Sakar Bazar, Ahmedabad-2. (1) Mr. Aubrey Victor Ince, 159, Waterloo Street, George Town, Br. Guiana (S. America), Boy—17 years; (2) Fien Staffels, Rormoddsrneg 120, Stellegeler, 5, (Holland); (3) Miss Evelyn Dierks, sioux—centre, R 7 D Towa (U.S.A.); (4) Sigman Dickes, Wireless Station, 5 Nr., Abeokuta-Nigeria (Br. W. Africa); (5) E. Lozaran, 67, Meteori St., Prucharest VI (Roumania R.T.R.); (6) Moniqu Geondines, 578, Curiclier Montreal P2 (Canada); (7) Svenn Draebel, Bryghuset, Nykobing Falster (Denmark), Boy—20 years, (Sports, Birds, Art, Music Etc.); (8) Mr. Roggero Eros, Via Nazionale 5 Porte (Torino), Italy.

Delores Schuler, 12/3 North B. Street, Richmond (Ind.) U.S.A. આ અમેરિકન બહેન હિંદી હાઈસ્કૂલના સાથે ઍર મેઇલથી પત્રવ્યવહાર ઇચ્છે છે (ઉલ્લેખ: બંસી શાહ, વડોદરા).

Miss Mercedes Riera Solar, Urgel, 109-1-o 2 a, Bargelona (Spain): ૨૨ વર્ષની આ સ્પૅનિશ યુવતી કૉલેજમાં અભ્યાસ કરતાં યુવક-યુવતીઓ સાથે પત્રવ્યવહાર કરવા માગે છે. એમને હિન્દ વિષે નવુંનવું જાણવાનો ખૂબ શૉખ છે. એમણે R. Kipling અને I. Verne વાંચ્યા છે, તેથી એમને આપણા દેશ વિષે માહિતી મેળવવાનો શૉખ જાગ્યો છે. તે ઉપરાંત એમને નૃત્ય અને સ્કેચ દોરવાનો પણ શૉખ છે. એમની સાથે પત્રવ્યવહાર કરનારે શ્રી મોરારભાઇ દ. પટેલ, મટવાડ, એ નામનો ઉલ્લેખ કરવો.

(1) Mr. S. Akinola Olufowobi, P. O. Box 9, Kaduna, Northern Nigeria, B. W. Africa; (2) Mr. R. K. Pather, P.B. Box 1256, Durban, Natal, South Africa; (3) Miss Caroli Hubfert, 3903, Hayward Ave., Baltimore-15 (Ind.) U.S.A.; (4) Miss Francis T. Daum, 503, Rossites Ave, Baltimore-12 (Ind.) U.S.A.; (5) Miss Pegg De Rubbis, 402, Mc Cabe Ave., Baltimore-12 (Ind.) U.S.A. (ઉલ્લેખ: ગિરીશ દેસાઈ, મુંબાઇ)

ભાઈ સત્યપાલ સંઘવી (કચ્છ-માંડવી) ઇંગ્લંડની બે બહેનોનાં નીચેનાં સરનામાં મોકલે છે. તે બંને ૧૫ વર્ષની છે અને ૧૬-૧૭ વર્ષના કુમારો જોડે પત્રવ્યવહાર ઇચ્છે છે. (1) Miss Dorothy Ritchings, 83, Waye Avenue, Cranford, Hounslow, Middlesex, England; (2) Miss Josephine Olliffe, 32, Waye Avenue, Cranford, Hounslow, Middlesex, Eng.

Atsushi Okada, Boy—18, 13 Tokiwa Machi, Kochi city, Japan, Stamps, View-card. (ઉલ્લેખ: ચીનુભાઇ પટેલ, સિદ્ધપુર).

(1) Miss Vennifer Hills, 6, Old Farm Road, East Sideup, Kent. England-17, Swimming, Tennis, Ballet, Dancing & Music; (2) Miss Jean Keay, 150, Sideup Hill, Sideup, Kent, England—17, Music, Dancing, Tennis, Films; (3) Miss Brenda Thornley, 5, Athenlay Road, Nunhead, London S. E. 15, England—17, Fencing, Films, Reading, Swimming; (4) Miss Peggy Kemp, 112, St. Mary's Road, Nunhead, London, S. E. 15, England—17, Films, Fencing, Books, Swimming, Theater, Ballet. (ઉલ્લેખ: રમેશ શ્રીધરાણી, મુંબાઇ).

આફ્રિકાનાં પત્રમિત્રો

(1) Dinker S. Patel, C/o S. S. Patel, P. O. Box 113, Mombasa (Kenya); (2) Chandrakant S. Patel, Address as above; (3) Rajnikant R. Patel, C/o R. B. Patel, Salim Road Post-Office, Mombasa (Kenya); (4) Maganlal M. Patel, P. O. Box 5009, Kilindini, Mombasa (Kenya); (ઉલ્લેખ: રસિકચંદ્ર જી. અમીન). (5) Rajnikant K., C/o K. D. Thakrar, Box 240, Zanzibar (B.E.A.) Vrindavan Jivraj, P. O. Box 279, Kampala (Uganda), B. E. Africa: છાપકામ, ટિકિટો, ફોટોગ્રાફી તથા રમતગમતોમાં રસ ધરાવનાર હિંદી મિત્ર સાથે પત્રવ્યવહાર ઇચ્છે છે.

હિંદી પત્રમિત્રોનાં સરનામાં (આગળને અનુસંધાને ચાલુ)

(463)Madhusudan Chhaganlal Reshamwala, C/o Prabhudas Gangadas Resamwala, Rampura Rd., Surat—17, Photography, Stamps, Reading, Cricket; (464) Bhogin Mistry, Fire Brigade St., Ahmedabad-8—19, Music, Dancing, Photography, Drawing and Painting; (465) Madhukant P. Patel, 1777, Surdas Sheth's Pole, Mandvi Street, Ahmedabad—18, Stamps, Coins, View-cards; (466) Amritlal S. M., C/o S. M. Mehta, 39 Veerappan St., Madras-1—16, Stamps, Swimming, Photography; (467) Shantikumar Jivandas Bhatia, 84, Bora Bazar St., Fort, Bombay-1—17, Stamps, Cricket, Table-tennis, Reading; (468) Kishorkumur Karsandas Bhatia, 404, Anand Bhuvan, Vitthalbhai Patel Road, Girgaum, Bombay-4—17, Photography, Stamps, Match-labels; (469) Jagmohan Shah, C/o Gopaldas Shah, Sayaji Mills Co. Ltd., Baroda-3—21, Stamps, Singing, Photography; (470) Ramnik B. Shah, Manek Bhuvan, Bunder Rd., Cutch-Mandvi—20, Stamps; (471) Jayant Bhikhabhai Shah, 111/2, Lohar Street, Bombay-2—18, Stamps, Coins; (472) Vinaykumar Harilal, Lodhawala Building, Plot No 589, Navi Manekwadi, Bhavnagar (Saurashtra)—18, Stamps, Music; (473) Pratap Pranlal Shah, Choksi Bhuvan, Nehru Rd., Vile-parle (East), Bombay-24—20, Stamps, Music, Photography; (474) Arvindkumar V. Mehta., 1671, Sevka's vadi, Khadia, Ahmedabad-1—22 Photography, Travelling; (475) Jayant Shah, 1837, Kadia's Dehla, Lunsawada Ahmedabad-23 Stamps, Philosophy; (476) Haresh Fulshanker Vyas, Mistri Madhavasi Jethabhai's Bldg., Bhatia Dharmshala Rd. Junagadh (Saurashtra)—19, Science, Politics, Stamps; (477) Kantilal Ranchhoddas Chhatbar, 8-12 Bhasker Lane, Cathedral Street, Bombay-2—23, Stamps, Photography, Drawing & Painting.

The following addresses were sent in by Girdharilal, Shroff, 1619 Dhanasuthar's Pole, Ahmedabad. (478) Dr. Pushpendra Bhatt, L. G. O (Mad.), People's Clinic, Dhanasuthar's Pole, Ahmedabad. (Stamps, Coins); (479) Mr. Ajitkumar M. Sanghvi, 196 Doshiwada's Pole, Ahmedabad. (Stamps, Flies); (480) Mr. Rasiklal S. Zaveri, 112/6 Hathikhana, Ratan Pole, Ahmedabad. (Stmps, Fishes); (481) Mr. D. S. Franco Tailor, 564/2 Reid Road, Ahmedabad. (Stamps); (482) Mr. Subodhchandra J. Parikh, 609 Lakha Patel's Pole, Dev sheri, Ahmedabad. (Stamps, Correspondance); (483) Mr. Bhanuprasad. M. Vyas, Dariyapur, Wadigam, Ahmedabad. (Stamps); (484) Mr. Suryakant C. Patel, Padma Pole, Dariyapur, Wadigam, Ahmedabad. (Stamps); (485) Mr. Madhukant P. Patel 1777 Mandvi's St,. Ahmedabad. (Stamps).



અમેરિકા તથા ઑસ્ટ્રેલિયાની અભિનવ ટિકિટો: મથાળાની પાંચ અમેરિકાની તથા છેલ્લી ઑસ્ટ્રેલિયાની આ ટિકિટો, તે તે દેશોએ જે વિવિધ પ્રસંગે ફર્સ્ટ-ડે કવર સાથે કાઢેલી તેનું વર્ણન પડખે આપ્યું છે. (શ્રીહરિલાલ બેંકરના સંગ્રહમાંથી)

અવનવી ટિકિટો કાઢવાના સદાના ઉત્સાહી અમેરિકાની, પડખે આપેલી પાંચ ટિકિટોમાં વિષયોનું પણ ઠીક વૈવિધ્ય છે. પહેલી ટિકિટ, અમેરિકન સ્વાતંત્ર્યયુદ્ધના બે વિખ્યાત સેનાપતિઓ વૉશિંગ્ટન અને લીના સ્મરણાર્થે સ્થપાએલી યુનિવર્સિટીની બીજી શતાબ્દી નિમિત્તની છે, જેના પર એ બંનેની છબિઓ તથા યુનિવર્સિટીનું મકાન છે. બીજી ટિકિટ ત્યાંના મેરીલૅન્ડ પરગણાના પ્રાચીન શહેર આનાપોલિસની સ્થાપનાની ત્રીજી શતાબ્દી નિમિત્તની છે, જે પર તેનો નકશો છે; ત્રીજી ટિકિટ, અમેરિકાના આદિ વતની 'ઇન્ડિયનો'ની જે પાંચ સુસંસ્કૃત જાતિઓને ત્યાંના નવા વસાહતીઓએ ઑક્લૉહામા પ્રાંતમાં બળજબરીએ હાંકી કાઢેલી તે પ્રસંગ 'ટ્રેઇલ ઑવ ટીઅર્સ'ની પહેલી શતાબ્દીએ તેણે ૧૯૪૮માં કાઢેલી, તે પર એ પાંચ જાતિઓની રાજ્યમહોરો સાથે તેમનાં નામ આપ્યા છે. ચોથી ટિકિટ અમેરિકામાં સોનું શોધાયું તેની શતાબ્દી નિમિત્તની છે, જે પર કૅલિફૉર્નિયામાં જ્યાં તે શોધાયું ત્યાં આવેલી 'સટર્સ મિલ'નું પ્રાચીન ચિત્ર છે; પાંચમી ટિકિટ, અમેરિકાના તાબાના વેસ્ટ ઇંડીઝમાંના પોર્ટોરિકો ટાપુનો પહેલો ગવર્નર જનરલ ચુંટાયાની શતાબ્દીની છે. તે પરની માનવ આકૃતિના જમણા હાથમાં યંત્રનું ચક્ર અને ડાબા હાથમાં મતપેટી છે. છેલ્લી ઑસ્ટ્રેલિયાની ટિકિટો પર ત્યાંના કવિ હેન્રી લૉસનની છબિ છે, જેણે પોતાના બાંધવોનાં પુરુષાર્થ અને આકાંક્ષાઓને બિરદાવ્યાં છે.

ટિકિટસંગ્રહ આજનો સંસારવ્યાપી શૉખ

એ કેમ કેળવવો તેની તથા બીજી ઉપયોગી માહિતી આપતો વિભાગ

ટિકિટની શોધ એ દુનિયાભરની સેવાની એક અદ્‌ભુત શોધ ગણાય છે. તમે ટપાલ-પેટીમાં કાગળ નાખો ત્યારે તમારા મનમાં કેટલી નિરપવાદ શ્રદ્ધા, વિશ્વાસ અને નિરાંત હોય છે કે તમારો એ પત્ર સસ્તામાં સસ્તા દરે, તદ્દન સલામતપણે, અને ઝડપીમાં ઝડપી રીતે ચોક્કસ પહોંચવાનો જ છે! એ ઓછી અદ્‌ભુત સેવા છે? અને તેમાંથી વળી, એ ટપાલના કે ટિકિટના શોધકોને, કે તે ચલાવનારી સરકારોને યે જેનો સ્વપ્નેય ખ્યાલ નહિ હોય એવી એક અજબ સંસારવ્યાપી વસ્તુ જન્મી: ટિકિટસંગ્રહનો શૉખ. એનો જન્મ તો એક સાધારણ શૉખ તરીકે થયો, જેમાં ટિકિટો ઉપરનાં આલેખનોની વિવિધતા, એનાં રંગવિધાન, દેશદેશના ભાવપ્રતીકો વગેરેની નવીનતાનું આકર્ષણ જ મુખ્ય હતું; પણ પાછળથી એમાં છત-અછત અનુસાર મૂલ્યાંકનનું તત્ત્વ દાખલ થયું અને વિરલ ટિકિટોની કિંમતો વધતી વધતી હજારો રૂપિયાથી અંકાવા માંડી.

એ વિરલપણાનાં કારણો વિવિધ હોય છે. અછત એ એક કારણ ખરું. પણ એ ઉપરાંત એ ટિકિટ વિષે કાંઇક નવીનતા, વિશિષ્ટતા, વિચિત્રતા હોય તો જ એની વિરલતા મૂલ્યવાન બને. કોઇ વાર અકસ્માત થએલી કોઈ ભૂલને કારણે એ ખામીવાળી ટિકિટ મૂલ્યવાન બને. એ ભૂલ તો તરત સુધરી ગઇ હોય એટલે એવી ટિકિટોની સંખ્યા પણ બહુ ન હોય. કોઇ વખત વળી કોઇ મુશ્કેલીને સમયે ઉપજાવી કાઢેલી ટિકિટો એની નવીનતાને લીધે વિરલ બની જાય. ઉદાહરણ જોઇએ.

ઇંગ્લંડે ટિકિટો કાઢી એટલે તેના તાબાના સંસ્થાનોએ પણ પોતાને એનો લાભ લેવા દેવાની પરવાનગી માગી. પણ એમ કરવા દેવાથી તો બધાં સંસ્થાનોની જુદીજુદી ભાતની ટિકિટોને લીધે ગોટાળો થઇ જશે, એવા ભયથી ઇંગ્લંડે તેમ કરવા દેવાની ના પાડી ને અમુક સંસ્થાનોને પોતે જ પોતાના જેવી ટિકિટો છાપીને પૂરી પાડવા માંડી.

પણ મૉરિશ્યસ ટાપુએ સ્વતંત્ર રસ્તો લીધો, ને પોતાની ટિકિટો કાઢવાનું ઠરાવ્યું. એ વેળા, ઈ. ૧૮૪૭માં ત્યાં કોઇ કોરનારા-છાપનારા તો મળે નહિ, એટલે ઘડિયાળોનાં ઘરાં પર નામ કોરનારા બર્નાર્ડ નામના એક કારીગરને તે કામ સોંપ્યું, અને ઇંગ્લંડના જેવી જ રાણીની છબિવાળું બીબું કોરવાનું કહેવામાં આવ્યું. તેણે બીજું બધું તો સારું કર્યું, પણ એક ભૂલ કરી બેઠો. છબિની ચારે બાજુ જે અક્ષરો કોરવાના હતા, તેમાં ડાબી બાજુએ Post Paidને બદલે તેણે Post Office શબ્દો કોર્યા ને હજારેક ટિકિટો છાપી કાઢી. ત્યાં તો ભૂલની જાણ થઈ ને નવું બીબું કોરાયું પણ પેલી Post Office શબ્દોવાળી (ભૂલવાળી) ટિકિટ વિરલ ગણાઇ ગઈ. એ જાતની એક પેનીવાળી માત્ર ૧૩ ને બે પેનીવાળી ફક્ત ૧૨ જ ટિકિટો આજે દુનિયામાં છે, ને તે દરેકની કિંમત ૩,૦૦૦ થી ૫,૦૦૦ પૌંડની ગણાય છે. (જુઓ ઉપરનું ચિત્ર) [ચાલુ]



દુનિયાની સૌથી મૂલ્યવાન ટિકિટો પૈકીની એક 'બ્લ્યુ મૉરિશ્યસ.' એમાં થએલી જે ભૂલને કારણે તે મૂલ્યવાન થઇ તેનું વર્ણન નીચે વાંચો.



ભારત પ્રજાસત્તાક તરીકે જાહેર થયાને પ્રસંગે નીકળેલી ચાર ટિકટો સાથેનું 'ફર્સ્ટડે કવર.' એ દિવસને માટે રદ કરતી યોજાએલી છાપ સાથે

(ફેબ્રુઆરી ૧૯૫૦)

સરોજિની નાયડુ (અનુ. પૃ. ૪૪થી ચાલુ) દેવાગાં આવેલાં. આ શિક્ષા પછી એમણે અંગ્રેજી પાછળ બરાબર લક્ષ આપવા માંડયું અને પિતા સાથે અંગ્રેજીમાં જ વાતચીત કરવાનું રાખ્યું.

પિતાને હતું કે પોતાની પુત્રી એક મહાન ગણિતશાસ્ત્રી અથવા વિજ્ઞાનશાસ્ત્રી થશે. પરંતુ સરોજિનીને ગણિતના દાખલા કે વિજ્ઞાનના અખતરામાં રસ નહોતો. એમનો આત્મા કવિનો આત્મા હતો. વાસ્તવિક કરતાં કલ્પનાના જગતમાં વિહરવાનું એમને અધિક પ્રિય હતું. અગિયાર વર્ષની વયે એમણે પહેલવહેલી કવિતા લખેલી, અને તે પણ વિલક્ષણ રીતે: બીજગણિતનો એક દાખલો એ ગણી રહ્યા હતાં. ખૂબ માથાકૂટ છતાં સાચો જવાબ મળે જ નહિ. એટલે દાખલો ગણવાને બદલે કવિતા લખી નાખી! અને આમ એમની કાવ્યપ્રવૃત્તિ શરૂ થઈ. તેર વર્ષની વયે તો સર વૉલ્ટર સ્કૉટની 'લેડી ઑવ ધ લેઈક'ની શૈલીએ તેરસો લીટીનું એક કાવ્ય લખી નાખ્યું અને ત્યાર બાદ બે હજાર લીટીનું એક નાટક—અને તે પણ દાક્તરે જ્યારે તબિયતને કારણે કશું લખવાવાંચવાની ના પાડેલી તેવે સમયે! પરિણામે તબિયત વધારે લથડી અને શાળાએ જવાનું બંધ કરવું પડયું. આ ફુરસદનો ઉપયોગ એમણે એક નવલકથા લખી કાઢવામાં કર્યો. એ જ અરસામાં એમણે રોજનીશી પણ લખવી શરૂ કરી.

માત્ર બાર વર્ષની નાની વયે મદ્રાસ યુનિવર્સિટીની મૅટ્રિકની પરીક્ષા પસાર કરતાં એમના પર અભિનંદનોનો વરસાદ વરસવા લાગેલો, પરંતુ સરોજિનીને એથી બહુ આનંદ નહોતો થયો. શાલેય શિક્ષણ કે પાઠય પુસ્તકોમાં એમને બહુ રસ નહોતો. એમને થયા કરતું કે એમનું સાચું કાર્ય કવિતાલેખનનું હતું અને નહિ કે પરીક્ષાઓ પસાર કરવાનું. પરંતુ માતાપિતાની માન્યતા જુદી જ હતી. રાજ્ય પાસેથી વાર્ષિક ૩૦૦ પૌંડની શિષ્યવૃત્તિ અપાવી પિતાએ તેમને ઇંગ્લંડ મોકલ્યાં, જ્યાં તે પ્રથમ લંડનની કિંગ્સ કૉલેજમાં અને પછી કૅમ્બ્રિજ યુનિવર્સિટીની છોકરીઓ માટેની ગર્ટન મુકામેની પ્રસિદ્ધ કૉલેજમાં ભણ્યાં.

ઇંગ્લંડના નિવાસ દરમિયાન એ કેટલીક એવી વ્યક્તિઓના પરિચયમાં આવ્યાં જેમનું માર્ગદર્શન એમને માટે બહુ કીમતી થઈ પડયું. એમાંના એક હતા સર એડમંડ ગૉસ. સરોજિનીએ એમને પોતાની કવિતાઓ બતાવેલી તેની આંગ્લમયતા જોઈ ગૉસ નિરાશ થએલા. ઇંગ્લંડનાં દેવળો, ઇંગ્લંડનાં પક્ષીઓ ને ઇંગ્લંડનાં વૃક્ષો પર કવન કરવાને બદલે એક ભારતીય તરીકે ભારતીય વસ્તુ પર જ લખવા એમણે તેમને જણાવ્યું. સરોજિનીએ આ કીમતી સલાહ માન્ય રાખી અને ત્યારથી પરાઇ વસ્તુઓ પર કવિતા કરવાનું બંધ કર્યું. એમના કુલ ચાર કાવ્યસંગ્રહો બહાર પડયા છે, ને એ ચારેય ભારતીયતાથી ઓતપ્રોત છે: 'The Bird of Time' (૧૯૧૨), 'The Golden Threshold'(૧૯૧૬), 'The Broken Wing' (૧૯૧૭), અને 'The Sceptered Flute' (૧૯૨૮).

લંડનમાં મળેલી બીજી વ્યક્તિ તે કવિ-લેખક મિ. આર્થર સાયમન્સ, જેણે 'The Golded Threshold'ની પ્રસ્તાવના લખી છે. એ વખતનાં સરોજિની કેવાં હતાં તે જાણવા માટે સાયમન્સની આ પ્રસ્તાવના વાંચી જવા જેવી છે. એમના હર્ષશોકના સંવેદનની તીવ્રતા સાથોસાથ સાયમન્સે પાછળથી ટીખળ સુધી પહોંચેલી એમની વિનોદવૃત્તિનો પણ ઉલ્લેખ કર્યો છે. એ અંગે તો ખુદ સરોજિનીએ પણ લખેલું છે કે, 'જિંદગીએ અથવા કદાચ મારા પ્રભુએ મને બક્ષેલી સર્વ વસ્તુઓમાં હાસ્યની બક્ષિશ હું અમૂલ્ય ગણું છું.'

ઈ. સ. ૧૮૯૭માં એ હૈદરાબાદ પાછાં ફર્યાં. ઇંગ્લંડ ઊપડયા પહેલાં જ એમની ઇચ્છા હૈદરાબાદના ડૉ. એમ. ગોવિન્દરાજુલુ નાયડુ સાથે લગ્ન કરવાની હતી. પરંતુ ચટ્ટોપાધ્યાય જેવી કુલીન બંગાળી બ્રાહ્મણકન્યા અબ્રાહ્મણ મદ્રાસી નાયડુને શી રીતે વરી શકે? આ કારણે સરોજિનીની ઇચ્છાને પ્રોત્સાહન મળતું નહોતું. પરંતુ એમની ઇચ્છા તો જાત અને વર્ણની દીવાલો તોડવાની જ હતી, એટલે પ્રચંડ વિરોધ સામે એથી યે પ્રચંડ સામર્થ્યપૂર્વક ઝૂઝીને એમણે પોતાને નડતરરૂપ એ દીવાલ તોડી નાખી અને ડૉ. નાયડુ સાથે લગ્ન કરી નાખ્યાં. ત્યાર પછી તો આવાં અનેક લગ્નો થયાં છે, પરંતુ આજથી અરધી સદી પહેલાં સમાજ જ્યારે આવાં લગ્નોની કલ્પના સુદ્ધાં કરવા તૈયાર નહોતો ત્યારે સરોજિનીને એ પગલું લેતાં કેટલાં શૌર્યધૈર્ય વાપરવાં પડયાં હશે? આ સુખી લગ્નજીવનને પરિણામે તેમને ચાર સંતાનો થયાં: બે પુત્રો જયસૂર્ય ને રણધીર, તથા બે પુત્રીઓ-પદ્મજા ને લીલામણિ. પ્રેમાળ પત્ની જેટલાં જ એ વત્સલ માતા પણ હતાં, ને એમણે લખેલી 'મારા સંતાનોને' નામક કવિતામાં તેમનો એ વાત્સલ્યભાવ જ નીતરી રહ્યો છે.

હૈદરાબાદમાં જે વર્ષો ગાળ્યાં એ દરમિયાન એ શહેરના જાહેર જીવનની એક અગ્રગણ્ય વ્યક્તિ તે બની રહ્યાં. જૂના અને નવા વિચારવાળાઓને એકબીજા સાથે મેળવી, વિચારવિનિમય કરાવીને બંનેનું એકબીજા પ્રત્યેનું અતડાપણું એમણે દૂર કરાવેલું. અનેક લેખકો, કવિઓ ને ચિત્રકારોનાં એ પ્રેરક તેમજ પોષક બની રહ્યાં હતાં.

એમના હૈદરાબાદ છોડવા સાથે જ એમના કવિજીવનની પણ સમાપ્તિ થઇ એમ સહેજે કહી શકાય. કારણકે ત્યાર બાદ એમણે રડીખડી કવિતાઓ જ લખેલી છે. એ પછીનું એમનું જીવન એ અનેકવિધ રાજકીય અને સામાજિક પ્રવૃત્તિઓનું જીવન છે. ઘણાને તેમનું આ પગલું નહોતું ગમ્યું. પરંતુ દેશને સક્રિય સેવાની જરૂર હોય ત્યારે નિષ્ક્રિય કલ્પનાવિહારને બિનજરૂરી માનીને જ તેઓ જાહેર જીવનમાં પડેલાં. 'જિંદગીની વેદનાને કાવ્યની વેદના વડે હું જીતીશ' એ એકવારનો એમનો મનોભાવ લય પામી ગયો અને એમની એકલાની નહિ પણ દેશના કરોડો દીનહીનોની વેદના માટે કાવ્યનું ક્ષેત્ર એમને અતિ સંકુચિત માલૂમ પડયું.

એમણે પોતે પોતાની કવિતા વિષે એક સ્થળે લખ્યું છે: 'હું ખરેખર કવિ નથી. મારી પાસે દૃષ્ટિ છે, મનોભાવ છે, પણ અવાજ નથી. જો હું સૌન્દર્યથી પ્રપૂર્ણ અને મહત્તાના પ્રાણથી પરિપ્લાવિત એક જ કાવ્ય લખી શકું, તો પછી સદાને માટે ચૂપ થઈ જાઉં. પરંતુ હું તો ગાઉં છું, પંખીઓની પેઠે; અને મારાં ગીતોનું જીવન પંખીઓના ગાનકલ્લોલ જેટલું જ ક્ષણિક છે.'

જોકે સ્વાભાવિક વિકાસક્રમ અપનાવીને એમની કવિતા પળની પ્રેરણા બનવાને બદલે એક પ્રકારનું જીવનબલ બની રહી, છતાં એમની કવિતાની ભારતીયતા અને ગીતમયતા આકર્ષક તો છે જ. ભારતનાં વૈવિધ્યપૂર્ણ જીવન અને પ્રકૃતિને તથા મહિમામય ભૂતકાળને એમણે પોતાની કવિતામાં સુંદર રીતે આલેખ્યો છે. 'To India' નામક કાવ્યમાં હિંદને જાગ્રત થવાને ઉદ્‌બોધતાં એમણે એના મહાન ભાવિમાં શ્રદ્ધાપૂર્વક 'નવસંમાન, નવવિજય, નવસમૃદ્ધિ' વરવાની અભિલાષા વ્યક્ત કરી છે. એમની કવિતાની અથવા એમાં રહેલી આ ભારતીયતાની કદર કરીને લંડનની રૉયલ સોસાયટી ઑવ લિટરેચરે એમને પોતાનાં સભ્ય બનાવ્યાં હતાં.

શ્રીમતી સરોજિની નાયડુ જાહેર જીવનમાં પડયા પછી છેલ્લા ત્રણેક દાયકાની એવી એકે રાજકીય, સામાજિક કે સાંસ્કારિક પ્રવૃત્તિ

નહોતી જેમાં તેમનો સારો જેવો હિસ્સો ન હોય. હિંદની સ્ત્રીપ્રવૃત્તિની નેતાગીરી એમણે સ્વીકારેલી અને અ. હિં. મહિલા પરિષદનાં પ્રમુખ રહેલાં. હિંદી સ્ત્રીઓની સ્થિતિ આજે કંઇ સુધરી જણાતી હોય તો તે શ્રીમતી નાયડુ જેવી મહિલાઓને આભારી છે. એમનું જુદનું જ વ્યક્તિત્વ પુરુષ કરતાં સ્ત્રી, કોઇ રીતે ઊતરતી ન હોવાનો જ્વલંત પુરાવો બની રહ્યું હતું. સમાન અધિકાર માગવા છતાં સ્ત્રીના સ્ત્રીત્વ પ્રત્યે એ વિમનસ્ક નહોતાં, એકનિષ્ઠ પત્ની અને વત્સલ માતા બનવાનો એમનો સ્ત્રીવર્ગને સદાનો આદેશ હતો. આ દેશમાં સ્ત્રીત્વના લુપ્ત મહિમાને પુનઃ સ્થાપિત કરવાનો, તેનું આસન સ્થિર કરવાનો એમનો ઉદ્યમ હતો. એમના નેતૃત્વની મોટી સિદ્ધિ એ હતી કે, હિંદનો પુરુષવર્ગ જુદાજુદા ધર્મ ને વાદના વાડામાં વહેંચાઇ ગયા છતાં હિંદી સ્ત્રીવર્ગને એમણે એક ને અવિભક્ત રાખેલો.

હિંદના સ્ત્રીવર્ગની ઉન્નતિ જેટલી જ એમની ઉત્કટ તમન્ના હિંદુ-મુસ્લિમ એકતાની હતી. એ વિના આ દેશ મહાન થઇ જ ન શકે એવી દૃઢ પ્રતીતિ એમને હતી. તેઓ પોતે એક મુસ્લિમ રાજ્યના પાટનગરમાં જન્મેલાં, મુસ્લિમ આયા મારફત ઊછરેલાં, નાનપણમાં મુસ્લિમ છોકરા-છોકરીઓ જોડે રમેલાં અને મોટપણમાં અનેક મુસ્લિમ સ્ત્રી પુરુષોનાં મિત્ર બનેલાં. બંને ધર્મનાં ઉચ્ચ તત્ત્વો એમણે પચાવેલાં. એમણે પહેલું જાહેર પ્રવચન ઈ. સ. ૧૯૧૩ની લખનૌ મુકામેનાં મુસ્લિમ લીગની બેઠકમાં આપેલું. ઈ. સ ૧૯૧૬માં લખનૌ મુકામેના સુપ્રસિદ્ધ હિંદુ-મુસ્લિમ કરારોમાં પણ એમણે સારો જેવો ભાગ ભજવેલો. હિંદુ-મુસ્લિમ વૈમનસ્યના કપરા દિવસોમાં પણ એમનામાંની મુસ્લિમ શ્રદ્ધા અવિચળ રહેલી. મૌલાના શૌકતઅલી જેવા એ દિવસોમાં બોલેલા 'હિંદી મુસ્લિમો જેનામાં વિશ્વાસ મૂકી શકે એવો કોઇ હિંદુ હોય તો તે શ્રીમતી નાયડુ છે.'

કૉંગ્રેસની વ્યાસપીઠ પરથી એમણે પહેલું પ્રવચન ૧૯૧૫ની મુંબઈની બેઠકમાં કરેલું. લખનૌના હિંદુ-મુસ્લિમ કરારોમાં એમણે ભજવેલા ભાગ બદલ ૧૯૧૭ની કલકત્તા કૉંગ્રેસમાં એમને અંજલિ અપાઇ, ને બીજે વર્ષે તે મદ્રાસ પ્રાંતિક પરિષદનાં પ્રમુખ ચૂંટાયાં.

પહેલા મહાયુદ્ધમાં હિંદે બ્રિટનને આપેલી સેવાના બદલામાં એને કાળા કાયદા તરીકે ઓળખાતા રૉલેટ ઍક્ટની ભેટ મળી અને હિંદ તરફથી એના વિરોધને કારણે જલિયાંવાલા બાગની દુર્ઘટના ઊભી થઇ. ગાંધીજીએ રાષ્ટ્રના સ્વમાનની રક્ષાર્થે અસહકારનું બ્યૂગલ ફૂંક્યુ અને એ આંદોલનમાં સૌપહેલા જોડાનારાઓમાંના એક હતાં શ્રીમતી સરોજિની નાયડુ. સરકારે જપ્ત કરેલી 'હિંદસ્વરાજ'ની પુસ્તિકા મુંબઇના રસ્તાઓ પર વેચવા એ નીકળી પડેલાં.

૧૯૧૯માં અ. હિં. હોમરૂલ લીગના પ્રતિનિધિમંડળના સભ્ય તરીકે તેઓ હિંદને મળનારા મૉન્ટફર્ડ સુધારા અંગે જુબાની આપવા ઇંગ્લંડ ગયાં. ૧૯૨૦માં દક્ષિણ આફ્રિકાની હિંદી રાષ્ટ્રીય મહાસભાનું પ્રમુખપદ સંભાળવા તેઓ ત્યાં ગયાં, અસહકાર અંગે કૉંગ્રેસમાં સ્વરાજપક્ષી અને અસહકારીઓ વચ્ચે પડેલા મતભેદો મિટાવવામાં મૌલાના અબુલ કલામ આઝાદ સાથે એમણે મોટો હિસ્સો આપેલો. ૧૯૨૫ની કૉંગ્રેસની કાનપુર બેઠકમાં પ્રમુખસ્થાન તેમને સોંપીને દેશે પણ એમની અનેકવિધ સેવાઓની કદર કરેલી. ઍની બેસંટ પછી આ સન્માન મેળવનાર તેઓ બીજાં સ્ત્રી હતાં.

૧૯૨૨માં મલબારમાં લશ્કરી અમલ અંગે એમણે મદ્રાસ સરકાર સામે સખ્ત પ્રહારો કરેલા. હિંદના સ્વાતંત્ર્યની એકેએક કૂચમાં એ મોખરે રહેલાં ને જેલ વેઠેલી. ૧૯૩૦ના નમક સત્યાગ્રહ અને ધારાસણા સત્યાગ્રહની સરદારી એ જ સંભાળવાનાં હતાં, પણ સરકારે અધવચ્ચે જ એમને જેલમાં પૂરી દીધેલાં. ગાંધીજી સાથે એ પણ બીજી ગોળમેજી પરિષદમાં ઇંગ્લંડ ગએલાં અને ત્યાંથી પાછા ફર્યા બાદ પુનઃ કારાવાસ સ્વીકારેલો. ૧૯૪૦ના વ્યક્તિગત સત્યાગ્રહ અંગેના કારાવાસ બાદ ૧૯૪૨ના 'કરેંગે યા મરેંગે'ના સૂત્રપાત વખતની સામટી ધરપકડ વખતે તેમને પણ ગાંધીજી સાથે જેલમાં રાખવામાં આવેલાં. ગાંધીજીના ઐતિહાસિક ઉપવાસો વખતે તેઓ એમના સ્નૂજી સાથી ને કડક ચોકીદાર બની રહેલાં.

સતત વીસ વર્ષ સુધી કૉંગ્રેસ કારોબારીનું એમણે સંભાળેલું સભ્યપદ જ દર્શાવી આપે છે કે હિંદના જનગણની માફક નેતાગણનો પણ કેવો અનન્ય વિશ્વાસ એમણે સંપાદન કરેલો. હિંદના બિનસરકારી એલચી તરીકે યુરોપ, અમેરિકા ને આફ્રિકાના પ્રવાસો ખેડીને આ દેશ માટે પ્રવર્તતી અનેક ગેરસમજણો એમણે દૂર કરી હતી.

હિંદના વરિષ્ઠ નેતાગણની માફક એ પણ પોતાના જિંદગીભરના પરિશ્રમને ફળીભૂત જોવાનું સદ્ભાગ્ય પામ્યાં હતાં. ઈ. ૧૯૪૭ના ઑગસ્ટની ૧૫મીએ યુક્ત પ્રાંતના ગવર્નરપદે એમને નિયુક્ત કરીને સ્વતંત્ર બનેલા હિંદે તેમનું યત્કિંચિત ઋણ ચૂકવવાનો પ્રયત્ન કરેલો, જે પદ સંભાળતા સંભાળતાં જ લખનૌના સરકારી ગૃહે તા. ૨૭ માર્ચ ૧૯૪૯ના રોજ સવારે ૩-૩૦ વાગ્યે એમણે આ દુનિયાથી વિદાય લીધી.

હિંદનું બુલબુલ, ભારતકોકિલા વગેરે બિરુદ પામેલાં શ્રીમતી નાયડુનો અંદાજ એમની કવિતાની મુલાયમતા પરથી જ કાઢનાર એમના વ્યક્તિત્વનો પૂરો મર્મ નહિ પામી શકે. એ જેમ ગાઇ શકતાં હતાં તેમ ગરજી પણ શકતાં હતાં, જેમ ચાહી શકતાં હતાં તેમ ડારી પણ શકતાં હતાં. અહીં એનો એક જ દાખલો બસ થશે.

ઈ. સ. ૧૯૨૦માં લંડનના આલ્બર્ટ હૉલમાં 'પંજાબનાં દર્દ અને શર્મ' પર એમનું પ્રવચન હતું. વિદેશી એડી નીચે રીબાતા ને લોહી નીંગળતા હિંદનું વાસ્તવિક ચિત્ર એમણે આલેખવા માંડેલું. જલિયાંવાલા બાગની બ્રિટિશ હેવાનિયત તેઓ સંભળાવી રહ્યાં હતાં ત્યાં કેટલાક લોકોએ ધાંધલ કરવાના ઈરાદે બૂમબરાડા શરૂ કર્યાં. સરોજિનીનો ચહેરો આરક્ત બની ગયો ને નેત્રમાંથી અગ્નિ વરસાવતાં એ ગરજી ઊઠ્યાઃ 'ચૂપ રહો!' (Shut up) અને ધાંધલિયાઓ ફરમાનરૂપે છૂટેલા એ બે શબ્દોને તરત વશ થઇ ગયા.

આગળ કહ્યું તેમ એમના રાષ્ટ્રવાદ અને આંતરરાષ્ટ્રવાદ વચ્ચે કશી સીમાબંધી નહોતી, ત્યાં પ્રાંતવાદની સંકુચિતતા તો એમને શાની સ્પર્શે? બંગાળમાં આમ પણ પ્રાંતવાદનું જોર રહેતું આવે છે અને સરોજિની પણ બંગાળી હોઈને કોઈકવાર એક બંગાળી નેતાએ એક અખિલ ભારતીય સંસ્થામાં બંગાળને જોઈતું પ્રતિનિધિત્વ નહિ મળતું હોવાની ફરિયાદ તેમની આગળ કરેલી. તેમણે તો તરત એ નેતાને કહી દીધું, 'બંગાળને ભૂલી જાઓ, ને હિંદને સ્મરણમાં રાખો. આપણે સૌ પહેલાં હિંદી છીએ.'

એમની તબિયત ગત વર્ષના ફેબ્રુઆરીના આખર ભાગમાં અસ્વસ્થ થવા માંડેલી. ૨૮મીએ એમને પહેલવહેલો ઑક્સિજન અપાએલો. ૧લી માર્ચની સાંજે અસ્વસ્થતાનો ભાર વધી જતાં રાત્રે દસ વાગ્યે ઊંઘનું ઇન્જેક્શન આપવામાં આવ્યું. પાએક કલાકની રાહત પછી તેમણે પરિચારિકાને બોલાવીઃ 'બહેન, તકલિફ તો આપું છું તમને, પણ દિલગીર છું. તમે ગાઈ શકો છો ને? તો પછી થોડાં ગીત ગાશો?'

પરિચારિકાએ ગીત ગાયાં સરોજિનીનાં શ્રાંત નેત્રો બીડાયાં. સાથે મૃત્યુનો પણ ઓળો ઊતરવા લાગ્યો. મોડેથી એ જાગ્યાં, સહેજ ખાંસી ખાધી ને ચિરનિદ્રામાં પોઢી ગયાં.

અશોક હર્ષ

(ફેબ્રુઆરી ૧૯૫૦) ૫૨



વિકટ હજી છે ચડાવ વસમા, દુર્ગમ છે પથ સામા;
ક્લાન્ત શ્રાંત જનતાને કાજે દુર્લભ માર્ગવિસામા.
ડગ તો ય ભરી નિર્ભય,
અંતે પામીશું જય,
પ્રબલ પૌરુષે પ્રપંચીઓનાં કરશું કૂડ નકામાં.
ધપશું પુણ્યપ્રકાશે ઉજ્જ્વલ નવસર્જન—આરે,
નવસૌભાગ્ય અર્ચીશું જનની જન્મભૂમિભાલે.
સ્વાધીનતાના તરુણ અરુણ! આવો ઉદયાચલભાલે;

(કોડિયું)
નાથાલાલ દવે

સ્વ. બટુભાઇ ઉમરવાડિયા

ગુજરાતમાં એકાંકી નાટકના આદ્ય પ્રયોજક અને એક તેજસ્વી સાહિત્યકાર શ્રી બટુભાઈ ઉમરવાડિયાનું ગઈ ૧૮મી જાન્યુઆરીએ અમદાવાદમાં અવસાન થયું. છેલ્લાં તેરેક વર્ષથી એમણે જોકે સક્રિય સાહિત્યપ્રવૃત્તિ ખાસ કરી ન હતી, પરંતુ તે પહેલાં તેમણે સાહિત્યક્ષેત્રમાં કરેલું અર્પણ ચિરંજીવી છે. ૧૯૧૮માં લખાએલું નાટક 'સંસાર' એ તેમની પહેલી કૃતિ અને ૧૯૩૭માં લખાયેલું 'શકુન્તલા રસદર્શન' એ છેલ્લી.

એમનો જન્મ ૧૮૯૯માં અનાવિલ જ્ઞાતિમાં થયો હતો. તેમના પિતા લાલભાઈ અંબારામ સૂરતના ડિસ્ટ્રિક્ટ ડેપ્યુટી કલેક્ટર હતા. પ્રાથમિક તેમજ માધ્યમિક કેળવણી સૂરત, ભરૂચ તથા અમદાવાદ જિલ્લાઓની અને મુંબઇની નિશાળોમાં લઈ એલ્ફિન્સ્ટન તથા વિલ્સન કૉલેજોમાંથી ૧૯૧૯માં તેઓ બી.એ. થયા, અને થોડો સમય સરકારી ખાતામાં લેબર ઈન્સ્પેક્ટર તરીકે નોકરી કર્યા બાદ એલ એલ.બી. થયા. ૧૯૨૦માં 'ચેતન' નામનું માસિક તેમણે શરૂ કરેલું, ને સાથે 'વિનોદ' નામનું બીજું માસિક પણ કાઢેલું. 'સુદર્શન' નામે સાપ્તાહિક પણ તેમના તંત્રીપદ નીચે શરૂ થએલું. એ બધાં અલ્પજીવી નીવડ્યાં. સુરતમાં વકીલાત કર્યા પછી અમદાવાદ મિલમાલિક મંડળના સેક્રેટરી તરીકે તેઓ નિમાયા ને અવસાન પહેલાં થોડા જ સમય અગાઉ તેઓ ત્યાંથી નિવૃત્ત થયા ત્યાં સુધી એ જ સ્થળે કામ કર્યું.



સ્વ. બટુભાઇ ઉમરવાડિયા તરુણ વયે (સ્કેચ · ર. મ. રા)

૧૯૨૪માં પ્રકટ થએલા એમન વાર્તા-

તુરૂમ્તી (માસમાસનાં પંખી-૪૯)



શિકારીઓના હાથમાં કોઇ વાર વાદળી ઝાંયવાળું, રાખોડી બદન તથા સફેદ પેટવાળું એક નાનકડું સુંદર પંખી ઘણાંએ જોયું હશે. બાજના જ વર્ગના એ પંખીનું નામ તુરૂમ્તી. તેને ઓળખવાની અચૂક નિશાની તેનું ખુલતા બદામી રંગનું માથું, તથા પાંખો પરથી છેક પૂછડી સુધી લંબાતી સાંકડી સફેદ કિનારી ને પૂછડીને લગભગ છેડે પહોળો કાળો પટ્ટો.

ઝાંખરાંવાળા અને વચ્ચેવચ્ચે ગામ-કસબાઓ વસેલા એવા ખુલ્લા વિશાળ પ્રદેશોમાં તે એકલું કે જોડીમાં કોઈ ઊંચા વૃક્ષની ઝૂલતી ડાળ પર કે ઝૂકતા ખડક પર, અથવા તો શિકારની શોધમાં ઊંચે ચકરાવા લેતું નજરે ચડે છે. શિકાર કરવાની તેની રીત પણ અનોખી જ છે. નર કે માદામાંથી એક, શિકારની આજુબાજુ ચકરાવા લઇ તેનો નાસવાનો માર્ગ રૂંધે છે, અને તે દરમ્યાન બીજું પોતાની સ્વાભાવિક એવી અતિશય ઝડપી ઊડે શિકાર પર તૂટી પડે છે અને તેને મારી બંને સંગાથે તેને આરોગે છે. નાનાં પંખીઓ, ઊંદર-છછૂંદર, ગરોળી, જીવડાંઓ ક્વચિત ચામાચિડિયાં એ તેનો આહાર.

જાન્યુઆરીથી માર્ચ તેનો પ્રજનનકાળ, પણ છેક મે સુધી પણ તેનાં ઈંડાં મળી આવે છે. આંબા-પીપળ જેવાં ઘાટાં વૃક્ષો પર છેક ઊંચેની ડાળે તેઓ ઘાસમૂળિયાં ને ડાંખળાંનો માળો બાંધી તેમાં ત્રણ-ચાર ઘાટા રતાશપડતાં તપકીરી છાંટવાળાં પીળાં સફેદ ઈંડાં મૂકે છે.

સંગ્રહ 'વાર્તાનું વન'માં સબળ વસ્તુસંકલના, યુવાન પાત્રોનું હૂબહૂ નિરૂપણ ને ચમકદાર શૈલી છે ને વસ્તુવૈવિધ્ય પણ સારું છે. ગુજરાતી નવલિકાના વિકાસમાં 'વાતોનું વન' એક નવું સિમાચિહ્ન બનેલું.

પણ એમનું વિશેષ ચિરંજીવ અર્પણ તો થયું છે નાટ્યસાહિત્યના ક્ષેત્રમાં. 'મત્સ્યગંધા અને બીજાં નાટકો', 'માલાદેવી અને બીજાં નાટકો' ને 'શકુન્તલા રસદર્શન' એ એમની કૃતિઓ. એમાંનાં પાત્રો ને તેના સંવાદોમાંની બુદ્ધિની ચમક તેમજ ભાવનાની નૂતનતાથી તેમણે ગુજરાતને ખરેખર મુગ્ધ કર્યું હતું. મનમોહક વસ્તુગુંફન, સામાજિક સમસ્યાનું માર્મિક આલેખન, ભાવવાહી સંભાષણો અને કલાત્મક એકલક્ષિતા વગેરે આ નાટકોનાં પ્રશસ્ય તત્ત્વો છે.

'કીર્તિદાને કમળના પત્રો'ની ઢબે કરાએલું તેમનું સાહિત્યવિવેચન પણ રસળતું, હળવું, મનોહર ને તલસ્પર્શી છે. એની સ્વૈરવિહારિતા ને મુક્ત શૈલી, સ્વાભાવિકતા ને વ્યક્તિત્વનો ચમકાર, ઉપહાસ ને રંગમયતા એને આકર્ષક બનાવે છે. નાટક ને વિવેચનના ક્ષેત્રમાં શ્રી બટુભાઈએ કરેલા આ પ્રયોગોએ ગુજરાતી સાહિત્યમાં એક નૂતન દિશા ઉઘાડી. (ગુજરાત સમાચાર)

હવે વર્ષો પહેલાં 'કૌમુદી'માં શ્રી શ્યામસુંદર યાદવે કરાવેલા તેમના પરિચયમાંથી ઉપયુક્ત તારવણી કરીએ:

"સહેજ ફિક્કાશપડતી ગોરી ચામડી, ભૂરા વાળમાંથી તરી આવતું બુદ્ધિના તેજવાળું મોટું કપાળ, ચશ્માંવાળી સહેજ ઝીણી આંખો, ઉશ્કેરાટથી વારંવાર ફૂલી જવાની ટેવવાળાં નસકોરાં, લગભગ નહિ જેવી ઝીણી મૂછો અને બેસી ગએલા જણાતા ગાલમાંથી નીકળી આવી ચહેરાને અંડાકૃતિ આપતી અણિયાળી દાઢી,—એવા ચહેરાવાળું, સાધારણ કાઠીનું, અંગ્રેજી પોશાક સજેલું પાતળું શરીર કલ્પો એટલે તમને બટુભાઇનો કંઈક ખ્યાલ આવશે.

બટુભાઇની આંખો અને હોઠ કહે છે કે એ sensitive (ચાળા દિલના) હશે;—passionate (આવેશમય) પણ. છતાં એમનામાં વ્યવહારચાતુર્ય ને કુનેહ નથી એમ નહિ. એમ તો, તમારે જરા પરિચય હોય તો એ સહૃદય પણ લાગે એવા છે. પરંતુ સામાન્ય વર્તનમાં અજાણ્યા માણસને એમનામાં સાહેબશાઈ મોટાઈ, અતડાઈ ને અહંભાવ જણાયા વિના ન રહે. એમના એક મિત્રે એમને વિષે એક વાર લખેલું: '...અને ગમે તેમ તો યે એક શક્તિ તો એમણે બહુ જ કેળવી છે; અને તે શાંત બેદરકારી...જે પ્રસંગે આપણે મુંઝાઈ જઇએ, અસ્વસ્થ બની જઇએ,' એવે વખતે એ કેવળ શાંત રહી શકે છે—જાણે કશું બન્યું જ નથી.' આ અંગત અનુભવની વાત હશે પણ ખરી; પરંતુ ઘણીવાર નાનીનાની વાતો પર ખૂબ ઉશ્કેરાઇ જતા પણ અંગત મિત્રોએ એમને જોયા હશે.

એમનામાં ચંચળતા છે–એટલે રમતિયાળપણું છે, તોફાની વૃત્તિ છે: દોસ્તના વાંસા પર ધપ્પા મારતા કૉલેજિયન જેવી. ભરેલી પિસ્તોલ રમતરમતમાં મિત્રની સામે તાકી ઘોડા પર આંગળીઓ ફેરવતાં તેને ગભરાવી મૂકવા જેવી નફિકરી મસ્તી કરવા જેટલું તોફાન પણ એમનામાં છે. એ બહુ ગંભીર નહિ રહી શકતા હોય. ડોળડાહ્યભરી ગંભીરતા કરતાં કદાચ ઉછાંછળાપણું સામાન્ય નજરે જોનારને એમનામાં લાગે.

સાહિત્ય અને સિગારેટના એમના શૉખ જેટલો જ, અથવા એના કરતાં કદાચ તેજ, એમનો વાતોનો શૉખ છે. કલાકો સુધી ગપાટા મારતાં એ થાકે નહિ; અને એમાં વિષય નાનામાં નાની ટોળથી ગંભીર ચર્ચા સુધીના બધા સમાઈ જાય. પોતાની હાજરીનો પ્રભાવ પાડવા જેટલી નહિ તો વાતોના રસમાં ઝપાટાભેર ધસડી જવા જેટલી શક્તિ તો એમનામાં છે જ. ગુજરાતી સાહિત્યના ઊગતા રસયુગના યુવાન પૂજારીઓમાં એ સ્પષ્ટ તરી આવે છે. એમણે 'ચેતન' જેવું માસિક શરૂ કર્યું એ જ સાહિત્ય વિષેની એમની નવી કલ્પનાનો સચોટ પુરાવો. અને એ કલ્પનાને મૂર્ત સ્વરૂપ આપવાના પ્રયત્ન, 'ચેતન' બંધ પડ્યા પછી પણ, અનેક દિશામાં એમણે કર્યા. કવિતાઓ એમણે કરી છે કે નહિ તેની ખબર નથી; પણ આપણા સાહિત્યમાં નવી ભાત પાડનારાં, 'રસગીતો'ના નામથી બહાર પડેલાં, ભાવના અને લાગણીનાં પુષ્પ સમાં એમનાં ગદ્યકાવ્યો તો, બેશક, સુંદર છે. આપણા ઘણા જુવાનોની પેઠે, કવિ નાનાલાલની એમના પર ખૂબ અસર થએલી છે, અને એની સ્પષ્ટ છાપ એમની એ શરૂઆતની કૃતિઓ પર છે. નવલિકાના ક્ષેત્રમાં પણ એમણે પોતાનો જુદો જ ને સુંદર ચાસ પાડયો છે. 'કમળ'ની સહીથી કોઇ કીર્તિદાને પત્રો રૂપે લખાએલી એમની વિશિષ્ટ આલોચનાઓ પોતે જ એમની 'કીર્તિ-દા' બની છે; અને એમની ગણીગાંઠી પણ આપણે ત્યાં અપૂર્વ એવી નાટિકાઓએ એમને માટે ગુજરાતી સાહિત્યમાં અનન્ય સ્થાન જીતી આપ્યું છે.

તલવારની પટાબાજી ચાલતી હોય ત્યારે એના ચમકારા પ્રેક્ષકના હૃદયમાં રસ, કુતૂહલ ને અધીરતાની કેવી વૃત્તિ ઉત્પન્ન કરે છે! ઘણાકના લખાણમાં કલ્પના ને ભાષાના એવા ચમકારા હોય છે. એ ચમકારા બટુભાઈની ભાષામાં લાગશે. એમની લેખનશૈલી સ્પષ્ટ, સચોટ ને વિચારના ભાર કરતાં વાક્ચાતુર્ય અને લાગણીનાં પૂરથી ભરેલી છે. બીજો ગુણ, એમના સ્વભાવની પેઠે એમની ભાષામાં, રમતિયાળપણાનો છે. ખળખળતા ઝરણા પેઠે, કયાંક છીછરી ને કયાંક રસભર, રમતી ને ચમકારા કરતી એમની ભાષા વહે છે.

એક વાર કોઇને પત્રમાં એમણે લખેલું, 'ગુજરાતની રમણીઓને, ગુજરાતની ગુણિયલોને ને ગુજરાતની જોગણોને ઓળખવાનું મને ભાગ્ય પ્રાપ્ત થયું છે.' આવું મહદ્ ભાગ્ય એમને પ્રાપ્ત થયાની અંગત માહિતી તો નથી; પણ લખાણમાં તો ગુજરાતણ વિષેની અભિનવ ભાવના નાનાલાલ પછી બીજા એક એમણે આલેખી છે.

જીવનનું એમને એક vision છે—પણ ઝાંખુંઝાંખું. એ હજી સ્પષ્ટ થયું નથી લાગતું. શક્તિ સંયમ વિના નથી શોભતી, નથી વિકસતી એ વાત એમને જાણ્યા પછી સૌ પહેલી યાદ આવે છે, અને એમ લાગી આવે છે કે ગુજરાતની આવી વિરલ શક્તિઓ સંયમને અભાવે વકરી ન જતી હોય તો કેવું સારું!"

આજથી ચોવીસેક વર્ષ પર લખાએલા આ શબ્દો, દુર્ભાગ્યે, આજે સાચા પડયા છે. અંગત સંબંધમાં આવનારા સૌ જાણે છે કે એ સંયમના અભાવે જ આવા તેજસ્વી જીવનનો અંત આવ્યો.

નવાં પુસ્તકો

પ્રાર્થના ને તેની મહત્તા સમજાવતી પુસ્તિકા–લેખિકા : કૃષ્ણાકુમારી, નાલંદા પ્રકાશન, ફીરોઝશાહ મહેતા રોડ, મુંબાઇ, ૦-૧૨-૦; **માળાના** મણકા જેવાં ૧૦૮ કાવ્યોની નાની પુસ્તિકા-લેખક અને પ્રકાશક: ડૉ. નિર્ભયકુમાર, ૭ ખેતવાડી, મુંબાઇ-૪; સંગમ : કિસ્મત કુરેશી ને સાલિક પોપટિયા કૃત રુબાઇઓનો એવો જ બીજો નાનકડો સંગ્રહ–પ્રકાશક: મહમદહુસેન એ. પોપટિયા–ભાવનગર, ૦-૧૨-૦; ગુજરાતી પાંચમા ધોરણ માટે **संक्षिप्त राष्ट्रभाषा व्याकरण (ભાગ ૧ લો)**–લેખક : રામકૃષ્ણ આચાર્ય અને રતિલાલ અધ્વર્યુ, પ્રકાશક : ઉપેન્દ્ર અધ્વર્યુ, અમદાવાદ-૭, ૦-૬-૦; **સતી ને સાધુઓ**: શાંતિકુમાર (જુગા) પંડ્યાનાં કટાક્ષકાવ્યોનો સંગ્રહ–પ્રકાશક : ગતિ પ્રકાશન લિ., અમદાવાદ ૨-૮-૦.

આમળાં અને વિટામિન 'સી'

જાન્યુઆરી 'કુમાર'માં આમળાંના શરબત વિષે જે છપાયું છે તેમાં (૧) બીજી રીતે જ્યારે એકબે જ આમળાં ખાઈ શકાય ત્યારે શરબતથી ૨૦-૨૫ સ્હેજે ખાઈ શકાય; (૨) એક આમળું ત્રણ નારંગીને તોલે વિટામીન 'સી'ની બાબતમાં આવે છે; (૩) વિટામિન 'સી'ની આપણા ખોરાકમાં જે ઊણપ હોય છે તે પૂરવા આમળાંની ઋતુમાં રોજ ૨૦-૨૫ આમળાંનું શરબત લઇએ તો શરીરને ૧૨ માસ ચાલે તેટલું વિટામિન 'સી' મળી રહે, એવાં વિધાન કર્યાં છે.

એ વિષે જણાવવાનું કે આમળાંમાં વિટામિન 'સી' ખરેખર ખૂબ જ છે, પણ તેમાં ટૅનીન પણ પુષ્કળ છે. એટલે બેત્રણ આમળાં કરતાં વધુ ખાવાં સલાહકારક નથી તો ૨૦-૨૫ની તો વાત જ શી? બીજું એ કે વિટામિન 'સી' ગમે તેટલું ખાઓ, પણ શરીર માત્ર જરૂર પૂરતું જ વાપરી શકે છે ને વધારાનું ઝાડા ને મૂત્ર મારફતે નીકળી જાય છે, એટલે બાર માસનું કે એક અઠવાડિયાનું 'સી' વિટામિન શરીરમાં સંઘરી શકાતું નથી. બધાં જલદ્રાવ્ય વિટામિનો માટે આ સાચું છે. તેલમાં ઓગળતાં વિટામિનો જેવાં કે 'એ, ડી અને ઈ' શરીરમાં લાંબા વખત સુધી ચાલે તેટલાં ભંડારી શકાય છે.

આપણા ખોરાકમાં વિટામિન 'સી' ઓછું હોય છે, પણ બહુ ઓછું નહિ. લીલાં અને લાલ મરચાંમાં, બાફેલા બટાટામાં, લીલાં શાકભાજીમાં, જમરૂખ, બોર, પાકી કેરી વગેરે ફળોમાં, કંકોડાં વગેરે શાકોમાં 'સી' વિટામિન હોય છે. રાંધ્યા પછી પણ, જો રાંધવામાં સોડા ન વપરાતો હોય, યા બાફીને પાણી ફેંકી ન દેવાતું હોય, તળીતળીને સાવ સૂકાં શાક બનાવી દેવાતાં ન હોય તો, 'સી' વિટામિનનો ઠીક ભાગ જળવાઈ રહે છે. એટલે એમ કહી શકાય કે આપણા ખોરાકમાં 'સી' વિટામિન ઓછું હશે, પણ ગભરાવી મૂકે તેવું ઓછું નથી. આપણે ત્યાં જમરૂખ ખૂબ અને સસ્તાં વેચાય છે. એમાં 'સી' વિટામિન નારંગી કરતાં દોઢું હોય છે. જમરૂખનો થાય છે તે કરતાં વધારે ઉપયોગ કરવો ઘટે.

—જશભાઈ જ. પટેલ

હિંદી ગણિત પરિષદ

બ્રિટિશ અમલના સમયથી ડિસેમ્બર માસનું છેલ્લું અઠવાડિયું–નાતાલનું સપ્તાહ–આપણા દેશમાં અનેક સંમેલનોનું સપ્તાહ બની રહેતું આવ્યું છે. રાષ્ટ્રીય મહાસભાનું અધિવેશન એ દિવસોમાં ભરાતું ને એને અંગે બીજી અનેક નાનીમોટી વિધવિધ પરિષદો પોતાની બેઠકો ભરતી. આજે પણ જે અનેક પરિષદો આ દિવસોમાં ભરાય છે તેમાં હિંદી ગણિત પરિષદ ભરનારી હિંદી ગણિતસભા (ઇન્ડિયન મૅથેમૅટિકલ સોસાએટી) આપણી વિજ્ઞાનવિષયક જૂની સંસ્થા છે. તેનો રૌપ્ય મહોત્સવ થોડાં વર્ષો પહેલાં ઉજવાયો હતો. ઘણાં વર્ષોથી ગણિત અંગે તે સંશોધનપત્ર (જર્નલ) પણ પ્રગટ કરે છે ને જનતામાં ગણિતજ્ઞાનનો પ્રચાર કરવા લોકભોગ્ય ભાષામાં ગણિતનું માસિક પણ કાઢે છે. જોકે ગણિતને હિંદી વિજ્ઞાન પરિષદમાં પણ એક જુદો વિભાગ આપ-

ધુળેટી

ફાગણ વદ પડવાને દિવસે આવતો, હોલિકોત્સવના જ એક ભાગ રૂપ આ તહેવાર હોળીની માફક વસંતોત્સવના આનંદપ્રદર્શન તરીકે ઉજવાય છે. તેની પૌરાણિક કથા એવી છે કે પોતાના પુત્ર પ્રહ્લાદને પ્રભુભક્તિ છોડાવવામાં નિષ્ફળ નિવડેલા હિરણ્યકશિપુની સૂચનાથી તેની બહેન હોલિકા રાક્ષસીએ પ્રહ્લાદને જીવતો બાળી મૂકવા, તેને પોતાના ખોળામાં લઇ હુતાશનીમાં પ્રવેશ કર્યો ત્યારે તે જાતે જ બળી ગઇ ને પ્રહ્લાદને ઊની આંચ પણ ન આવી. આ વાતની બીજે દિવસે સવારે (એટલે કે ધુળેટીને દિવસે) લોકોને જાણ થઇ ત્યારે તેમને ઘણો આનંદ થયો અને એ આનંદના પ્રદર્શન તરીકે મોટો ઉત્સવ કર્યો. વૈષ્ણવોએ તો સ્ત્રી-પુરુષનો ભેદ રાખ્યા વગર એકબીજા પર રંગ ઉરાડયો, ગુલાલ છાંટયો અને ભજનો કર્યાં. પણ જ્યારે રાક્ષસોને આ વાતની ખબર પડી ત્યારે તેઓ ખૂબ રોષે ભરાયા ને માથામાં ધૂળ નાખી લીધી. એથી જ આ તહેવાર ધુળેટી તરીકે પ્રસિદ્ધ થયો હોય એમ જણાય છે.

વળી આ દિવસે ગામડાંઓમાં ગોઠ ઉઘરાવવાનો રિવાજ છે. છોકરાંઓ દુકાને-દુકાને ફરીને ખજૂર ને નાળિયેર ઉઘરાવે છે ને પછી બધા એ વહેંચી લઈ છૂટા પડે છે. આ દિવસે સવારે કેટલાક શૈવ લોકો હોળી બળી જઈને જે રાખ રહે છે તે રાખને પાપનાશક માનીને [illegible]ખા શરીરે ચોળે છે.

મૂળે આનંદપ્રદર્શન તરીકે રંગ ઉડાડવો, ગુલાલ છાંટવો, ગાયનવાદન તથા ભજન કરવાં, આદિ નિર્દોષ વિધિમાં આજે તો એટલા કુરિવાજો ને અનિષ્ટ પ્રથાઓ ઘૂસી ગયાં છે કે કોઈ પણ સંસ્કારી માણસને તે તરફ સૂગ ઉત્પન્ન થયા વગર રહે નહિ. એકબીજા પર જ નહિ, પણ જતાઆવતા અજાણ્યા રાહદારી પર કાદવકિચ્ચડ ઉડાડવાં, ફાવે તેવી ગાળો બોલીને બીભત્સ વર્તાવ કરવો, બેષ્ટ જુગાર રમવો અને બેભાન થવા સુધી દારૂ, ભાંગ, ગાંજો, અફીણ આદિનું સેવન કરવું વગેરે ખરાબ વસ્તુઓ આ દિવસે મોટા પ્રમાણમાં ચાલે છે. હલકી વર્ણની કોમમાં તો તેનો હાનિકારક અવસ્થા સુધી અતિરેક થાય છે. હોળીને દિવસે શરૂ થએલો આ દુરાચાર આ દિવસે પરાકોટિએ પહોંચે છે. જૂના કાળમાં કેટલાએક ગામડાંઓમાં તો લોકો બે પક્ષ પાડીને પથરા, ઈંટ, લાકડીઓ આદિથી મારામારી કરતા.

કડકડતી ટાઢ પછી આવતી ઉત્સાહવર્ધક વસંતઋતુને આનંદપૂર્વક ઉમળકાભેર વધાવવાના આપણા આ મહત્ત્વના તહેવારને આપણે તોફાન અને બીભત્સપણાના અશિષ્ટ આચરણ દ્વારા જે રીતે બગાડી મૂક્યાં છે તે જોઇ કોઈ પણ સહૃદયી માણસને દુઃખ થયા વગર રહે નહિ. મૂળના સાત્ત્વિક રીતરિવાજોમાં આજે અનાર્ય ને અવૈદિક રિવાજો પેસી ગયા છે, તેનું કારણ એમ કહેવાય છે કે અનાર્યોનો આર્યો સાથે સંસર્ગ થયા પછી એ રિવાજોમાં સડો પેઠો. એ ગમે તેમ હોય, પણ આજના આ રિવાજો તો કાઢીને તેને શુદ્ધ અને સાત્ત્વિક સ્વરૂપ આપવું અત્યંત આવશ્યક છે. ગાળાગાળી, મદ્યપાન, જુગાર આદિથી સમાજની જે અધોગતિ થાય છે તે અટકાવવી જ જોઇએ. એ માટેની જવાબદારી આજના સુશિક્ષિત અને વિચારશીલ મનુષ્યોને માથે છે. એ ખરાબ રિવાજોથી પોતે દૂર રહ્યા એટલે પોતાનું કર્તવ્ય પૂરું થયું એમ ન માનતાં તેમણે એ વસ્તુ અટકાવવાનો શક્ય તેટલો પ્રયત્ન કરવો જોઈએ. ગામડાં તથા શહેરની પોળોમાં ઝંડળો સ્થાપી રમતગમતની મેદાની હરીફાઈ, ભજનકીર્તન જેવા ધાર્મિક સમારંભો, ગ્રામસફાઇ, કુદરત સાથે સંપર્ક સાધતાં પર્યટનો આદિ કાર્યક્રમ યોજીને આપણી ખોટે રસ્તે જતી શક્તિઓને યોગ્ય માર્ગે વાળવાના વ્યાપક પ્રયત્નો થાય તો આ તહેવાર વધુ દીપી ઊઠે.

—માસમાસના તહેવારો-૧૫

વામાં આવેલો છે, છતાં આ સંસ્થા પોતાની પરિષદ અલગ ભરે છે. તે અનુસાર તેની સોળમી બેઠક આ વખતે મદ્રાસમાં મળી હતી.

હિંદી ગણિતશાસ્ત્રીઓએ પોતાના દેશને એ વિષયમાં દુનિયાના દેશોમાં અગ્રસ્થાન અપાવ્યું છે. જૂના કાળમાં હિંદે ભાસ્કરાચાર્ય જેવા પ્રખર ગણિતશાસ્ત્રી દુનિયાને આપેલા છે, અને આજની ગણિતની દુનિયામાં રામાનુજમનું નામ પ્રસિદ્ધ છે. પરિષદનું ઉદ્‌ઘાટન કરતાં આપણા અગ્રણી સુપ્રસિદ્ધ વૈજ્ઞાનિક સર ચંદ્રશેખર રામને જણાવ્યું હતું કે ગણિત માનવીના જીવનમાં અગત્યનો ભાગ ભજવે છે. માનવીને ગણિત વિના ચાલે જ નહિ. અભણમાં અભણ માણસને પણ થોડું ગણિત તો આવડે છે. ગણિત આપણા જીવનનું હૃદય છે ને તેની પ્રગતિ પર જ બીજાં વિજ્ઞાનો અવલંબે છે. અબજો રૂપિયાના ખર્ચે આપણે સાઈક્લોટ્રોન ઊભાં ન કરી શકીએ. પરંતુ પ્રાપ્ય સાધનો વડે આપણે શુદ્ધ ગણિત તેમજ તેના પર અવલંબિત બીજી વિજ્ઞાનની પ્રવૃત્તિઓમાં જરૂર સારો હિસ્સો આપી શકીએ.

પ્રમુખ તરીકેના પોતાના ભાષણમાં પ્રોફેસર ડૉ. નરસીંગરાવે જણાવ્યું હતું કે 'દેશની વૈજ્ઞાનિક પ્રગતિનો ખ્યાલ ગણિતમાં સાધેલી પ્રગતિ પરથી નીકળી શકે.' ગણિતની મહત્તા સમજાવવા તેમણે અનેક દૃષ્ટાંતો આપ્યાં હતાં. આપણી યુનિવર્સિટીઓમાં ગણિતનો વિષય શીખવાય છે, પરંતુ ગણિતનો અભ્યાસક્રમ જરીપુરાણો થઈ ગયો છે. તેને સુધારવા માટે ખૂબ કરવાનું રહે છે.

આ માસ (ફેબ્રુઆરી) ઈતિહાસમાં

તા. ૨ આર્જેન્ટિનાની રાજધાની બુએનો એરીસ સ્થપાયું. ૧૫૩૫

તા. ૩ અંગ્રેજો પહેલવહેલા હિંદુસ્તાનમાં આવી સૂરત બંદરે ઊતર્યા. ૧૬૦૮

તા. ૪ માલવીયજી અને ડૉ. ઍની બૅસન્ટના પ્રયાસથી બનારસ હિંદુ વિદ્યાપીઠની સ્થાપના, ૧૯૧૫

તા. ૬ પં. મોતીલાલ નહેરૂનું અવસાન, ૧૯૩૧

તા. ૧૨ ઉત્ક્રાંતિવાદના આચાર્ય ચાર્લ્સ રોબર્ટ ડાર્વિનનો જન્મ, ૧૮૦૯

તા. ૧૭ હિંદી પ્રજાએ જલિયાંવાલા બાગ પાંચ લાખે ખરીદ્યો, ૧૯૨૦; ક્રાંતિકાર વાસુદેવ બળવંત ફડકેનું અવસાન, ૧૮૮૩

તા. ૨૫ કવિ નર્મદાશંકરનું અવસાન, ૧૮૮૬

તા. ૨૬ ૧૮૫૭ના બળવાની શરૂઆત

તા. ૨૮ કલકત્તા, મદ્રાસ તથા મુંબાઈમાં ટેલીફોન દાખલ થયા, ૧૮૮૨

આ માસની વ્યક્તિવિશેષ

ડૉ. સર મહમ્મદ ઇકબાલ



'સારે જહાંસે અચ્છા, હિંદોસ્તાં હમારા' ના કાવ્યથી હિંદખ્યાત થએલા શાયર ડૉ. સર મહમ્મદ ઈકબાલનો જન્મ કાશ્મીરના હિંદુ સપ્રુ વંશમાંથી ઊતરી આવેલા, મધ્યમ વર્ગના ધર્મચુસ્ત સૂફી મુસ્લિમ કુટુંબમાં ૧૮૭૩ની ૨૨મી ફેબ્રુઆરીએ સિયાલકોટ મુકામે થએલો. મકતબ ને અંગ્રેજી શાળામાં શિક્ષણ મેળવી સ્કૉચ મિશન કૉલેજમાં મહાન પ્રોફેસર વિદ્વાન સૈયદ મીર હસનની ખૂબ પ્રેરણા મેળવી તેઓ લાહોરની ગવર્નમેન્ટ કૉલેજમાંથી એમ. એ.માં પહેલા આવ્યા.

બચપણથી જ કવિતાનો છંદ લાગેલો હોવાથી વખતોવખત મુશાએરામાં જતા. અને અરબી તથા ફારસી પરના પ્રભુત્વને લઈ કાવ્યમાં સચોટતા આણવાની હથોટી તેમને બેસી ગઈ હતી. એ અરસાના ઘણા ઊગતા કવિઓ માફક તેમણે પણ પોતાનાં કાવ્યો સુધારવા માટે નિઝામના હરત[illegible]મહાકવિ 'દાગ'ને મોકલવા માંડેલાં. 'દાગે' તેમની અસાધારણ શક્તિ પિછાની લઈ થોડા વખતમાં જ તેમને લખી નાખ્યું કે તમારાં કાવ્યો સુધારવાં પડે એવાં નથી હોતાં.

થોડો વખત ઓરિએન્ટલ કૉલેજમાં ઇતિહાસ અને તત્ત્વજ્ઞાનના પ્રોફેસર તરીકે કામ કરી ૧૯૦૫ની ૨જી સપ્ટેમ્બરે ઇંગ્લંડ ગયા. ત્યાં ફિલસૂફી સાથે જ એમણે કાયદાનો અભ્યાસ કર્યો ને થોડો વખત લંડન યુનિવર્સિટીમાં અરબીના અધ્યાપક તરીકે પણ કામ કર્યું.

શરૂઆતના પ્રયાસો બાદ કરતાં તે જાહેરમાં ૧૮૯૯માં પ્રકાશ્યા. અંજુમને હિમાયતે ઈસ્લામના વાર્ષિક મેળાવડામાં મિત્રોના દબાણને વશ થઈ એમણે મુશાએરામાં ભાગ લઈ 'નાલએ યતીમ' (અનાથનો નિશ્વાસ) ગાયું ત્યારથી એમની કીર્તિ વહેતી થઇ, અને જોતજોતાંમાં તેમણે હિંદના અગ્રેસર કવિનું સ્થાન મેળવ્યું. ૧૯૨૧માં 'હિમાલા' પ્રકટ કરી એમણે જગભરમાં નામના મેળવી. અને પોતાની શાએરીથી ઉર્દૂ ભાષાને પ્રબળ વેગ આપી અગાઉ કયારે ય નહોતી એટલી સમૃદ્ધ તેને બનાવી.

યુરોપથી પાછા ફરતાં એમની રાષ્ટ્રવાદી દૃષ્ટિ પલટાઇ. 'હિમાલા,' 'હમારા દેશ,' 'નયા શિવાલા' વગેરેમાં રાષ્ટ્રીયતાની ટોચે પહોંચનાર પર ઇટલીએ ટ્રિપોલી પર કરેલા આક્રમણે ઘેરી અસર કરી. અને જગતભરના ઇસ્લામીઓને પરસ્પર સહાનુભૂતિ કેળવી, સંગઠિત બની ઉત્થાન સાધવાની બાંગ પોકારી. 'સારે જહૉંસે અચ્છા હિંદોસ્તાઁ હમારા'ના એ ગાયકે 'મુસ્લીમ હે હમ વતન હે સારા જહૉં હમારા' ગાયું; અને 'પાન ઈસ્લામિઝમ' નો ઝંડો ઊંચકી 'પાકિસ્તાન'ની આખી ચળવળ ઉપાડી તેના એ પ્રમુખ પુરસ્કર્તા બન્યા, પણ આ કોમવાદ બહુ ન ટકયો.

પત્નીના મરણના આઘાતે તેઓના વિચારોમાં ફરી ઝોક આવ્યો. સઘળી સંકુલ સીમાઓ ઓળંગી એ માનવતાના નૈતિક ને સાંસ્કૃતિક સમન્વયના જ્યોતિર્ધર બન્યા ને ઓચિંતા નાની શી બિમારી ભોગવી ૧૯૩૮ની ૨૧મી એપ્રિલે બહિશ્તનશીન થયા.

આ માસનો પ્રસંગ-વિશેષ : અંગ્રેજોનું હિંદમાં આગમન :

હિંદની અઢળક ધન દોલતથી આકર્ષાઈ યુરોપની પ્રજાઓએ આજથી ૪૦૦ વર્ષ પહેલાં હિંદ પહોંચવાનો ટૂંકો જળમાર્ગ શોધી કાઢવાના જે પ્રયત્નો શરૂ કર્યા તેમાં સૌ પહેલા ફાવ્યા પોર્ચુગીઝો; પછી આવ્યા ડચો. તેમને હિંદનો માલ ખરીદી પરદેશ વેચવાના વેપારમાં મબલખ ધન કમાતા જોઈ અંગ્રેજોને પણ હિંદ સાથે વેપાર શરૂ કરવાની ઈચ્છા થઈ. એતદર્થે તેમણે ઇંગ્લંડમાં ઈસ્ટ ઇંડિયા કંપનીની સ્થાપના કરી અને 'હેકટર' નામનું પહેલું અંગ્રેજ વહાણ ઇંગ્લંડથી હિંદ આવવા નીકળ્યું. તે ઇ. ૧૬૦૮ના ફેબ્રુઆરીની ૩જીએ હિંદના તે વખતના ધીકતા સૂરત બંદરે પહોંચ્યું. જળમાર્ગે હિંદ આવી હિંદની ભૂમિ પર પ્રથમ પગ મૂકનાર અંગ્રેજ હતો એ જહાજનો કપ્તાન હૉકિન્સ. તેણે આગ્રા પહોંચી પોતાના રાજા જેમ્સનો કાગળ હિંદના બાદશાહ જહાંગીરને આપ્યો. તે વખતે કોને કલ્પના સરખી પણ હતી કે હજારો માઈલથી વેપાર કરવાને આવેલી પશ્ચિમની અર્ધસંસ્કૃત જે પ્રજાનો એ પ્રતિનિધિ ઘૂંટણીએ પડી બાદશાહ જહાંગીર આગળ વેપાર કરવા દેવાની વિનતિ કરી રહ્યો હતો તે જ પ્રજાના વંશજો હિંદ પર સામ્રાજ્ય જમાવી લગભગ દોઢ સદી સુધી એકચક્રી રાજ્ય કરશે ?

નથી હીરા, નથી મોતી, નથી રાજા, નથી રાણી,
અમારા તાજમાં વનકેસરીની કેશવાળી છે.

—વેણીભાઈ પુરોહિત—

ઑસ્ટ્રિયા સામેના યુદ્ધમાં ફ્રેન્ચ લશ્કરને એક પુલ પર થઇ જવાનું હોવાથી દુશ્મનની ગોળીઓના તાસીરા સામે સૈનિકો પાછા હઠવા માંડ્યા, ત્યારે નેપોલિયને મોખરે આવી તેમને દોરતાં કહેલું: 'ચાલો મારી પાછળ!'

પાછળથી નેપોલિયન સેંટ હેલીનામાં કેદ હતો ત્યારે કોઈ તેની પાસે એ સંગ્રામની હકીકત વાંચતું હતું, તેમાં નેપોલિયનના પરાક્રમનાં વખાણ કરી લખેલું હતું કે સૌથી પહેલો પુલ તેણે ઓળંગેલો. એ સાંભળીને તરત નેપોલિયન બોલ્યો: 'ના, એ ભૂલ છે; પુલ સૌથી પહેલો ઓળંગનાર સરદાર લેની હતો; હું તેની પાછળ હતો.' કેટલી સત્યપ્રિયતા ને કેટલી નિરભિમાનિતા!

અનેકાર્થી શબ્દ: **ચોકડી** = × આવી આકૃતિ; પાણી ઢોળવા માટે કરવામાં આવતી સગવડ; ચાર જણાની ટોળી—જેમકે ચંડાળચોકડી; ચાર ઘોડા જોડેલી ગાડી.

કહેવતોના અર્થ: 'પુત્રનાં લક્ષણ પારણામાંથી ને વહુનાં લક્ષણ બારણામાંથી'—આગમન સાથે જ જેની તાસીર, સ્વભાવ, હૈવત આદિનું માપ નીકળી જાય તેવા માણસો(કે પ્રસંગ)નું વર્ણન કરતી આ કહેવતને મળતી બીજી કહેવતો: 'લશ્કરકા ભેદ પાયા કે આગુ સે ગદ્ધા આયા'—એટલેકે હાથી-ઘોડા નહિ પણ ગધેડા જ મોખરે જણાવાથી લશ્કર નબળું હોવાનું જણાઈ આવ્યું;' 'બેસતો રાજા ને આવતી વહુ'=ભાર પડ્યો તે પડ્યો; 'ચડતાનાં ચિહ્ન આગળથી'; વગેરે.

ટ્યૂબ વિનાની આંટાવાળી ફાઉન્ટન પેન ઊભરાઈ જતી હોય તો તેના આંટા પર વેસેલીન લગાડવાથી અટકશે. (ઈ. હા. વ્યાસ)

તમે જાણો છો?

સૅમ્યુઅલ વેલેસ્લી નામના લેખકે ૬૦ વર્ષ પહેલાં પોતે લખેલું ૩૦૦ પાનાંનું લખાણ કેવળ સ્મરણશક્તિના જ બળે એક પણ ભૂલ વગર ફરી લખી બતાવેલું! ● પ્રખ્યાત કવિ મિલ્ટનને હોમરનું ગ્રીક ભાષાનું કાવ્ય મોઢે હતું. ● ઘરમાં કૂંડાંમાં રાખેલાં ફૂલઝાડને જો સાબુના પાણીથી છંટકારવામાં આવે તો તે સારો વિકાસ પામે છે. ● સ્વિટ્ઝર્લૅન્ડમાં કાચમાંથી બનાવેલા વજન વડે તોલ કરવામાં આવે છે. ● રશિયામાં લગ્ન માટે કોલ તરીકે એકબીજાને અપાતી વીંટી તર્જની આંગળીએ પહેરાય છે. ● ગૉલ્ફની રમત સો પહેલી જેમ્સ પહેલાએ ઇંગ્લંડમાં શરુ કરેલી. ● ૧૮મા સૈકાના પ્રખ્યાત વૈજ્ઞાનિક જોસેફ પ્રિસ્ટલેએ ઠંડાં પીણાં શોધી કાઢેલાં. ● દક્ષિણ આફ્રિકાનો માઉન્ટ કૅટોપૅક્સી (ઊંચાઇ ૧૯, ૬૬૬ ફૂટ) અત્યારે સૌથી વધુ જાગ્રત જ્વાળામુખી છે.

(ગણિતગમ્મત)

(૧)+(૧+૨) . . . . = $૨^{૨}$

(૧+૨ +(૧+૨+૩) . . . . = $૩^{૨}$

(૧+૨+૩)+(૧+૨+૩+૪). . . . . . . = $૪^{૨}$

(૧+૨+૩+૪)+(૧+૨+૩+૪+૫) . . . . . = $૫^{૨}$

(૧+૨+૩+૪+૫)+(૧+૨+૩+૪+૫+૬) . . . . = $૬^{૨}$


(૧+૨+૩+૪+૫+૬)+(૧+૨+૩+૪+૫+૬+૭). . . = $૭^{૨}$


(૧+૨+૩+૪+૫+૬+૭)+(૧+૨+૩+૪+૫+૬+૭+૮) . = $૮^{૨}$

(૧+૨+૩+૪+૫+૬+૭+૮)+(૧+૨+૩+૪+૫+૬+૭+૮+૯) = $૯^{૨}$

અને એ પ્રમાણે આગળ ગમે ત્યાં સુધી. (મ. ના ખત્રી)

● સૌથી મોટી આગબોટ ક્વીન મેરીમાં ૧૫ હજાર મુસાફરો આસાનીથી મુસાફરી કરી શકે છે. ● એક પેન્સિલથી આશરે ૫૦ માઇલ લાંબી લીટી દોરી શકાય છે. ● આખા જગતના નિરક્ષર લોકો પૈકી ½ એકલા **હિંદમાં છે.**






કલાકણિકા: મોર-મંડિત પાંખિયાંવાળી સુંદર સૂડી.



મથાળે: ગઇ ૨૬મી જાન્યુઆરીએ ભારત-પ્રજાસત્તાકની જાહેરાત થઇ ને ભારતના પ્રથમ પ્રમુખ ચુંટાયા તે વખતે દિલ્હીના રાજભવન પર ચડાવવામાં આવેલા, પ્રમુખના નવા ધ્વજનું આલેખન. એમાં કાટખૂણે સામસામા આવતા બે લંબચોરસનો રંગ વાદળી અને બાકીના બેનો લાલ છે. એ લંબચોરસો પૈકી એકમાં સિંહ-મંડિત રાજમુદ્રા (જુઓ આ પાનાના મથાળાની કાવ્ય-લીટી), બીજામાં હાથી, ત્રીજામાં ત્રાજવું અને ચોથામાં કમલ-પાત્ર છે. સારનાથના પ્રાચીન અશોક-સ્તંભ ઉપરથી લીધેલી ત્રણ સિંહ-મંડિત રાજમુદ્રા એકતા, સમાનતા અને બંધુભાવ દર્શાવે છે; અંજતામાંથી લીધેલો હાથી ધૈર્ય, બળ અને ગૌરવનું પ્રતીક છે; દિલ્હીના લાલ કિલ્લામાંથી લીધેલું ત્રાજવું ન્યાય તથા કરકસર દાખવે છે; અને સારનાથમાંથી લેવાએલું કમળપાત્ર (પૂર્ણઘટ) સમૃદ્ધિ ને આબાદીનું દ્યોતક છે. નીચેનું ચિત્ર: હિંદ સ્વતંત્ર થયા પછી ઈંગ્લંડના રાજાએ 'હિંદના શહેનશાહ'નો ખિતાબ છોડી દીધો, એટલે તે મુજબ જે સુધારા કરવા પડેલા તેની પ્રતીતિરૂપ પૂર્વ આફ્રિકાના શિલિંગના સિક્કાની છાપ. પહેલું ચિત્ર જૂના શિલિંગનું છે. જેમાં રાજાના મહોરાની ચોમેર Et India Imperator (હિંદના શહેનશાહ) એવા શબ્દો છે, જ્યારે છેલ્લા ચિત્રમાં બતાવેલા નવા શિલિંગમાંથી તે કમી કરવામાં આવ્યા છે. વચલું ચિત્ર તો બંને શિલિંગની પાછલી બાજુએ એકસરખું જ રાખેલું છે, જેમાં આફ્રિકાના સિંહ ને પર્વતનું આલેખન છે.









સૌરાષ્ટ્ર કલાપ્રદર્શનમાંની બીજી થોડી કૃતિઓ : મથાળે : (૧) માછીમારો–કલાકાર : ચેતન; (૨) જયપુર કૉંગ્રેસ–કલાકાર : જગુભાઇ શાહ; નીચે : (૧) ભવાની માતાનું મંદિર, મહુવા–કલાકાર : મનુભાઇ વ્યાસ; (૨) પાળિયા–કલાકાર : કૅપ્ટન નારાયણભાઇ ખેર.



કોઈ જંગલમાં એક સિંહ રહેતો હતો. તે એટલો જબરો હતો કે એનાથી બીજાં બધાં પશુઓ બીને નાસતાં. પોતાના ભક્ષણ માટે એ દરરોજ કેટલાં યે જનાવરોને મારી નાંખતો.

ધીમેધીમે પશુઓની સંખ્યા એટલી ઓછી થવા માંડી કે બધાં ગભરાયાં. શું કરવું તેનો વિચાર કરવા સૌએ ભેગાં મળી એક મોટી સભા બોલાવી. ત્યાં એમ ઠર્યું કે બધાંએ વારા-ફરતી સિંહરાજને પોતાનો ભોગ આપવા જવું, કે જેથી આમ સામટું નુકસાન થતું અટકે.

થોડાંએક પશુઓ વનરાજ પાસે આ નિશ્ચય જણાવવા ગયાં. સૌના વતી એક ડાહ્યું

